©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**[PUBLISHED BY AUTHORITY]**

**Vol. LXVII ]** **THURSDAY, JANUARY 15, 2026 / PAUSA 25, 1947** **[ No. 3**

**Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation**


# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

**CONTENT**

**Part I, Part I-A, Part I-B and Part I-L**


| | | Pages | | | Pages |
|---|---|---|---|---|---|
| Part-I | Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette. | 127-189 | Part-I-B | Government Notifications, Published under Land Acquisition Act only. | 5 |
| Part-I-A | Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette. | 3 | Part-I-L | Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act. | 69-112 |


**પોલીસ કમિશનર દ્વારા**

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ની પેટા કલમ ૩૩(૧)(બી)(સી) મુજબ**

ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/૨૯/૨૦૨૫.–હું જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩(૧)(બી)(સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૫/૯/૨૦૨૫ના રોજ ઈદે મિલાદ ઝુલુસ નિમીત્તે વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ**

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૫/૯/૨૦૨૫ના રોજ ઈદે મિલાદ જુલુસ નિમીત્તે જમાલપુર હેબતખાનની મઝીદ જમાલપુર દરવાજા પાસેથી કલાક ૧૪.૦૦ વાગે ઝુલુસ નીકળી જમાલપુર ચકલા થઈ જે. એલ. હાઈસ્કુલના રસ્તે થઈ ખાસ બજાર કોલસા ગલી થઈ પથ્થરકુવા રીલીફ રોડ થઈ લાલદરવાજા વીજળીઘર થઈ દિનબાઈ ટાવર થઈ મિરઝાપુર કુરેશી ચોકમાં જશે. જે દરમિયાન નીચે મુજબના રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

૧. જમાલપુર ચાર રસ્તાથી ખમાસા તરફ જા કરી શકશે નહી.

૨. રાયખડ ચાર રસ્તાથી ગોળ લીમડા સુધીનો રોડ વાહન વ્યવહાર બંધ રહેશે.

૩. પાનકોર નાકાથી લાલ દરવાજા સુધીનો રોડ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

૪. ઘી-કાંટા ચાર રસ્તાથી વિજળી ઘરથી લાલદરવાજા તરફનો રોડ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

૫. દિલ્હી ચકલાથી મિરઝાપુર રોડ થી લકી હોટલથી વિજળીઘર તરફ આવ-જા કરી શકાશે નહી.

એ.એમ.ટી.એસ. બસો:-

- લાલ દરવાજા થી મિરઝાપુર થઈ દિલ્હી દરવાજા સુધી આવ-જા કરી શકાશે નહી.
- લાલ દરવાજા થી રાયખડ થઈ ખમાસા થઈ આસ્ટોડીયા દરવાજા તરફ આવ-જા કરી શકાશે નહી.

વૈકલ્પિક રૂટ:-

- લાલ દરવાજા થી રૂપાલી સિનેમા કામા હોટલથી શાહપુર ચાર રસ્તા થઈ દિલ્હી દરવાજા તરફ આવ-જા કરી શકાશે.
- એ.એમ.ટી.એસ. બસો લાલ દરવાજા રાયખડથી જમણી બાજુ વળી ગાયકવાડ હવેલી થઈ જમાલપુર ચાર રસ્તા થઈ સ્લોટર હાઉસ ગીટામંદીરથી આસ્ટોડીયા તરફ આવ-જા કરી શકાશે.

**જાહેરનામાની અમલવારીની વિગત**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૫/૯/૨૦૨૫ના બપોર કલાક ૧૪.૦૦ થી ઝુલુસ પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ જરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૪/૯/૨૦૨૫ એ મે. મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

---

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ની પેટા કલમ-૩૩ (૧) (બી) (સી) મુજબ**

ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફીક/૩૦/૨૦૨૫.–હું જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩(૧)(બી)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આગામી તા.૬/૯/૨૦૨૫ના રોજ શ્રી ગણેશ વિસર્જન નિમિત્તે આમજનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ વાહન પાર્કિંગ કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આગામી તા.૬/૯/૨૦૨૫ના શ્રી ગણેશ વિસર્જન નિમિત્તે તમામ પ્રકારના વાહનો (શ્રી ગણેશ વિસર્જન પ્રોસેશન સિવાયના) બપોર કલાક ૧૩.૦૦ વાગ્યાથી નીચે મુજબ પ્રતિબંધિત કરેલ માર્ગ/વિસ્તારના રસ્તા પર અવર-જવર કરી શકશે નહી પરંતુ તેની સામે જણાવેલ વૈકલ્પિક રૂટ પરથી અવર-જવર કરી શકાશે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધીત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | એસ.ટી. (ગીતા મંદીર) થી જમાલપુર બ્રીજ ઉપર થઈ સરદારબ્રિજ થઈ પાલડી તરફ આવ-જા કરી શકાશે નહી. | એસ.ટી. (ગીતા મંદીર) થી જમાલપુર બ્રીજ નીચે (ચાર રસ્તા) થી ડાબી બાજુ બહેરામપુરાથી દાણિલીમડા ચાર રસ્તા થઈ જમણીબાજુ વળી આંબેડકર બ્રીજ થઈ અંજલી ચાર રસ્તાથી પાલડી ચાર રસ્તા થઈ આશ્રમ રોડ ઉપર આવ-જા કરી શકાશે. |

| | | |
|---|---|---|
| ૨. | એસ.ટી. (ગીતા મંદીર) થી રાયપુર ચાર રસ્તા થઈ સારંગપુર સર્કલથી રેલ્વે સ્ટેશનથી કાલુપુર ઈનગેટ તરફ આવ-જા કરી શકાશે નહી. | એસ.ટી.થી ભુલાભાઈ ચાર રસ્તા થી કાંકરીયા ચોકી થઈ અપ્સરા સિનેમા ચાર રસ્તા થઈ ઝઘડીયા ઓવરબ્રિજ થઈ અનુપમ સિનેમા થઈ ગોમતીપુર રેલ્વે કોલોની થઈ કાળીદાસ ચાર રસ્તા થઈ સરસપુર આંબેડકર હોલ થઈ કાલુપુર બ્રીજ થઈ રેલ્વે સ્ટેશન ઈનગેટ તથા નરોડા તરફ આવ-જા કરી શકાશે. |
| ૩. | કાલુપુર રેલ્વે સ્ટેશનથી સારંગપુર સર્કલ થઈ કાગડાપીઠથી રાયપુર ચાર રસ્તાથી આસ્ટોડીયા દરવાજાથી ખમાસા ચાર રસ્તાથી વિકટોરીયા ગાર્ડનથી એલીસબ્રિજ થી ટાઉન હોલ સર્કલ સુધી આવ-જા કરી શકાશે નહી. | કાલુપુર રેલ્વે સ્ટેશન થઈ કાલુપુર સર્કલ થઈ કાલુપુર બ્રીજ થઈ આંબેડકર હોલ થઈ માણેકલાલ મિલ થઈ કાળીદાસ ચાર રસ્તા થઈ ગોમતીપુર રેલ્વે કોલોની થઈ અનુપમ સિનેમા થઈ ગાયત્રી ડેરી થઈ ઝગડીયા બ્રિજ થઈ અપ્સરા સિનેમા ચાર સ્તાથી ડાબી બાજુ વળી દાણીલીમડા ચાર રસ્તાથી સીધા આંબેડકર બ્રીજ થઈ અંજલી સર્કલથી પાલડી થઈ આશ્રમ રોડ ઉપર આવ-જા કરી શકાશે. |
| ૪. | રખિયાલ ચાર રસ્તાથી કાળીદાસ ચાર રસ્તાથી ચારતોળા કબ્રસ્તાન થઈ ચતુરસિંગ ની ચાલી (ડબ્બા બજાર) થઈ સરસપુર ITI ચાર રસ્તા થઈ ગુરુદ્વારા ચાર રસ્તા સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | રખિયાલ ચાર રસ્તા થઈ ગરીબ નગર ચાર રસ્તા થઈ મેમ્કો ચાર રસ્તા થઈ નરોડા ફ્રુટ માર્કેટ થઈ કાલુપુર બ્રિજ તરફ અવર જવર કરી શકાશે. |
| ૫. | (એ) દિલ્હી દરવાજાથી નમસ્તે સર્કલથી ટ્રાફિક ભવન (જુની પોલીસ કમિશનરશ્રીની કચેરી) થી કેન્દ્રીય વિદ્યાલય કટથી ડાબી બાજુ વળી તાવડીપુરા પોલીસ લાઈનથી દધિચિ બ્રીજ સુધીનો માર્ગ વાહનોની અવર-જવર માટે બંધ રહેશે.<br>(બી) દિલ્હી દરવાજાથી લીમડા ચોકથી લીથો પ્રેસ હનુમાનપુરા કટથી દધિચી બ્રીજ સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | (એ) દિલ્હી દરવાજાથી દરીયાપુર સર્કલથી ઈદગાહ સર્કલથી અસારવા બ્રીજનો ઉપયોગ કરી ડાબી બાજુ થઈ બળીયા લીમડી ચાર રસ્તા થી ડાબી બાજુ થઈ ગીરધરનગર સર્કલથી મહારાજ પ્રજ્ઞાસ્વામી બ્રીજ નીચેથી અંડરબ્રીજ સર્કલ થી અવર જવર કરી શકાશે.<br>(બી) દિલ્હી દરવાજાથી શાહપુર ચાર રસ્તાથી શંકરભુવન ટી થી ગાંધીબ્રીજથી ઈન્કમટેક્ષથી અવર જવર કરી શકાશે. |
| ૬. | રિવરફ્રન્ટનો પશ્ચિમ માર્ગ:<br>વાડજ સ્મશાન ગૃહ કટથી શરુ થતો પશ્ચિમનો આંબેડકર બ્રીજ નીચે સુધીનો રિવરફ્રન્ટનો જતો-આવતો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે. | વૈકલ્પિક માર્ગ: (આશ્રમ રોડ)<br>વાડજ સ્મશાન ગૃહ કટથી વાડજ સર્કલ થઈ ઉસ્માનપુરા ચાર રસ્તા થઈ ઈન્કમટેક્ષ ઓવર બ્રીજ મધ્ય ભાગ થઈ બાટા શો રૂમ ચાર રસ્તા થઈ ડિલાઈટ ચાર રસ્તા થઈ નહેરુબ્રીજ ચાર રસ્તા થઈ ટાઉન હોલ ચાર રસ્તા થઈ અંજલી ઓવર બ્રીજ મધ્ય ભાગ થઈ અવર જવર કરી શકાશે. |
| ૭. | રિવરફ્રન્ટનો પુર્વ માર્ગ:<br>પીકનીક હાઉસ રિવરફ્રન્ટથી શરૂ થતો પુર્વનો આંબેડકર બ્રીજ નીચે સુધીનો રિવરફ્રન્ટનો જતો-આવતો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે. | ડફનાળા ચાર રસ્તા થઈ શાહીબાગ અંડર્બ્રીજ થઈ નમસ્તે સર્કલ થઈ દિલ્હી દરવાજા થઈ મિરઝાપુર રોડ થઈ વીજળીઘર તેમજ લાલ દરવાજા રોડનો અવર-અવર માટે ઉપયોગ કરી શકાશે. |

તેમજ ઉપર્યુકત પ્રતિબંધીત કરેલ તથા ટ્રાફિક માટે ડાયવર્ટ કરેલ તમામ માર્ગો ઉપર કોઈપણ પ્રકારનું વાહન પાર્કિંગ કરી શકાશે નહી. જેથી ઉકત તમામ માર્ગો 'નો-પાર્કિંગ ઝોન' તરીકે જાહેર કરવામાં આવે છે.

**અપવાદ :** પોલીસ વિભાગની પુર્વ મંજુરી મેળવેલ હોય તેવા સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગુ પડશે નહી.

## જાહેરનામાની અમલવારીની વિગત

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૬/૯/૨૦૨૫ના બપોર કલાક ૧૩.૦૦ થી શ્રી ગણેશ વિસર્જન પુર્ણ ન થાય ત્યાં સુધી જરૂરીયાત મુજબ પોલીસ દ્વારા અમલવારી કરાવવામાં આવે ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ જરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૪/૯/૨૦૨૫ એ મે. મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

**જી.એસ.મલિક**
પોલીસ કમિશનર
અમદાવાદ-(શહેર)

---------------------------

## :: જાહેરનામું ::

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે. -:**

ક્રમાંકઃ એસ.બી/ DY.SO -પરીક્ષા /૧૮૧/૨૦૨૫.–ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી તા.૦૭/૦૯/૨૦૨૫ રવિવારના રોજ ક.૧૧/૦૦ થી ક.૧૩/૦૦ વાગ્યા સુધી નાયબ સેકશન અધિકારી તથા નાયબ મામલતદાર વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી)ની પરીક્ષા સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

### :: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્ર થી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા /લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

### :: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

નાયબ સેકશન અધિકારી તથા નાયબ મામલતદાર વર્ગ-૩ પરીક્ષાના કેન્દ્રો

| અ.નં | પરીક્ષા કેન્દ્રનું નામ (હાઈસ્કુલ) |
|---|---|
| ૧ | ૨ |
| | ઉમરા પોલીસ સ્ટેશન |
| ૧ | શારદાયતન હાઈસ્કૂલ ગુ.મા. યુનિટ-૧ કારગીલ ચોક ,પીપલોદ હાઈસ્કૂલ (વિકલાંગ માટે) |
| ૨ | શારદાયતન હાઈસ્કૂલ ગુ.મા. યુનિટ-૨ કારગીલ ચોક ,પીપલોદ હાઈસ્કૂલ(વિકલાંગ માટે) |
| | રાંદેર પોલીસ સ્ટેશન |
| ૩ | સંસ્કારભારતી વિદ્યાલય, ગુ.મા., પાલનપુર પાટીયા, સુરત |
| ૪ | સંસ્કારભારતી વિદ્યાલય, અં.મા., પાલનપુર પાટીયા, સુરત |
| ૫ | એમ.એમ.પી.હાઈસ્કૂલ હનુમાન ગલી , બોટાલાવાલા માર્ગ રાંદેર રોડ સુરત |
| ૬ | એ.એ.મોલ્લા & એમ.એ.નાના ગર્લ્સ હાઈસ્કૂલ , હનુમાન ગલી , બોટાલાવાલા માર્ગ રાંદેર રોડ સુરત |
| ૭ | પીપરડીવાલા ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ , એસ.વી. પટેલ રોડ રાંદેર સુરત |

| | |
|---|---|
| ૮ | ધ પંચશીલ મર્કન્ટાઇલ કો.ઓ.પો.બેંક માધ્યમિક શાળા - યુ.-૧ પાલનપુર પાટીયા રાંદેર રોડ |
| ૯ | ધ પંચશીલ મર્કન્ટાઇલ કો.ઓ.પો.બેંક માધ્યમિક શાળા- યુ.-૨ પાલનપુર પાટીયા રાંદેર રોડ |
| ૧૦ | પ્રેસીડેન્સી સ્કુલ, યુનિટ-૧ પ્રગતિ સોસા. સુદામા હોટલની પાછળ, તાડવાડી, રાંદેર, સુરત |
| ૧૧ | પ્રેસીડેન્સી સ્કુલ, યુનિટ-૨ પ્રગતિ સોસા. સુદામા હોટલની પાછળ, તાડવાડી, રાંદેર, સુરત |
| ૧૨ | ધ રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૧ ઉગત કેનાલ રોડ, જહાંગીરબાદ, સુરત |
| ૧૩ | ધ રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૨ ઉગત કેનાલ રોડ, જહાંગીરબાદ, સુરત |
| ૧૪ | લોકમાન્ય હાઈસ્કુલ, મોટી ફળી રાંદેર સુરત |
| ૧૫ | સેવન સ્ટેપ સ્કુલ યુનીટ-૦૧ રોયલ ટાઈટેનીયમ ની સામે પાલનપુર કેનાલ રોડ અડાજણ |
| ૧૬ | શ્રી સ્વામીનારાયણ માધ્યમિક શાળા રામનગર રાંદેર સુરત |
| | અડાજણ પોલીસ સ્ટેશન |
| ૧૭ | શ્રી સરસ્વતી વિદ્યાલય, હનીપાર્ક, યુનિટ-૧ અડાજણ, સુરત |
| ૧૮ | શ્રી સરસ્વતી વિદ્યાલય, હનીપાર્ક, યુનિટ-૨ અડાજણ, સુરત |
| ૧૯ | એલ.એચ. બોઘરા હાઇસ્કુલ,યુનિટ-૧ અડાજણ રોડ, પાણીની ટાંકી સામે, સુરત. |
| ૨૦ | એલ.એચ. બોઘરા હાઇસ્કુલ,યુનિટ-૨ અડાજણ રોડ, પાણીની ટાંકી સામે, સુરત. |
| ૨૧ | સેનૂટમાર્કસ હાઇસ્કુલ કરણપાર્ક પાછળ, હરીદ્વાર સોસા .પાસે અડાજણ સુરત. |
| ૨૨ | શ્રીમતિ આઈ.એન.ટેકરાવાલા હાઇસ્કૂલ , પાલનપુર પાટીયા અડાજણ સુરત |
| ૨૩ | શાંતીનિકેતન વિદ્યાવિહાર વર્ષા સોસા .પાલનપુર પાટીયા રાંદેર રોડ સુરત |
| ૨૪ | સીટીઝન સેકન્ડરી ઈંગ્લીશ મીડિયમ સ્કુલ, મંગલ તીર્થ એપા.ની પાસે, હનીપાર્ક રોડ, સુરત. |
| ૨૫ | શ્રીમતિ એલ.પી.સવાણી વિદ્યાભવન ગુ.મા., એલ.પી.સવાણી સર્કલની બાજુમાં હનીપાર્ક રોડ અડાજણ સુરત |
| ૨૬ | શ્રીમતિ એલ.પી.સવાણી વિદ્યાભવન અં.મા., એલ.પી.સવાણી સર્કલની બાજુમાં હનીપાર્ક રોડ અડાજણ સુરત |
| ૨૭ | શ્રી એચ.એમ.બચકાનીવાલા સરદાર હાઈસ્કૂલ પાલનપુર પાટીયા અડાજણ સુરત. |
| ૨૮ | રીવરડેલ એકેડમી યુનીટ-૧ એલ.પી. સવાણી રોડ ટોયોટા શો- રૂમ પાસે અડાજણ. |
| ૨૯ | રીવરડેલ એકેડમી યુનીટ-૧ એલ.પી. સવાણી રોડ ટોયોટા શો- રૂમ પાસે અડાજણ. |
| ૩૦ | શ્રીમતિ એલ.એન.બી. દાલીયા હાઈસ્કુલ કવિ કલાપી ગાર્ડન પાસે અડાજણ સુરત. |
| ૩૧ | વિદ્યાકુંજ માધ્યમિક શાળા ઇંગ્લીશ મીડીયમ, વૃંદાવન સોસા. રાંદેર |
| ૩૨ | વિદ્યાકુંજ , ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ ન્યુ પ્રથમ રોહાઉસ પાલનપૂર પાટીયા સુરત |
| | પાલ પોલીસ સ્ટેશન |
| ૩૩ | સરદાર પટેલ વિદ્યાલય, પાલ, અડાજણ |

**નોંધ :- સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કુલ- ૩૩ કેન્દ્રો છે.**

**:: અપવાદ ::**

**વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.**

(૧) ઉપરોક્ત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૦૭/૦૯/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૦૭/૦૯/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૦૪/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---

**:: જાહેરનામું ::**

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે -:**

ક્રમાંક:એસ.બી./બીચ-બંધ/ ૧૮૨ /૨૦૨૫.–સુરત શહેરમાં દર વર્ષે ગણેશ મહોત્સવનો તહેવાર ખૂબ ઉત્સાહ અને ધામધુમ પૂર્વક મનાવવામાં આવે છે. સુરત શહેરમાં આ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થયેલ છે જયારે શ્રીગણેશજીની પ્રતિમાઓનું વિર્સજન, સરઘસ અને શોભાયાત્રા સાથે તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ નીકળનાર છે. સ્થાપના થયા તારીખથી વિર્સજનની તારીખના દિવસો દરમ્યાન ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. તેમજ મૌસમ વિભાગની આગાહી મુજબ વાતાવરણ ખરાબ હોય જેથી આ સમય દરમિયાન કોઇ પણ વ્યક્તિઓ દરીયા કિનારે ફરવા તેમજ દરીયાના પાણીમાં ન જાય અને કોઇ જાનહાની કે નુકશાન ન થાય અને કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ તકેદારીના ભાગરૂપે પગલા લેવા સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ સુવાલી દરીયા કાંઠાની નજીકના બીચ વિસ્તારમાં તાત્કાલિક અસરથી જરૂરી પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

**:: હુ ક મ ::**

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છુ.

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં આવેલ સુવાલી બીચ વિસ્તારમાં લોકોને દરીયા કિનારે ફરવા તેમજ દરીયાના પાણીમાં જવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) વિસર્જનના ડુમ્મસ, મગદલ્લા, અને હજીરા બીચ સિવાય અન્ય બીચ ઉપર ફરવા જવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**:: અપવાદ ::**

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી ફરજમાં અથવા સરકારી કામગીરીમાં રોકાયેલ હોય તેવા તમામ સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ.

(૨) ગણેશ વિસર્જન કરવા જતા કે વિસર્જન પ્રક્રિયામાં જોડાયેલ કોઇ પણ વ્યક્તિઓ.

**:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૬/૦૯/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૦૭/૦૯/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા - ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટ્ન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા - ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.:૦૪/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

---

**:: જાહેરનામું ::**

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે -:**

ક્રમાંક: એસ.બી/ઈદ-એ-મિલાદ/૧૮૩/૨૦૨૫.–આગામી તા.૦૭/૦૯/૨૦૨૫ના રોજ મુસ્લીમ સંપ્રદાયનો ધાર્મિક તહેવાર "ઈદ-એ-મિલાદ" ઉજવવામાં આવનાર છે. આ તહેવાર નિમિત્તે સુરત શહેરમાં મુસ્લીમ બિરાદરો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં મુસ્લીમ સમુદાયના આગેવાનો/ઝુલુસના આયોજકો દ્વારા ઝુલુસ અલગ-અલગ પો.સ્ટે. વિસ્તારના, વિસ્તારમાંજ રૂટ બનાવી અલગ-અલગ સમયે નિકળનાર હોય અને એજ. પો.સ્ટે. વિસ્તારમાં પૂર્ણ થનાર છે.

આ તહેવાર દરમિયાન કોમી-એકતા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે કેટલાક પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ નીચે મુજબ હુકમ કરુ છું.

**:: પ્રતિબંધિત કૃત્યો ::**

(૧) "ઈદ-એ-મિલાદ" ના ઝુલુસમાં વાહન તરીકે ભારે વાહનો, ટ્રક જેવા વાહનોનો ઉપયોગ કરવા પર,

(૨) "ઈદ-એ-મિલાદ" ના ઝુલુસમાં કોઈ ધર્મની લાગણી દુભાય તેવા સુત્રોચ્ચારો, ભાષણો, પોસ્ટરો કે અસભ્ય ગીતો ગાવા કે વગાડવા પર.

(૩) પાણી વહેંચવા માટે પાઉચનો ઉપયોગ કરવા પર.

(૪) વગર પરવાનગીએ "ઈદ-એ-મિલાદ" નુ ઝુલુસ કાઢવા પર.

(૫) "ઈદ-એ-મિલાદ" નુ ઝુલુસ પોતાના પો.સ્ટે. વિસ્તારમાં મંજુર થયેલ રૂટ સિવાયના વિસ્તારમાં કાઢવા પર.

**:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૭/૦૯/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૦૮/૦૯/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટ્ન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.:૦૪/૦૯/૨૦૨૫ ના રોજ મારા સહી અને સિકકો કરી આપેલ છે.

---

**:: જાહેરનામું ::**

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે -:**

ક્રમાંકઃ એસ.બી/ DY.SO -પરીક્ષા-સુધારા /૧૮૪/૨૦૨૫.–ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી તા.૦૭/૦૯/૨૦૨૫ રવિવારના રોજ ક.૧૧/૦૦ થી ક.૧૩/૦૦ વાગ્યા સુધી નાયબ સેકશન અધિકારી તથા નાયબ મામલતદાર વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી) ની પરીક્ષા સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

**:: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::**

(૧) પરીક્ષા કેન્દ્ર થી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા /લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

(૫) પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં માઈક/લાઉડ સ્પીકર વગાડવુ નહી.

**:: પ્રતિબંધિત વિસ્તાર ::**

સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

**નાયબ સેકશન અધિકારી તથા નાયબ મામલતદાર વર્ગ-૩ પરીક્ષાના કેંદ્રો**

| અ.ન | પરીક્ષા કેન્દ્રનું નામ (હાઈસ્કુલ) |
|---|---|
| ૧ | ૨ |
| ઉમરા પોલીસ સ્ટેશન | |
| ૧ | શારદાયતન હાઈસ્કૂલ ગુ.મા યુનિટ-૧ કારગીલ ચોક, પીપલોદ હાઈસ્કૂલ (વિકલાંગ માટે) |
| ૨ | શારદાયતન હાઈસ્કૂલ ગુ.મા યુનિટ-૨ કારગીલ ચોક, પીપલોદ હાઈસ્કૂલ (વિકલાંગ માટે) |
| રાંદેર પોલીસ સ્ટેશન | |
| ૩ | સંસ્કારભારતી વિદ્યાલય, ગુ.મા., પાલનપુર પાટીયા સુરત |
| ૪ | સંસ્કારભારતી વિદ્યાલય, અં.મા., પાલનપુર પાટીયા, સુરત |
| ૫ | એમ.એમ.પી.હાઈસ્કૂલ હનુમાન ગલી બોટાલાવાલા માર્ગ રાંદેર રોડ સુરત, |
| ૬ | એ.એ.મોલ્લા & એમ.એ. નાના ગર્લ્સ હાઈસ્કૂલ, હનુમાન ગલી, બોટાલાવાલા માર્ગ, રાંદેર રોડ સુરત |
| ૭ | પીપરડીવાલા ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, એસ.વી.પટેલ રોડ રાંદેર સુરત |
| ૮ | ધ પંચશીલ મર્કન્ટાઈલ કો.ઓ.પો.બેંક માધ્યમિક શાળા. - યુ.-૧ પાલનપુર પાટીયા રાંદેર રોડ |
| ૯ | ધ પંચશીલ મર્કન્ટાઈલ કો.ઓ.પો.બેંક માધ્યમિક શાળા:- યુ.-૨ પાલનપુર પાટીયા રાંદેર રોડ |
| ૧૦ | પ્રેસીડેન્સી સ્કુલ, યુનિટ-૧ પ્રગતિ સોસા. સુદામા હોટલની પાછળ, તાડવાડી, રાંદેર, સુરત |
| ૧૧ | પેસીડેન્સી સ્કુલ, યુનિટ-૨ પ્રગતિ સોસા. સુદામા હોટલની પાછળ, તાડવાડી, રાંદેર, સુરત |
| ૧૨ | ધ રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૧ ઉગત કેનાલ રોડ, જહાંગીરબાદ, સુરત |
| ૧૩ | ધ રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૨ ઉગત કેનાલ રોડ, જહાંગીરબાદ, સુરત |
| ૧૪ | લોકમાન્ય હાઈસ્કુલ, મોટી ફળી રાંદેર સુરત |
| ૧૫ | સેવન સ્ટેપ સ્કુલ યુનીટ-૦૧ રોયલ ટાઈટેનીયથમ ની સામે પાલનપુર કેનાલ રોડ અડાજણ |
| ૧૬ | શ્રી સ્વામીનારાયણ માધ્યમિક શાળા રામનગર રાંદેર સુરત |
| અડાજણ પોલીસ સ્ટેશન | |
| ૧૭ | શ્રી સરસ્વતી વિદ્યાલય, હનીપાર્ક, યુનિટ-૧ અંડાજણ, સુરત |
| ૧૮ | શ્રી સરસ્વતી વિદ્યાલય, હનીપાર્ક, યુનિટ-૨ અડાજણ, સુરત |
| ૧૯ | એલ.એચ. બોઘરા હાઈસ્કુલ,યુનિટ-૧ અડાજણ રોડ, પાણીની ટાંકી સામે, સુરત. |
| ૨૦ | એલ.એચ.'બોઘરા હાઈસ્કુલ,યુનિટ-૨ અડાજણ રોડ, પાણીની ટાંકી સામે, સુરત. |
| ૨૧ | સેન્ટમાર્કસ હાઈસ્કુલ કરણપાર્ક પાછળ, હરીદ્વાર સોસા પાસે અડાજણ, સુરત |
| ૨૨ | શ્રીમતિ આઈ.એન.ટેકરાવાલા હાઈસ્કૂલ, પાલનપુર પાટીયા અડાજણ સુરત |
| ૨૩ | શાંતીનિકેતન વિદ્યાવિહાર વર્ષા સોસા પાલનપુર પાટીયા રાંદેર રોડ સુરત. |
| ૨૪ | સીટીઝન સેકન્ડરી ઈંગ્લીશ મીડિયમ સ્કુલ, મંગલ તીર્થ એપાની પાસે, હનીપાર્ક રોડ, સુરત. |
| ૨૫ | શ્રીમતિ એલ.પી.સવાણી વિદ્યાભવન ગુ.મા., એલ.પી.સવાણી સર્કલની બાજુમાં હનીપાર્ક રોડ અડાજણ સુરત |
| ૨૬ | શ્રીમતિ એલ.પી.સવાણી વિદ્યાભવન અં.મા., એલ.પી.સવાણી સકલની બાજુમાં હનીપાર્ક રોડ અડાજણ સુરત |
| ૨૭ | શ્રી એચ.એમ.બચકાનીવાલા સરદાર હાઈસ્કૂલ પાલનપુર પાટીયા અડાજણ સુરત. |

| | |
|---|---|
| ૨૮ | રીવરડેલ એકેડમી યુનીટ-૧ એલ.પી. સવાણી રોડ ટોયોટા શો- રૂમ પાસે અડાજણ, |
| ૨૯ | રીવરડેલ એકેડમી યુનીટ-૧ એલ.પી. સવાણી રોડ ટોયોટા શો- રૂમ પાસે અડાજણ. |
| ૩૦ | શ્રીમતિ એલ.એન.બી. દાલીયા હાઈસ્કૂલ કવિ કલાપી ગાર્ડન પાસે અડાજણ સુરત. |
| ૩૧ | વિદ્યાકુંજ માધ્યમિક શાળા ઇંગ્લીશ મીડીયમ, વૃંદાવન સોસા. રાંદેર |
| ૩૨ | વિદ્યાકુંજ, ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ ન્યુ પ્રથમ રોહાઉસ પાલનપુર પાટીયા સુરત |
| | પાલ પોલીસ સ્ટેશન |
| ૩૩ | સરદાર પટેલ વિદ્યાલય, પાલ, અડાજણ |

**નોંધ :- સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કુલ- ૩૩ કેન્દ્રો છે.**

**:: અપવાદ ::**

**વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.**

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૦૭/૦૯/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૦૭/૦૯/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૦૬/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**અનુપમ સિંહ ગહલૌત**
પોલીસ કમિશનર,
સુરત શહેર.

---

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી)**

હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૧/૨૦૨૫.—હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી)ની સત્તા અન્વયે આગામી તા.૧૭/૯/૨૦૨૫ના રોજ બાપુનગર વિસ્તારમાં આવેલ સોનારીયા બ્લોક ગ્રાઉન્ડ ખાતે 'નમોત્સવ' નો કાર્યક્રમ કરવામાં આવનાર હોય જેમાં VIPs/VVIPs ઉપરાંત મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ:-**

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૭/૯/૨૦૨૫ના રોજ બાપુમગર વિસ્તારમાં આવેલ સોનરીયા બ્લોક ગ્રાઉન્ડ ખાતે 'નમોત્સવ' નો કાર્યક્રમ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલાં લોકપ્રિય અને જાણીતા કલાકારોની ઉપસ્થિતીમાં 'મેગા મ્યુઝીકલ મલ્ટીમીડિયા સો' થનાર છે. જેમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય નાઓ, મંત્રીમંડળ સહીત, અન્ય VIPs/VVIPs તથા વધુ પ્રમાણમાં લોકો આ કાર્યક્રમમાં એકત્રિત થનાર છે. હાલમાં આ કાર્યક્રમની પુર્વ તૈયારી કરવા માટે સોનરીયા બ્લોક ગ્રાઉન્ડ ખાતે વધુ પ્રમાણમાં વાહનો તથા હેવી મશીનરીનો ઉપયોગ કરવામાં આવી રહેલ હોય અને આ જગ્યા ખાતે ટ્રાફિકનું સંચાલન સરળ રીતે ચાલે તે હેતુસર નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધીત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | બાપુનગર જનરલ હોસ્પીટલ થી સોનરીયા બ્લોક (શેઠ સી.એલ. સ્કુલ ત્રણ રસ્તા) સુધીનો જતો-આવતો માર્ગ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત રહેશે. | ૧. સોનરીયા બ્લોક ત્રણ રસ્તાથી રામીની ચાલી સર્કલથી રખિયાલ ચાર રસ્તા તરફ જઈ શકાશે.<br>૨. પ્રકાશ પેટ્રોલ પંપ થી લક્ષ્મી નારાયણ સોસાયટી થઈ એસ.બી. આઈ. બેન્ક ત્રણ રસ્તા તરફ જઈ શકાશે.<br>૩. લા.બ.શા. સ્ટેડીયમ થી હરદાસનગર ચાર રસ્તા (લીમડા ચોક) થી ડાબી બાજુ રખિયાલ મચ્છી માર્કેટ તરફ જઈ શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગુ પડશે નહી.

**જાહેરનામાની અમલવારીની વિગત**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧૫/૯/૨૦૨૫ના કલાક ૧૪.૦૦ થી તા.૧૭/૯/૨૦૨૫ના રોજ કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ જરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૫/૯/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

----------------

**:- જાહેરનામું :-**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/પરમીટ/નો ડ્રોન ફલાય ઝોન/૧૦૬/૨૦૨૫.–માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૩૦/૦૮/૨૦૨૫ તથા તા.૩૧/૦૮/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઈ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઇ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઇક્રો લાઇટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઇડર/ પેરાગ્લાઇડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઇ ફરમાવું છું.

**-: અપવાદ :-**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

**-: વિસ્તાર :-**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૩૦/૦૮/૨૦૨૫ ના કલાક ૧૨/૦૦ થી તા.૩૧/૦૮/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**-: શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

----------------

**વંચાણે લીધા:**-પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગરના જાવક પત્ર ક્રમાંક-G-1/કા.અનેવ્ય./ટે.૨/૦૩/ચરત્ર/૩૨૬/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ આધારે.

**-: જાહેરનામું :-**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.**

ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ઔધોગિક એકમોના કામદારો /૧૦૯/૨૦૨૫. તા.૦૮/૦૯/૨૦૨૫.–અમદાવાદ શહેરમાં ભુતકાળમાં બનેલ લુંટ, ઘાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉદ્યોગમાં, હિરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં તથા પ્રાઈવેટ સેકટરમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી, કારીગરો સોની કામ કરતા પરપ્રાંતિઓ મજુરો વગેરે માલિકોનો વિશ્વાસ કેળવી તેઓ માલિકોની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલકત સબંધિત તેમજ શરીર સબંધિત ગુનાઓ આચર્યા બાદ ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓ વણ શોધાયેલા રહેવા પામે છે તેમજ ઘણાં કિસ્સામાં આવા પરપ્રાંતિઓ તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી અમદાવાદ શહેરમાં આશરો લેતા હોય છે અને ભુતકાળમાં બાંગ્લાદેશી લોકો દ્વારા ઘુષણખોરી કરીને રોજગારી મેળવીને પણ અમદાવાદ શહેરમાં ગુનાખોરી કરેલ હોવાનુ ધ્યાને આવેલ છે જે દેશની આંતરિક સુરક્ષા માટે ગંભીર બાબત છે જેથી દેશની સુરક્ષા માટે તેમજ જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ.

આથી હું જી.સએ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર (ગુજરાત રાજયના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨૦૮૦૧/-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકાળાયેલ તમામ પ્રાઇવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/ કારીગરો/ મજુરો/નોકરોની માહિતી/ હકિકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઇટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એપ્લિકેશન મારફતે ફરજીયાત પણે ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે તથા તે વિગત પોતાની પાસે પણ રાખવાની રહેશે તેમજ આવા તમામ ઇસમોની નાગરિકતાની ખરાઇ અંગેની સુનિશ્ચિતતા કરવાની જવાબદારી જે-તે ઔધોગિક એકમોના માલિક/મેનેજર/સંચાલકની રહેશે સ્થાનિક પોલીસ દ્વારા તથા એ.ઓ.જી, ક્રાઇમ બ્રાન્ચ અન્ય શાખા દ્વારા જ્યારે જ્યારે આ ઇસમોની નાગરિકતાની ખરાઇ અંગે રેકર્ડ માંગે ત્યારે રજુ કરવાનુ રહેશે તેમજ નવા કામદારો લીધેલ હોય તો તેઓની દિન-૦૭ માં ફરજીયાત નોંધણી જે તે એકમ સંચાલકે કરાવવાની રહેશે.

| અ.ન | વિગત |
|---|---|
| ૧ | ઔધોગિક એકમો અને અન્ય એકમો સાથે સંકળાયેલા નામ તથા સરનામું તથા ટેલીફોન નંબર |
| ૨ | કામે રાખેલ નોકરો /મજુરો /કારીગરો /વોચમેનો /માળીઓ /ડ્રાઇવરો / રસોઇયાઓનુ પુરૂ નામ ઓળખ ચિન્હો, હાલનુ પુરૂ સરનામું તેમજ વતનનુ પુરૂ સરનામુ. |
| ૩ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયાઓને રાખ્યાની તારીખ. |
| ૪ | કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે, તેનુ નામ/ સરનામું/ ટેલીફોન નંબર |
| ૫ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયાઓનો ફોટો અને નોકરી વખતે આપવામાં આવેલ દસ્તાવેજ (આધાર કાર્ડ / ડ્રાઈવીંગ લાયસન્સ/ વોટર આઈ.ડી વિગેરે) |

આ હુકમ તા.૧૦/૦૯/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૮/૧૧/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:વિસ્તાર:-**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-:શિક્ષા:-**

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

----------------

**વંચાણે લીધા:-**

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૦૬, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/૪૭૨૨/૨૦૨૫ તા.૦૨/૦૯/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૧, અમદાવાદ શહેર નાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/આરબી/૫૪૯૧/૨૦૨૫ તા.૦૨/૦૯/૨૦૨૫.

**-: જાહેરનામું :-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.**

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/પરમીટ/હથિયારબંધી-જાહેરનામું/૧૧૦/૨૦૨૫.–અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/છરી/ચપ્પુ/ ગુપ્તી/લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૦૯/૦૯/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૩/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**-: કૃત્યો:-**

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઇપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઇપણ ક્ષયધર્મી ( શરીરને હાનિકારક ) અથવા સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**-:વિસ્તાર :-**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-:અપવાદ :-**

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:**

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇપણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

**-: શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

**જી.એસ.મલિક,**
પોલીસ કમિશનર,
અમદાવાદ (શહેર).

----------------

## BY PRINCIPAL JUDGE

Read:- 1. Notification No. 1201/2025(16) dated 11-06-2025 of Hon'ble High Court of Gujarat, Ahmedabad.

2. Principal Family Court, Valsad No. Adm.74/2025 Dt:-23/06/2025 Notification No.05/2025.

## NOTIFICATION

No.06/2025.—It is notified that, as per the office order No.Adm/Family Court/526/2025 dt.28-08-2025 the sitting arrangement of Family Court, Valsad are changed.

Further, All Top Secret, Confidential and Demi-Confidential Correspondence means for the Principal Judge, Family Court, Valsad may please be addressed to me by name is under :-

| **Office Address** | **Telephone Numbers** | |
|---|---|---|
| Mr. M.H.Chauhan | STD Code | 02632 |
| Principal Judge | Office | 242858 |
| Family Court, | Direct | -- |
| 1st Floor, Fast Track Court | Residence | 9726428344 |
| Building, Valsad. | Mobile Phone No. | 9726428344 |
| | E-mail | fcourt-valsad@gujarat.govt.in |

Valsad, Date :- 04Th September, 2025.

**S/d- (Illegible),**
I/c. Principal Judge,
Family Court, Valsad.

----------------

## NOTIFICATION

No.Adm.B-7/1926 of 2025.—The following Assistants (Junior Clerks) working on the establishment of the Judicial District of Vadodara, are declared to have passed the Higher and Lower Standard Departmental Examinations of the Judicial Department, held on 7th & 8th July, 2025, in the District Court, Vadodara, in pursuance of Paragraph 569 of the Civil Manual, 1960.

Their names are arranged in order of merits.

| Sr. No. | Name of the Candidate with Seat Number. | Court / Office in which working. | Remarks. |
|---|---|---|---|
| 1. | 2. | 3. | 4. |
| **HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION. PART-1 Candidates appearing in all papers.** | | | |
| 1 | Mr. A.D. Vaghela (21) | Court of Principal Senior Civil Judge, Padra | -- |
| 2 | Mr. K.A. Suva (26) | Court of 12th Additional Senior Civil Judge, Vadodara | -- |
| 3 | Mr. K.P.Dabhi (29) | Court of J.M.F.C. (2nd Court), Vadodara | -- |
| 4 | Mr. V.A.Mehta (34) | District Court, Vadodara | -- |
| 5 | Mr. H.M. Togadiya (38) | District Court, Vadodara | -- |
| 6 | Mr. M.V.Chudasama (24) | Court of 9th Additional District Judge, Vadodara | -- |
| 7 | Mr. A.F.Gujar (17) | Court of Principal Senior Civil Judge, Vadodara | -- |
| 8 | Mr. C.P.Parmar (28) | Court of 12th Additional District Judge, Vadodara | -- |
| 9 | Mr. T.V.Rathod (22) | Court of Judge, Small Cause Court, Vadodara | -- |
| 10 | Mr. J.M.Chavda (27) | Court of Judge, Small Cause Court, Vadodara | -- |
| 11 | Mr. A.C.Jadav (33) | District Court, Vadodara | -- |
| 12 | Mr. S.L.Prajapati (36) | Court of 18th Additional Senior Civil Judge, Vadodara | -- |
| 13 | Mr. T.P.Lashkari (30) | Court of Additional District Judge, Vadodara | -- |
| 14 | Mr. Rajesh K. Parmar (18) | Court of 4th Additional District Judge, Vadodara at Dabhoi | -- |
| 15 | Mr. M.V.Amrutiya (39) | District Court, Vadodara | -- |
| 16 | Ms. D.P.Chauhan (40) | District Court, Vadodara | -- |
| 17 | Mr. R.K.Katariya (35) | Court of 4th Additional District Judge, Vadodara | -- |
| 18 | Mr. L.D. Solanki (15) | Court of Principal Senior Civil Judge, Padra | -- |
| 19 | Mr. S.N.Priyadarshi (19) | Court of 8th Additional Civil Judge, Vadodara | -- |
| 20 | Ms. N.B.Chavda (32) | District Court, Vadodara | -- |
| 21 | Mr. P.V.Andait (23) | Court of 7th Additional District Judge, Vadodara at Karjan | -- |
| 22 | Mr. R.B.Joshi (25) | Court of 19th Additional Senior Civil Judge, Vadodara | -- |
| 23 | Mr. H.R.Maheriya (11) | Office of D.L.S.A., Vadodara | -- |
| 24 | Mr. B.M.Chauhan (31) | Court of Principal Senior Civil Judge, Karjan | -- |

| | | | |
|---|---|---|---|
| 25 | Mr. B.A.Parmar (10) | Chief Judicial Magistrate, Vadodara | -- |
| 26 | Mr. M.C.Makwana (12) | Court of Principal Senior Civil Judge, Vadodara | -- |
| 27 | Mr. H.G.Dave (5) | Court of Principal Senior Civil Judge, Karjan | -- |

**PART - II**

**Candidates who obtained exemption in one or more than one paper in previous attempts:-**

| | | | |
|---|---|---|---|
| 1 | Ms. B.D.Joshi (3) | Court of Additional Senior Civil Judge, Karjan | -- |
| 2 | Mr. Manish D. Gohel (4) | Court of J.M.F.C. (4th Court), Vadodara | -- |
| 3 | Mr. Md. Afroj S. Ansari (6) | Court of J.M.F.C. (Traffic), Vadodara | -- |
| 4 | Mr. K.C.Parmar (8) | Court of J.M.F.C. (3rd Court), Vadodara | -- |
| 5 | Mr. K.R.Rohit (42) | Court of Principal Senior Civil Judge, Vadodara | -- |

**The following candidates, though fail at the Higher Standard Departmental Examination, are hereby exempted from appearing in the paper or papers shown against their names :-**

| | | | Paper Nos. |
|---|---|---|---|
| 1 | Ms. S.A.Rajat (1) | Court of 22nd Additional Senior Civil Judge, Vadodara | Paper-III & Oral |
| 2 | Mr. D.B.Solanki (9) | Court of Chief Judicial Magistrate, Vadodara | Paper-II, III, IV & Oral |
| 3 | Mr. K.J.Parmar (13) | Court of Principal Senior Civil Judge, Dabhoi | Paper-III, IV & Oral |
| 4 | Mr. J.H.Ilasariya (14) | Court of J.M.F.C. (1st Court), Vadodara | Paper-III & Oral |
| 5 | Mr. P.D.Rathod (16) | Court of Principal Senior Civil Judge, Dabhoi | Paper-II, III & Oral |
| 6 | Mr. Ankit K.Shah (20) | Court of 9th Additional Civil Judge, Vadodara | Paper-II, III, IV & Oral |
| 7 | Mr. N.S.Prajapati (41) | Court of Additional Senior Civil Judge, Dabhoi | Paper-III, IV & Oral |

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION.

PART-1

Candidates appearing in all papers.

| | | | |
|---|---|---|---|
| 1 | Mr. H.R.Bhatti (7) | Court of 24th Additional Senior Civil Judge, Vadodara | -- |
| 2 | Mr. J.A.Patel (8) | Court of Principal Senior Civil Judge, Padra | -- |
| 3 | Ms. D.V.Chavda (9) | Court of 13th Additional District Judge, Vadodara | -- |
| 4 | Mr. A.M.Jadav (14) | Court of Additional Judge, Small Cause Court, Vadodara | -- |

| PART-11<br>Candidates who obtained exemption in one or more than one paper in previous attempts:- | | | | |
|---|---|---|---|---|
| 1 | Mr. M.L.Patel | (2) | Court of Chief Judicial Magistrate, Vadodara | -- |
| 2 | Mr. S.J.Chaudhari | (3) | Court of Additional Civil Judge, Waghodia | -- |
| 3 | Mr. S.P.Parmar | (4) | Court of Principal Civil Judge, Sinor | -- |
| 4 | Mr. P.J.Vaniya | (5) | Court of 6th Additional Civil Judge, Vadodara | -- |
| 5 | Mr. P.S.Baraiya | (6) | District Court, Vadodara | -- |
| The following candidates, though fail at the Lower Standard Departmental Examination, are hereby exempted from appearing in the paper or papers shown against their names :- | | | | Paper Nos. |
| 1 | Mr. S.B.Solanki | (10) | Court of 6th Additional Senior Civil Judge, Vadodara | Paper-I & III |
| 2 | Ms. A.A.Parmar | (11) | Court of 27th Additional Senior Civil Judge, Vadodara | Paper-I & III |
| 3 | Mr. K.C.Vaghela | (12) | Court of Principal Senior Civil Judge, Vadodara | Typing Test |
| 4 | Ms. N.D.Rathva | (13) | Court of Principal Senior Civil Judge, Dabhoi | Paper-I & III |

The name of the candidates which are not mentioned above have failed their respective exam.

Vadodara, Date: 17th September 2025.

**V. K. PATHAK,**
Principal District Judge
Vadodara

----------------

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**સંદર્ભ:-**

(૧) અત્રેના જાહેરનામા ક્રમાંક નં.ડીસીબી/એમએજી/જીપીએ/રજી.૭૭/ વશી-૮૫૧૭ થી૮૫૭૬/૨૦૨૫ તા.૧૨/૦૭/૨૦૨૫

(૨) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ધરમપુરના પત્ર નં. એમએજી/વશી ૫૬૩/૨૦૨૫ તા.૧૯/૦૭/૨૦૨૫

**સુધારા જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે**

નં.ડીસીબી, એમએજી/જીપીએ/રજી. ૮૪/વશી ૮૯૯૫ થી ૯૦૬૦ /૨૦૨૫.-પ્રોજેકટ ડાયરેકટરશ્રી નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, એકતાનગર રાજપીપળાની તા.૧૨/૭/૨૦૨૫ની દરખાસ્ત અન્વયે સંદર્ભ -૧ના અત્રેના જાહેરનામાથી તાન નદી, માન નદી, કોલક નદી, તથા રાતા ખાડી ઉપર આવેલ બ્રીજનો વાહન વ્યવહાર નિયંત્રિત કરી ડાયવર્ઝન આપવા હુકમ કરવામાં આવેલ છે. ઉપરોકત જાહેરનામા મુજબ તાન નદી ઉપરના બ્રિજ ઉપરથી તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરવામાં આવેલ છે. જયારે માન નદી, કોલક નદી તથા રાતા ખાડી ઉપર આવેલ બ્રીજ ઉપરથી ભારે વાહનોની અવર-જવર ઉપર માટે પ્રતિબંધિત કરવામાં આવેલ છે.

ઉપરોકત જાહેરનામા અન્વયે સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી ધરમપુરએ તેઓના સંદર્ભ-૨ના પત્રથી ઉપરોકત જાહેરનામામાંથી ઈમરજન્સી સેવા ૧૦૮ ને મુકિત આપવા વિનંતી કરેલ છે. તેઓશ્રીના જણાવ્યા મુજબ આ કામે ડોકટર્સ એસોસીએશન, ધરમપુર તેમજ ધરમપુર અને કપરાડા વિસ્તારના માન.ધારાસભ્યશ્રીઓએ પણ આ બાબતે સંકલન સમિતિની બેઠકમાં રજુઆત કરેલ છે જે ધ્યાને લઈ તાન નદી, માન નદી તથા કોલક નદીના પુલ ઉપરથી ઈમરજન્સી સેવા ૧૦૮ એમ્બ્યુલન્સ પસાર થઈ શકે એટલી પુલની બન્ને સાઈડના બેરીઅરની ઉચાઈ વધારવા અંગે જરૂરી નિર્ણય થવા વિનંતી કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતાં મોજે:આંબાતલાટ પાસે આવેલ તાન નદીનો બ્રિજ જર્જરીત હોય તેના ઉપરથી તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરવામાં આવેલ છે.જેથી આમ જનતાની સલામતી માટે તેમાં અવર-જવર માટે છૂટછાટ આપવી હિતાવહ જણાતી નથી.જયારે માન નદી તથા કોલક નદી તેમજ રાતા ખાડીનો બ્રિજ ફકત ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવામાં આવેલ છે જેથી તેમાં ફક્ત ઈમરજન્સી સેવામાં આવતી ૧૦૮ એમ્બ્યુલન્સ તથા અન્ય ખાનગી/સરકારી એમ્બ્યુલન્સ ની અવર-જવર માટે જાહેરનામામાંથી મુક્તિ આપવી જરૂરી જણાય છે,

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)થી મને મળેલ સત્તાની રૂએ, ઈમરજન્સી સેવામાં આવતી ૧૦૮ એમ્બ્યુલન્સ તથા અન્ય ખાનગી સરકારી એમ્બ્યુલન્સને અવર-જવર માટે માન નદી તથા કોલક નદી તથા રાતા ખાડી ઉપર આવેલ બ્રીજ પરથી ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુક્તા જાહેરનામામાંથી મુકિત આપી ઉકત માન નદી, કોલક નદી તથા રાતા ખાડીના બ્રિજ ઉપરથી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા તથા અન્ય ખાનગી તેમજ સરકારી એમ્બ્યુલન્સને અવર જવર માટે છુટ-છાટ આપવા આથી હુકમ કરું છું. સંદર્ભ-૧ના જાહેરનામાની અન્ય બાબતો યથાવત રહેશે. તેમજ બ્રિજના બન્ને છેડે આવેલ બેરીઅર ખસેડવા અથવા તો ઉંચાઈ વધારવાની કામગીરી પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, એક્તાનગર રાજપીપળાએ કરાવવાની રહેશે.

આ હુકમ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને સદરહુ વિસ્તારમાં જાહેર પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ: ૨૪મી જુલાઈ ૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

**ભવ્ય વર્મા,**
જિલ્લા મેજિસ્ટ્રેટ
વલસાડ

----------------

**જાહેરનામું**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::**

ક્રમાંક:ફજદ/રોડ બંધ/ભારે વાહનો/વશી-૪૬૩૧ થી ૪૬૬૦/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ (મા×મ) વિભાગ(રાજય),આહવા, જિ.ડાંગના તા.૦૮/૦૯/૨૦૨૫ના પત્ર નં.પી.બી./૯૧૯/૨૦૨૫ થી તેઓના પેટા વિભાગ હસ્તકના વઘઇ-સાપુતારા રોડ પર આવેલ અંબિકા નદી પરના નંદીઉતારા બ્રિજ મેજર બ્રિજ આવેલ છે. સદર બ્રીજની સ્ટ્રેન્ધનીંગની કામગીરી પ્રગતિમાં છે. જેમાં ગનાઈટીંગ અને ગ્રાઉટીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર બ્રીજ સરકારશ્રી દ્વારા નીમવામાં આવેલ બ્રીજ કન્સલ્ટન્ટ દ્વારા ચકાસણી કરી વધુમાં વધુ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીક્ટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા અભિપ્રાય આપવામાં આવેલ છે. જેથી સદર બ્રીજ પરથી ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા દેવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, શાલિની દુહાન(આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ-આહવા,ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ વઘઇ - સાપુતારા રોડ પર આવેલ અંબિકા નદી પરના નંદીઉતારા બ્રિજ મેજર બ્રિજ ઉપર સરકારશ્રી દ્વારા નીમવામાં આવેલ બ્રીજ કન્સલ્ટન્ટ દ્વારા ચકાસણી કરી વધુમાં વધુ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીક્ટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા ના અભિપ્રાય સાથે સહમત થઇ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા દેવા તથા ૨૫ ટન થી વધુ ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તેમજ નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂં છું.

**::વૈકલ્પિક માર્ગ::**

રસ્તાનું નામ:- વઘઈ-સાપુતારા રોડ કિમી ૬૧/૦ થી ૧૦૩/૩૦૦

બ્રિજનો પ્રકાર:- મેજર બ્રિજ

વૈકલ્પિક રસ્તાનું નામ:- (૧) હાથગડ-સુરગાણા-ઉમરથાણા-બિલ્ધા-આવધા-ધરમપુર રોડ

(૨) હાથગડ-સુરગાણા-ઉમરથાણા-બોપી-કાવડેજ-વાંસદા રોડ

**::અપવાદ::**

**આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહીં.**

(ક) GSRTC નિગમની બસો.

(ખ) દૂધવહન કરતાં દૂધશીત કેન્દ્ર/દૂધમંડળીનાં વાહનો.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ-આહવા દ્વારા મુકિત આપવામાં આવેલ વાહનો.

**::શિક્ષા::**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનાં દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ હસ્તકનાં કાર્યપાલક ઇજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીને આ જાહેરનામાનાં ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા.૧૦/૦૯/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૯/૧૦/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરવાની રહેશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી બહોળી પ્રસિધ્ધિ કરાવવી, તેમજ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી તથા તેઓના તાબા હેઠળની તમામ કચેરીઓના નોટીસ બોર્ડ ઉપર સદર જાહેરનામાની નકલ સહેલાઇથી જોઇ શકાય તે રીતે ચોટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે. ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન સ્ટેટ, આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉકત મુજબના સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા.૦૯મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

**શાલિની દુહાન, IAS**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

----------------

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

નં.એમએજી/વશી/૧૯૩૨/૨૦૨૫.–સેકશન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર પત્ર ક્રમાંક : HD/MSM/e-file/8/2025/2718/SB1, તા.૦૫/૦૫/૨૦૨૫ થી તાજેતરમાં રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમા આવેલ જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા) માં નહાવા પડેલ વ્યક્તિઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ છે. આ બાબત અતિ ગંભીર છે.

આથી અત્રેના છોટાઉદેપુર જિલ્લાના ક્ષેત્રાધિકારમાં આવેલ જળાશયો સંદર્ભે જ્યાં જ્યાં આવી ઘટનાઓ બનવાની શક્યતા હોય તેવા ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા તથા ઉક્ત હુકમોનો ચુસ્તપણે અમલ થાય તે માટે સંબંધિત પોલીસ ઓથોરીટીને જરૂરી સુચના આપવા અંગે સત્વરે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

રાજ્યમાં હાલમાં વર્ષાઋતુની શરૂઆત થયેલ છે. આગામી સમયમાં ભારે વરસાદના કારણે જિલ્લામાં આવેલ કોતરો, તળાવ, સરોવર, નહેર, ચેકડેમ અને નદી-નાળામાં ઘણા મોટા પ્રમાણમાં વરસાદી પાણી આવવાની શક્યતા રહેલ છે. ચોમાસાની ઋતુમાં નદી-નાળામાં પુર આવતા મોટા પ્રમાણમાં લોકો નદી-નાળાં, કોઝ-વે, નહેર, તળાવ તથા પિકનીક સ્પોટ પર લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ સેલ્ફી લેવી વગેરે પ્રવૃતિ કરતા હોય છે તથા નદીના પાણીમાં ન્હાવા કે તરવા ઉતરતા હોય છે જેના કારણે અકસ્માત બનાવ બનવાની પુરેપુરી સંભાવના રહેલ છે.

વધુમાં, ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના સમયે કોઝ-વે, નદી, નાળા વગેરે ક્રોસ કરતા લોકોના તણાઈ જવાની ઘટનાઓ બનવા પામેલ છે. ઉક્ત તમામ બાબતો ધ્યાને લઈ જિલ્લામાં ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના સમયે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ગાર્ગી જૈન, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની જોગવાઈઓ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાઉ છું.

૧. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ શરૂ હોય તે સમયગાળા દરમિયાન નદી-નાળાં કોતરો, તળાવ, સરોવર, કોઝ-વે, નહેર અને ચેકડેમ ઉપરથી પસાર ન થવું.

૨. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ શરૂ હોય તે સમયગાળા દરમિયાન નદી-નાળાં કોઝ-વે, નહેર, તળાવ તથા પિકનીક સ્પોટ પર મોબાઈલ ફોન/કેમેરાથી સેલ્ફી લેવાનું ટાળવું.

૩. ચોમાસાની ઋતુ દરમિયાન નદી-નાળાં, તળાવ, સરોવર, નહેર અને ચેકડેમમાં ન્હાવા તથા તરવા પડવાનું ટાળવું.

૪. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ શરૂ હોય તે સમયગાળા દરમિયાન પશુધન સાથે નદી-નાળાં, કોતરો, તળાવ, સરોવર, કોઝ-વે, નહેર અને ચેકડેમ ઉપરથી પસાર થવાનું ટાળીએ તથા પશુધન નીચાણવાળા વિસ્તારમાં ચરાવવા નહી.

૫. કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ તથા પંચાયત) તથા સિંચાઈ દ્વારા સરોવર-તળાવ, નદી-નાળા, પુલ, કોઝ-વે ઉપર ભયજનક સુચના દર્શાવતા બોર્ડ પ્રદર્શિત કરવાના રહેશે જ્યાં પાણીની સપાટી ભયજનકની નિશાનથી વધુ પાણી હોય ત્યાં લોકો પસાર ન થાય તે માટે સ્થાનિક તંત્રને એલર્ટ કરી પોલીસ બંદોબસ્ત ગોઠવવો.

૬. ભારે વરસાદના સમય દરમિયાન નદી-નાળાં, તળાવ, સરોવર, નહેર અને ચેકડેમ તથા પિકનીક સ્પોટજેવા સ્થળોએ પોલીસ વિભાગ દ્વારા અવાર-નવાર પેટ્રોલિંગ કરવાનું રહેશે.

૭. ભારે વરસાદના સમયે તમામ તલાટીશ્રીઓએ ગામે (હેડ ક્વાર્ટરમાં) ફરજીયાત હાજર રહી તાલુકા ડિઝાસ્ટર કંટ્રોલરૂમના સંપર્કમાં રહેવું.

૮. ચોમાસાની ઋતુ દરમ્યાન ભારે વરસાદના કારણે કોઈ નદી પુલ, કોઝ-વે તેની ભયજનક સપાટીથી ઉપર હોય તો સ્થાનિક સરપંચ-તલાટીશ્રીઓએ જિલ્લા અથવા તાલુકા ડિઝાસ્ટર કંટ્રોલરૂમને તાત્કાલિક સૂચિત કરવાનું રહેશે.

૯. ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદના સમયે નદી પુલ, કોઝ-વે તેની ભયજનક સપાટીથી ઉપર હોય ત્યારે લોકો તેના ઉપરથી પસાર ન થાય તે મામલતદારશ્રીઓએ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ તથા સ્થાનિક સરપંચ તલાટીશ્રીઓએ એલર્ટ કરી જરૂરી તકેદારીના પગલાં લેવા તથા કોઈ અકસ્માત ન બને તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**//અમલવારીનો સમય //**

સદરહુ જાહેરનામું E-Sign થયાની તારીખથી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

**//અમલવારીનો વિસ્તાર //**

છોટાઉદેપુર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હકુમત હેઠળ આવેલ કોતરો, તળાવ, સરોવર, નહેર, ડેમ-ચેકડેમ અને નદી-નાળા, કોઝ-વે, પિકનીક સ્પોટનો સમગ્ર વિસ્તાર

**// શિક્ષા //**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓઆ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ- ૨૨૩ તથા ધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૫, ૫૬ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

----------------

**// વાંચ્યા //**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરના પત્ર જા.નં.પીબી/૨૦૫૩/૨૦૨૫, તારીખ: ૧૫/૦૯/૨૦૨૫

**// જાહેરનામું //**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળનું.**

નં.એમએજી/વશી/૧૯૪૯/૨૦૨૫.–વંચાણ-૧ થી ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના આદેશ અનુસાર રાજ્યના તમામ બ્રિજની સ્થળ મુલાકાત કરી અહેવાલ સાદર કરવા જણાવેલ છે. જે બાબતે તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, આલેખન વર્તુળ, ગાંધીનગરના પ્રતિનિધિશ્રી તથા કન્સલ્ટન્ટશ્રી મે.પંકજ એમ.પટેલ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની કચેરીના સ્ટાફ દ્વારા સદર ઓરસંગ બ્રિજની સંયુક્ત સ્થળ મુલાકાત કરવામાં આવેલ હતી. સદર બ્રિજ અંદાજે ૫૧ વર્ષ (બાંધકામ વર્ષ-૧૯૭૪) જુનો હોવાનું જણાવેલ છે, તેમજ બેલેન્સડ કેન્ટીલીવર આર્ચ ટાઈપનો છે. સદર બ્રિજના ૧૩ ગાળા (એક ગાળાની લંબાઈ ૩૬.૫૮ મીટર છે) આમ કુલ ૪૭૫.૫૪ મીટર લંબાઈનો બ્રિજ છે. સદર બ્રિજનું ફાઉન્ડેશન વેલ ફાઉન્ડેશન પ્રકારનું છે. છેલ્લા ઘણા વર્ષોથી સદર બ્રિજની આજુબાજુ થી રેતી ખનન થવાના કારણે સદર બ્રિજના વેલ ફાઉન્ડેશન અંદાજે ૨૪ ફુટ (અંદાજે ૮ મીટર) ખુલ્લા થઈ ગયેલ છે. રેતી ખનન થવાના કારણે સદર વેલ ફાઉન્ડેશનનો આજુબાજુનો સપોર્ટ ધોવાણ થયેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની કચેરી દ્વારા વેલ ફાઉન્ડેશન ધોવાણથી ગેબિયન વોલ પિચિંગની કામગીરી કરવામાં આવેલ છે,પરંતુ ઉપરવાસમાં વર્ષ-૨૦૨૪ અને જુન-૨૦૨૫ દરમિયાન થયેલ ભારે વરસાદના કારણે નદીના પાણીની આવકના કારણે ગેબિયન વોલ પિચિંગનું ધોવાણ થયેલ છે.

વધુમાં, તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ થયેલ આલેખન વર્તુળના પ્રતિનિધિ તેમજ કન્સલ્ટન્ટશ્રીના જણાવ્યા મુજબ, ભવિષ્યમાં ભારે વરસાદના સમયે સદર વેલ ફાઉન્ડેશન સેટલમેન્ટ થવાની સંભાવના રહેલ છે. તથા ચાલુ ટ્રાફિક હોવાના કારણે જાનહાની થવાની શકયતાઓ રહેલ છે. જેથી પુલ પર ભારે કોમર્શિયલ વાહનોને પ્રતિબંધિત કરીને માત્ર ટૂ-વ્હિલર, કાર અને લાઈટ કોમર્શિયલ વાહનોને પસાર થવા દેવાની ભલામણ કરેલ છે.

કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની માંગણી અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ સંખેડા-ભાટપુર-વાસણા રોડ કી.મી. ૨/૮૦૦ થી ૨૯/૪૦૦ (ઓરસંગ બ્રિજ ચેઇનેજ ૩/૦ થી ૪/૦) પર માત્ર ટુ-વ્હીલર, કાર અને લાઇટ કોમર્શિયલ વાહનોને પસાર થવા દેવા તેમજ ભારે કોમર્શિયલ વાહનો માટે નીચે મુજબ ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

૧. સંખેડા થી ડભોઈ-વડોદરા તરફ જતા ભારે કોમર્શિયલ વાહનો સંખેડા થી હાંડોદ ચોકડી થઇ રતનપર રોડ થઈ કરનેટ રોડ થઈ કરનેટ બ્રિજ થઈ બોરીયાદ થઇ ડભોઈ જઇ શકાશે

૨. સંખેડા થી છોટાઉદેપુર તરફ જતા ભારે કોમર્શિયલ વાહનો સંખેડા થી માંકણી થઈ મોડાસર ચોકડી થઇ છોટાઉદેપુર જઇ શકાશે.

૩. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

૪. સંખેડા-બહાદરપુર બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪X૭પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગ ના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને સંખેડા-બહાદરપુર બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

**// અમલવારીનો સમય //**

સદરહુ જાહેરનામું e.sign તારીખથી તા. ૧૫/૧૦/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

**// શિક્ષા //**

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ૧૯૫૧ ની કલમ- ૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

----------------

**// વાંચ્યા //**

(૧) પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલાનાઓના પત્ર નં. NHAI/11056/1/Maintenance/Bodeli/NH-56/4/2352, તારીખ: 15.09.2025

**// જાહેરનામું //**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળનું.**

નં.એમએજી/વશી/૧૯૫૦/૨૦૨૫.–વંચાણ-૧ થી છોટાઉદેપુર જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-56 પર બોડેલી પાસે આવેલ મેરીયા નદી પુલ તથા ઓરસંગ નદી પુલને નુકસાન થવાના કારણે બંને પુલોની માળખાકીય સ્થિતિ જાણવા આઈ.આઈ.ટી. મુંબઈની ટીમનાં પત્રનં.DRD/CE/SB-23/25-26,તા.૧૪/૦૯/૨૦૨૫થી વિગતવાર પરિક્ષણ અને નિરીક્ષણ પૂર્ણ કરેલ છે.જે મુજબ સંદર્ભદર્શિત પત્રમાં જણાવેલ મુદ્દા નં.૨(૧)ઓરસંગ બ્રીજ અને મુદ્દાનં.૨(૨) મેરીયા બ્રીજ આમ બંને પુલ અંગેની સ્થિતી જણાવેલ છે.જ્યાં સુધી વિગતવાર મજબૂતીકરણ પગલાં અને ઔપચારિક લોડ રેટિંગ (IRC SP:37) પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાફિક (વચગાળાની ટ્રાફિક પરિસ્થિતિઓ) હળવા અને મધ્યમ વાહનો (GVW < 12 ટન) સુધી મર્યાદિત રાખવો જોઈએ. જયારે મુદ્દાનં.(૩)માં બંને પુલ હાલમાં ફક્ત ૧૨ ટનના મહત્તમ GVW સુધીના હળવા અને મધ્યમ વાહનો માટે જ સેવા યોગ્ય છે. ભારે કોમર્શિયલ વાહનોને પ્રતિબંધિત કરીને માત્ર ટૂ-વ્હિલર, કાર અને લાઈટ કોમર્શિયલ વાહનોને પસાર થવા દેવાની ભલામણ કરેલ છે. સદરહું કામગીરી પૂર્ણ થવાનો સમયગાળો ૪-૬ મહિનાનો રહેવાની અપેક્ષા છે, જેથી બંને પુલ પરથી ફક્ત હળવા અને મધ્યમ વાહનો (ટુ-વ્હીલર, પેસેન્જર કાર, LMV, 2 એક્સલ અને 4 વ્હીલ સુધીની મીની/મીડી બસો, અને 2 એક્સલ અને 4 વ્હીલ સુધીના હળવા વાણિજિયક વાહનો, બધા GVW < 12 ટન સાથે) ઓછામાં ઓછા ચાર મહિનાના સમયગાળા માટે અથવા મજબૂતીકરણ કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી, જે પણ મોડું થાય ત્યાં સુધી, બંને પુલ પરથી અવરજવર મર્યાદિત રાખવામાં આવે, તેમ પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલાનાઓના પત્રમાં જણાવેલ છે.

પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલાની ભલામણ અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ બંને પુલ પરથી ફક્ત હળવા અને મધ્યમ વાહનો (ટુ-વ્હીલર, પેસેન્જર કાર, LMV, 2 એકસલ અને 4 વ્હીલ સુધીની મીની/મીડી બસો, અને 2 એક્સલ અને 4 વ્હીલ સુધીના હળવા વાણિજ્યિક વાહનો, કે જેનુ GVW < 12 ટન ) થાય તેવા વાહનોને પસાર થવા દેવા તેમજ ભારે કોમોર્શિયલ વાહનો માટે નીચે મુજબના ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

૧. છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-કવાંટ-ખાટીયાવાંટ-રંગલી ચોકડી ચોકડી-મોડાસર ચોકડી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ ચોકડી-રતનપર રોડ-કરનેટ રોડ-કરનેટ બ્રિજ-બોરીયાદ થઈ ડભોઈ-વડોદરા તરફ જઈ શકશે.

અથવા

૨. છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-ખાટીયાવાંટ-ચલામલી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ ચોકડી-રતનપર રોડ-કરનેટ રોડ-કરનેટ બ્રિજ-બોરીયાદ થઈ ડભોઈ-વડોદરા તરફ જઈ શકશે.

અથવા

૩. છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-કવાંટ-ખાટીયાવાંટ-રંગલી ચોકડી-ચલામલી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ ચોકડી-રતનપર રોડ-કરનેટ રોડ-કરનેટ બ્રિજ-બોરીયાદ થઈ ડભોઈ-વડોદરા તરફ જઈ શકશે.

અથવા

૪. વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો ડભોઈ થઈ બોરીયાદ-કરનેટ બ્રિજ-કરનેટ રોડ-રતનપર રોડ-હાંડોદ ચોકડી-ભાટપુર-વાસણા ચોકડી-કોસિંદ્રા-મોડાસર ચોકડી-રંગલી ચોકડી-ખાટીયાવાંટ-કવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

અથવા

૫. વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો ડભોઈ થઈ બોરીયાદ-કરનેટ બ્રિજ-કરનેટ રોડ-રતનપર રોડ-હાંડોદ ચોકડી-ભાટપુર-વાસણા ચોકડી-કોસિંદ્રા-ચલામલી-ખાટીયાવાંટ-કવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

અથવા

૬. વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો ડભોઈ થઈ બોરીયાદ-કરનેટ બ્રિજ-કરનેટ રોડ-રતનપર રોડ-હાંડોદ ચોકડી-ભાટપુર-વાસણા ચોકડી-કોસિંદ્રા-ચલામલી-રંગલી ચોકડી-ખાટીયાવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

૭. પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલા તથા કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુર તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

૮. સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૬ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪×૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગના અધિકારીશ્રીઓ, પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગ તથા પંચાયત વિભાગના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને મેરીયા નદી તથા ઓરસંગ નદી પરના પુલ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

**// અમલવારીનો સમય //**

સદરહુ જાહેરનામું તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૧૫/૧૦/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

**// સજા //**

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ૧૯૫૧ની કલમ- ૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૫ મુજબ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

**ગાર્ગી જૈન, IAS**
જિલ્લા મેજિસ્ટ્રેટ
છોટાઉદેપુર.

---

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**
**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૩૭(૩) હેઠળનું:-**

નં.એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૧૩૨૨/૨૦૨૫.-મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/ તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ /રેલી કાઢવા ઉપર મનાઇ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી. વી. લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯થી મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિ માં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે તા.૦૪/૦૯/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ કલાકથી તા.૧૮/૦૯/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઇપણ વ્યક્તિએ/વ્યક્તિઓને એકી સાથે કોઇ પણ જગ્યાએ ૪(ચાર) થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર માટે મનાઇ ફરમાવું છું.

**અનુસુચિ**

" જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર, કડાણા તથા ખાનપુર(બાકોર), તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર "

**આ જાહેરનામું નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.**

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમઅધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને

(૫) સરકારશ્રી ધ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે અને ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમો વિરુધ્ધ લેખિત ફરીયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

લુણાવાડા, તારીખ ૦૩જી સપ્ટેમ્બર, ૨૦૨૫.

----------------

**વંચાણે લીધા :-** પોલીસ અધિક્ષકશ્રી મહીસાગરના પત્ર ક્રમાંક: એલ.આઇ.બી/જાહેરનામા/૧૭૪૧/૨૦૨૫, તા.૨૫/૦૮/૨૦૨૫

**:: જાહેરનામુ ::**

**:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::**

નં.એમએજી/નો ફલાય ઝોન જાહેરનામું/વશી/૧૨૫૭/૨૦૨૫.–પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટેલીજન્સ), સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગાંધીનગરના પત્ર ક્રમાંક :જી-૨/ડ્રોન/કામગીરી/ ૭૮૯/૨૦૨૧, તા.૦૧/૧૧/૨૦૨૧થી અત્રેના જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રિટીકલ/ સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઇન્સ્ટોલેશન્સને રેડ ઝોન, યલો ઝોન કે ગ્રીન ઝોનમાં વિભાજીત કરેલ સંકલિત માહિતી મોકલેલ. જેમાં મહીસાગર જિલ્લાના ૪૧-ઝોન પૈકી ૨૨-રેડ ઝોન તથા ૧૯-યલો ઝોન જાહેર કરેલ. અત્રેના જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઇન્સ્ટોલેશન્સને રેડ ઝોન, યલો ઝોન જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી મહીસાગરનાઓએ વંચાણે લીધેલ પત્રથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું સી.વી.લટા (જી.એ.એસ), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ સમગ્ર મહીસાગર જિલ્લાના સામેલ પરિશિષ્ટ-૧ મુજબના વિસ્તારોને રેડ ઝોન અને યલો ઝોન જાહેર કરવા ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામા અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપલા દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઇસમ/ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી તા.૨૫/૧૦/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

બિડાણ : પરિશિષ્ટ : ૧

----------------

| City/ District | SR NO | Name of Place | Full Postal Address | Criteria of recommendation (As per point no.4 of MHA SOP Dated 16/12/2016 Please mention exact category amongst sub point "a" to "n") | Recommended Zone Red/Yellow | Latitude | Longitute | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th nov 2018 |
|---|---|---|---|---|---|---|---|---|
| Mahisagar | 1 | Mahisagar District Court | Near seva sadan, Vardhari road, Lunawada | C | Yellow | 23.125847 | 73.601017 | 200 mtr |
| | 2 | SP Office and Collector office Mahisaagar | Near seva sadan, Vardhari road, Lunawada | M | Yellow | 23.126872 | 73.602083 | 200 mtr |
| | 3 | Telephone Exchange At-Lunawada Di-Mahisagar | Near Vardhari Road Lunawada | J | Yellow | 23.13057 | 73.60848 | 200 mtr |
| | 4 | Telephone Exchange At Kothamba Di-Mahisagar | At:Kothamba Dist: Mahisagar | J | Yellow | 23.01488 | 73.5226 | 100 mtr |
| | 5 | Telephone Exchange At-Balasinor Di-Mahisagar | At Balasinor Dist: Mahisagar | J | Yellow | 22.956171 | 73.337013 | 100 mtr |
| | 6 | Telephone Exchange At-Virpur Di-Mahisagar | At-Virpur Dist:Mahisagar | J | Yellow | 23.18889 | 73.4758 | 100 mtr |
| | 7 | Telephone Exchange At-Santrampur Di-Mahisagar | At-Santrampur Dist:Mahisagar | J | Yellow | 23.195943 | 73.89306 | 100 mtr |
| | 8 | Mahi River Bridge | At:Madhavas Ta. Lunawada. Dist:Mahisagar | J | Yellow | 23.13057 | 73.60848 | 500 mtr |
| | 9 | Panam River Bridge | Near Godhara Road, Lunawada, Dist: Mahisagar | J | Yellow | 23.13057 | 73.60848 | 500 mtr |
| | 10 | Mahi River Bridge Aagarvada | At Aagarvada, Ta. Lunawada, Dist:Mahisagar | J | Yellow | 23.06429 | 73.47103 | 500 mtr |
| | 11 | Chibota River Bridge | At Santrampur, Dist: Mahisagar | J | Yellow | 23.195172 | 73.888368 | 500 mtr |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 12 | Ghodiyar Bridge | At:Ghodiyar, Ta kadana, Dist: Mahisagar | J | Yellow | 23.285882 | 73.831191 | 500 mtr |
| | 13 | Civil Hospital Lunawada | Near Cottage Chokadi Lunawada Dist: Mahisagar | J | Yellow | 23.11826 | 73.61072 | 500 mtr |
| | 14 | Electric Power Sub Station 220 KV-Savdas Na Muvada | At-Savdas Na Muvada Ta:Lunawada Dist Mahisagar | J | Red | 23.17224 | 73.696332 | 500 mtr |
| | 15 | Electric Power Sub Station 66 KV-Lunawada | Near Panam River Bridge, Lunawada, Dist: Mahisagar | J | Red | 23.107876 | 73.610695 | 500 mtr |
| | 16 | Electric Power Sub Station 66 KV Kothamba | At Kothamba Dist: Mahisagar | J | Red | 23.034493 | 73.518291 | 500 mtr |
| | 17 | Electric Power Sub Station 66 KV-Movasa | At:Movasa, Ta Santrampur, Dist: Mahisagar | J | Red | 23.20096 | 73.741988 | 500 mtr |
| | 18 | Electric Power Sub Station 66 KV-Vadchari | At:Vardhari, Ta Lunawada, Dist Mahisagar | J | Red | 23.115099 | 73.468768 | 500 mtr |
| | 19 | Electric Power Sub Station 66 KV- Sadhakpur | At:Sadhakpur, Ta Lunawada, Dist:Mahisagar | J | Red | 23.134561 | 73.419296 | 500 mtr |
| | 20 | Electric Power Sub Station 66 KV-Limadiya | At :Limadiya, Ta Khanapur, Dist: Mahisagar | J | Red | 23.230642 | 73.569957 | 500 mtr |
| | 21 | Electric Power Sub Station 66 KV-Bakor | At : Bakor, Ta Khanpur, Dist Mahisagar | J | Red | 23.350978 | 73.620132 | 500 mtr |
| | 22 | Electric Power Sub Station 66 KV-Khanpur | At: Khanpur, Ta:Khanpur, Dist: Mahisagar | J | Red | 23.286452 | 73.679828 | 500 mtr |
| | 23 | Electric Power Sub Station 66 KV-Ditvas | At: Ditvas, Ta: Kadana, Dist:Mahisagar | J | Red | 23.429529 | 73.77631 | 500 mtr |
| | 24 | Electric Power Sub Station 66 KV-Santrampur | At:Santrampur, Dist: Mahisagar | J | Red | 23.193292 | 73.891963 | 500 mtr |
| | 25 | Electric Power Sub Station 66 KV-Limada Muvadi | At:Limada Muvadi, Dist: Mahisagar | J | Red | 23.177469 | 73.815947 | 500 mtr |
| | 26 | Electric Power Sub Station 66 KV-Valakhedi | At:Valakhedi, Ta:Santrampur, Dist:Mahisagar | J | Red | 23.135544 | 73.930236 | 500 mtr |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 27 | Electric Power Sub Station 66 KV-Pandava | At: Pandava, Ta: Balasinor, Dist:Mahisagar | J | Red | 23.067747 | 73.395211 | 500 mtr |
| | 28 | Electric Power Sub Station 66 KV-Jorapura | At:Jorapura, Ta: Balasinor, Dist:Mahisagar | J | Red | 23.017296 | 73.369731 | 500 mtr |
| | 29 | Electric Power Sub Station 66 KV-Bhanthala | At:Bhanthala, Ta: Balasinor, Dist:Mahisagar | J | Red | 23.050775 | 73.306657 | 500 mtr |
| | 30 | Electric Power Sub Station 66 KV-Balasinor | At:Balasinor, Ta: Balasinor, Dist:Mahisagar | J | Red | 22.9468 | 73.330851 | 500 mtr |
| | 31 | Electric Power Sub Station 66 KV-Virpur | At:Virpur, Ta: Virpur Dist: Mahisagar | J | Red | 23.184552 | 73.476018 | 500 mtr |
| | 32 | Kadana Hydro-electric Power Station Kadana | At:Kadana Ta.Kadana Dist:Mahisagar | J | Red | 22.27601 | 73.18106 | 5 km |
| | 33 | Oreva Power Station Vanakbori | At:Vanakbori, Ta: Balasinor, Dist:Mahisagar | J | Red | 22.949233 | 73.425058 | 5 km |
| | 34 | Kadana Dam | At:Kadana Ta.Kadana Dist: Mahisagar | J | Red | 23.305814 | 73.825629 | 5 km |
| | 35 | Vanakbori Dam | At: Vanakbori, Ta: Balasinor, Dist:Mahisagar | J | Red | 22.949233 | 73.425058 | 5 km |
| | 36 | Bhadar Dam | At:Khanpur, Ta:Khanpur, Dist:Mahisagar | J | Yellow | 23.324937 | 73.691725 | 5 km |
| | 37 | Water Supply Plant-Lunawada | At: Maheloliya, Ta:Lunawada, Dist: Mahisagar | J | Yellow | 23.11508 | 73.629586 | 500 mtr |
| | 38 | Water Supply Plant-Balasinor | At:Handiya, Ta:Balasinor, Dist: Mahisagar | J | Yellow | 22.929214 | 73.335591 | 500 mtr |
| | 39 | Water Supply Plant-Santrampur | At:Santrampur, Dist: Mahisagar | J | Yellow | 23.198736 | 73.877451 | 500 mtr |
| | 40 | Police Headquarters Mahisagar | Near Circuit House, Lunawada, Dist:Mahisagar | M | Yellow | 23.118482 | 73.615697 | 500 mtr |
| | 41 | JK Cement Works Balasinor | Godhara-Ahemadabad Bypass road Balasinor, Dist:mahisagar | G | Yellow | 22.940083 | 73.306501 | 500 mtr |

----------------

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર,લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઇ.બી./જાહેરનામા/૧૭૪૦/૨૦૨૫, તા.૨૫/૦૮/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/હટલ/ગેસ્ટ હાઉસ/જાહેરનામું/વશી/૮૭૫/૨૦૨૫, તા.૨૭/૦૬/૨૦૨૫.

**જાહેરનામું :-**

**-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-**

નં.એમએજી/હટલ/ગેસ્ટ હાઉસ/જાહેરનામું/વશી/૧૨૫૮/૨૦૨૫.–વંચાણે લીધેલ આમુખ-૧ના પત્રથી આગામી સમયમાં ગણેશચતુર્થી, ઈદે મિલાદ, ગાંધી જયંતિ, વિજયા દશમી, દિવાળી, બેસતુ વર્ષ, ભાઈબીજ જેવા તહેવારો આવતા હોય જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે સદર જાહેરનામાં રીન્યુ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે. તદુપરાંત સાંપ્રત પરિસ્થિતિમાં ત્રાસવાદી/આસામાજીક તત્વો હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુમારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિશ કરતા હોય છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખીને રહેતા હોય છે તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે આપતા માલિકો પર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે. અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદ અંશે અંકુશમાં લઈ શકાય તે અંગે અત્રેના આમુખ-૨ વાળા જાહેરનામાની મુદ્દતમાં વધારો કરવા ઉચિત જણાયેલ છે.

સબબ,હું સી.વી.લટા(જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણીજાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો ધ્વારા દેશ/વિદેશના નાગરીકોને રૂમો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ (ચોવીસ) કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના રૂમો ભાડે આપી શકશે નહી અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) હોટલ, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ,વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડિટેઇલ કોપી સહિતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કારાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ (ચોવીસ) કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં પ્રવેશ આપવો નહી.

(૫) દેશ/વિદેશના વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહિતના નક્કર પુરાવા મેળવવા.

(૬) મહીસાગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કે શહેરી વિસ્તારમાં કઈ જગ્યાએ રોકાઇ કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

સદર જાહેરનામાંના ભંગ બદલ ગુન્હા બાબતની કાર્યવાહીના કિસ્સાઓમાં ગુન્હો દાખલ કરતા પૂર્વે સબંધીત પેટા વિભાગના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી/કર્મચારી જ કાર્યવાહી કરી શકાશે.

આ જાહેરનામું તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૨૫/૧૦/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

----------------

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર,લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઇ.બી.જાહેરનામા/૧૭૪૦/૨૦૨૫ તા.૨૫/૦૮/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/મોબાઇલ/સીમકાર્ડ/જાહેરનામું/વશી/૮૭૬/૨૦૨૫, તા.૨૭/૦૬/૨૦૨૫.

**જાહેરનામું :-**

**-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું. ::-**

નં.એમએજી/મોબાઇલ/સીમકાર્ડ/જાહેરનામું/વશી/૧૨૫૯/૨૦૨૫.–રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈનપુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને અગાઉ જમ્મુ કાશ્મીર ખાતે આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઇલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે અને તે સીમકાર્ડો આધારે રાજય તેમજ જીલ્લામાં બનાવટી કોલ ધ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવા તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચીરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ પણ મોબાઇલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઇ આવેલ છે. તે માટે મોબાઇલ ફોન લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણો મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ફોન ખરીદેલ જે મોબાઇલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોંચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઇ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતો ધ્યાને રાખી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર/રીટેઇલર વિક્રેતાઓ ધ્વારા મોબાઇલ સીમ કાર્ડ તેમજ જુના-નવા મોબાઇલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઇલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર તથા રહેઠાણના પુરાવાઓ વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઇલ વેચવા સંદર્ભમાં ખરીદ કરનાર નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અને અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે આમુખ-૧ થી આગામી સમયમાં ગણેશચતુર્થી, ઈદે મિલાદ, ગાંધી જયંતિ, વિજ્યા દશમી, દિવાળી, બેસતુ વર્ષ, ભાઈબીજ જેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે જાહેરનામાંની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતા ધ્વારા મોબાઇલના સીમકાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાંની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના અધારે સીમકાર્ડ ખરીદ કરી તે ધ્વારા બનાવટી કોલ ધ્વારા ધમકી આપવાના. ખંડણી માંગવાનાં, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, હું સી.વી.લટા(જી.એ.એસ),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/ સત્તાસોપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં મોબાઇલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર/ રિટેઈલર વિક્રેતાઓ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે. તથા તે અંગેનું રેકર્ડ રાખવાનું રહેશે. તેમજ રજીસ્ટર નીચેના નમુનામાં નિભાવવાનું રહેશે.

**નવા / જુના મોબાઇલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર.**

| અં.નં. | મોબાઇલ ફોનની વિગત/ કંપની. | IMEI NO. | મોબાઇલ વેચનાર/ ખરીદનારના નામ, સરનામાની વિગત | આઇ.ડી.પ્રુફની વિગત. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

**નવા / જુના મોબાઇલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર.**

| અં.નં. | મોબાઇલ ફોનની વિગત/ કંપની. | IMEI NO. | મોબાઇલ વેચનાર/ ખરીદનારના નામ, સરનામાની વિગત | આઇ.ડી.પ્રુફની વિગત. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

**નવુ સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર.**

| અં.નં. | સીમકાર્ડ વિગત/કંપની | સીમકાર્ડ નંબર | સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત. | આઇ.ડી.પ્રુફની વિગત. | સીમકાર્ડ ખરીદનારની સહી. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી/કર્મચારી જ કાર્યવાહી કરી શકાશે.

આ જાહેરનામું તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૨૫/૧૦/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

----------------

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર,લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઇ.બી.જાહેરનામા/૧૭૪૦/૨૦૨૫ તા.૨૭/૦૮/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/સીસીટીવી/જાહેરનામું/વશી/૧૨૭૮/૨૦૨૫, તા.૨૭/૦૬/૨૦૨૫.

**જાહેરનામું :-**

**-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-**

નં.એમએજી/સીસીટીવી/જાહેરનામું/વશી/૧૨૬૦/૨૦૨૫.–રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ તથા અગાઉ જમ્મુ-કાશ્મીર ખાતે આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહાર, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ ધ્વારા હોટલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોએ રોકાણ કરી ભૌગોલીક પરિસ્થિતીથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિઓ આચરતા હોય છે.

અસામાજીક તત્વો ધ્વારા આચરવામાં આવતી ઉપરોક્ત પ્રકારની ગુન્હાકીય પ્રવૃત્તિઓના કારણે જાહેર સલામતી સુરક્ષા, તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીકો જાહેર જનતા, પ્રજામાં, અસલામતી, અસુરક્ષાનો માહોલ ફેલાય છે, આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા તથા તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય, તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓ/બનાવો બનતા અટકાવી શકાય, તે હેતુસર હાઇ-વે રોડ પર આવેલ હોટલો, મોલ, શોપીંગ સેન્ટર, પેટ્રોલ પંપો, ટોલપ્લાઝા વિગેરે સ્થળો ખાતે સી.સી.ટી.વી. કેમેરા (નાઇટવિઝન તથા હાઇડેફીનેશન) વીથ રેકોડીંગ સીસ્ટમ રાખવા અને તમામ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે આમુખ-૧થી આગામી સમયમાં ગણેશચતુર્થી, વિજયા દશમી, દિવાળી, બેસતુ વર્ષ, ભાઈબીજ જેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાણવણી કરવા માટે જાહેરનામાની મુદ્દતમાં વધારો કરવા માંગણી કરેલ છે. સબબ કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ જોતા ઉકત માંગણી વ્યાજબી જણાય છે.

મહીસાગર જિલ્લામાં ઉપરોક્ત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દષ્ટિએ તકેદારીના પગલા રૂપે આ કામે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાંતા, સબબ, હું સી.વી.લટા(જી.એ.એસ),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર,માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છુ કે, મહીસાગર જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઇ-વે ઉપરની હોટલો, મોલ,શોપીંગ સેન્ટર, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, જેવા સ્થળો ખાતે સબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપો ખાતેના ફીલીગ સ્ટેશન ઉપર તથા પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલોના ભોજન કક્ષ તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઈ-વે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ મોલ તથા શોપીંગ સેન્ટરમાં આવતા જતા માણસોની અવર-જવર પર દેખરેખ રાખી શકાય અને વાહનચોરી તથા ચીલઝડપ તથા ધાડ-લૂંટ જેવા ગંભીર ગુના આચરતા ઈસમો પર નિગરાની રાખી શકાય તથા વાહન ચાલક તથા તેની બાજુમાં વ્યક્તિનું વિડીઓ રેકોડીંગ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા નાઇટવીઝન કેમેરા(હાઇડેફીનેશન)સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી., નાઈટવીઝન કેમેરા (હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવા.

(૫) તમામ પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરાઓ ગોઠવવા.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી/કર્મચારી જ કાર્યવાહી કરી શકાશે.

આ જાહેરનામું તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૨૫/૧૦/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

----------------

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર,લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી.જાહેરનામાં/૧૭૪૦/૨૦૨૫ તા.૨૫/૦૮/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/ઔધોગિક/મકાન ભાડા/જાહેરનામું/વશી/૮૭૮/૨૦૨૫, તા.૨૭/૦૬/૨૦૨૫.

**જાહેરનામું :-**

**-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-**

નં.એમએજી/ઔધોગિક/મકાન ભાડા/જાહેરનામું/વશી/૧૨૬૧/૨૦૨૫.–બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા ત્રાસવાદી, અસામાજીક તત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા આવા તત્વો રહેણાંક તથા ઔધોગિક વિસ્તારોમાં મકાન, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામાં આપતા હોય છે સબબ આમુખ-(૧) થી આગામી સમયમાં ગણેશ ચતુર્થી, ઈદે મિલાદ, ગાંધી જયંતિ, વિજયા દશમી, દિવાળી, બેસતુ વર્ષ, ભાઈબીજ જેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે જાહેરનામાંની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ હોઈ, જેથી ઔધોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

સબબ, હું સી.વી.લટા (જી.એ.એસ.), ઈ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/ એમએજી/સત્તાસોંપણીજાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં કોઈ ઔધોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, મકાન માલિકે ખાસ સત્તા માપેલ વ્યકિત જયારે એકમ, મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને એકમ, મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ એકમ, મકાનની વિગત, ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોઈ તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| **મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ** |
|---|
| ઔધોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત.<br>( ઔધોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફલેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફીસ/ગોડાઉન/શેડ પ્લોટ વિગેરે મિલકત) |
| પોલીસ ઈન્સપેકટરશ્રી / પોલીસ સબ ઈન્સપેકટરશ્રી,......................પોલીસ સ્ટેશન,તા................................ |
| ઔધોગિક એકમ, મકાન માલિકનું નામ શ્રી/શ્રીમતિ............................................... |
| જન્મ તારીખ (ઉમર)......................,સરનામું......................... |
| ફોન નં. (ઘર), ..................(ઓફીસ)............................(મો).........................., |
| ઔધોગિક એકમ, મકાન ભાડે રાખનારનું નામ શ્રી/શ્રીમતિ..............................., |
| જન્મ તારીખ (ઉમર).......................................,ભાડે રાખેલ મિલકતનું સરનામું............................... |
| (ભાડે રાખેલ મિલકત) નાં ફોન નંબર.............................(મો).............................. |
| કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો.<br>રીન્યુઅલ તારીખ...................................... |
| ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું.) |
| ફોન નું, (ઘર).............................(ઓફીસ)...................................(મો.).............................. |
| નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું................................................... |
| ભાડું કેટલું રૂ....................... ડિપોઝીટ રૂ.......................................... |

| -: નિયમો :- | |
|---|---|
| ૧ | આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે. |
| ૨ | આ ફોર્મ સંપુર્ણ ભરીને મિલ્કત માલિક અથવા ભાડુઆતે કલાક ૧૮.૦૦ થી ૧૯.૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે. |
| ૩ | આ ફોર્મ સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે. |

| | |
|---|---|
| ૪ | તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે. |
| ૫ | સીગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર અથવા તો કંપનીનો નિમણુંકપત્ર, અભ્યાસ કરતો હોય તો તેનો પુરાવો મેળવવાનો રહેશે જે આ સાથે સામેલ કરવું. |
| ૬ | ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીગ લાયસન્સ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ,કંપનીનો લેટરપેડ રજૂ કરવાના રહેશે. |
| ૭ | આ સાથે રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે. |
| ૮ | મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે. |
| ૯ | ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆતે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની રહેશે. |
| ૧૦ | બને ત્યાં સુધી મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખી આપવી. |
| ૧૧ | આ ફોર્મ મહીસાગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એકસરખુ રહેશે, અને દરેક પોલીસ સ્ટેશનમાં થાણા ઇન્ચાર્જશ્રીએ માન્ય રાખવાનું રહેશે. |
| ૧૨ | એજન્ટનું નામ શ્રી/શ્રીમતિ.................................. |
| ૧૩ | એજન્ટનું સરનામું........................................... |
| ૧૪ | ફોન નંબર (ઘર) (ઓફીસ) (મો) |
| | ભાડુઆતના સબંધીની વિગત અને સરનામું, |
| ૧૫ | (૧) |
| | ફોન નંબર (ઘર) (ઓફીસ) (મો) |
| ૧૬ | (૨) |
| | ફોન નંબર (ઘર) (ઓફીસ) (મો) |

| | | |
|---|---|---|
| ભાડુઆતનો પાસપોર્ટ સાઇઝનો ફોટો | એક મકાન માલીકનો પાસપોર્ટ સાઇઅઝનો ફોટો | પોલીસ સ્ટેશનનો સહી સિક્કો અને તારીખ |
| ભાડુઆતની સહી | મિલ્કત માલિકની સહી | એજન્ટની સહી |

આ જાહેરનામું તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૨૫/૧૦/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી/કર્મચારી જ કાર્યવાહી કરી શકાશે.

----------------

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર,લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઇ.બી.જાહેરનામાં/૧૭૪૦/૨૦૨૫ તા.૨૫/૦૮/૨૦૨૫

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/રહેણાંક/મકાન ભાડા/નોંધણી/જાહેરનામું/વશી/૮૭૯/૨૦૨૫, તા.૨૭/૦૬/૨૦૨૫

**જાહેરનામું :-**

**-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-**

નં.એમએજી/રહેણાંક/મકાન ભાડા/નોંધણી/જાહેરનામું/વશી/૧૨૬૨/૨૦૨૫.–બહારના રાજ્યમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્વો ધ્વારા સ્થાનિક લોકોની મદદથી ભાડેથી આથવા વેચાણથી રહેણાંક વિસ્તારમાં મકાન લઇ સ્થાનિક લોકોમાં ગુપ્ત રીતે ભળી જઈ સામાન્ય માણસોની જેમ રહી પોતાના બદ ઈરાદા પાર પાડી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરી તેમજ માનવ જીંદગીની ખુવારી કરી લોકોની સંપત્તિને નુકશાન કરી જતા રહેતા હોય છે અને પાછળથી તેઓના નામ, સરનામાં મળી શકતા નથી અને ગુન્હાઓનો ભેદ ખુલી શકતો નથી. બહાર રાજ્યના (પર પ્રાંતિય) ઇસમોને મકાન ભાડે આપવા અંગે અત્રેના સંદર્ભ-૨વાળા જાહેરનામાંની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઇના મકાન ભાડે રાખી રહેતા હોઇ છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ ને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. આમુખ-૧ થી આગામી સમયમાં ગણેશ ચતુર્થી, ઈદે મિલાદ, ગાંધી જયંતિ, વિજયા દશમી, દિવાળી, બેસતુ વર્ષ, ભાઈબીજ જેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે જાહેરનામાંની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ હોઇ, જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

સબબ, હું સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર,માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ : ક્રમાંક/ એમએજી/સત્તાસોંપણીજાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નં. | મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત વિસ્તાર મકાન નંબર | મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ સરનામું. | મકાન ક્યારે ભાડે આપેલ છે. ભાડાની વિગત સાથે કેટલા સમય માટે ભાડે આપેલ છે. | કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે. તેમાં રહેનાર વ્યક્તિના પાકા નામ સરનામાં | સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું. | મકાન માલિકને ભાડુઆતોનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી/કર્મચારી જ કાર્યવાહી કરી શકાશે.

આ જાહેરનામું તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૨૫/૧૦/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

----------------

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર,લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી.જાહેરનામા/૧૭૪૦/૨૦૨૫ તા.૨૫/૦૮/૨૦૨૫

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/વાહન/ખરીદ/વેચાણ/જાહેરનામું/વશી/૮૮૦/૨૦૨૫, તા.૨૭/૦૬/૨૦૨૫.

**જાહેરનામું :-**

**-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::-**

નં.એમએજી/વાહન/ખરીદ/વેચાણ/જાહેરનામું/વશી/૧૨૬૩/૨૦૨૫.–રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો વર્તમાન અને ભુતકાળમાં બનેલ અને અગાઉ જમ્મુ- કાશ્મીર ખાતે આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બે બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની ટુ,થ્રી,ફોર વ્હીલર ગાડીઓ જુના વાહનો તથા તેના સ્પેરપાર્ટોનો ઉપયોગ આ તત્વો ધ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરવા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના, પર પ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ લથડતી હોય છે. આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુના ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર, વાહનો ખરીદવા- વેચવા અંગે બી.એન.એસ.એસ. કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો ધ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય તેમજ તે અંગે આમુખ-૧ થી આગામી સમયમાં ગણેશ ચતુર્થી, ઈદે મિલાદ, ગાંધી જયંતિ, વિજયા દશમી, દિવાળી, બેસતુ વર્ષ, ભાઈબીજ જેવા તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે અત્રેના સંદર્ભ-૨ વાળા જાહેરનામાની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ છે. ઉપરોક્ત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ,હું સી.વી.લટા(જી.એ.એસ.),ઈ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર,માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,મહીસાગરના હુકમ: ક્રમાંક/એમએજી/ સત્તાસોંપણીજાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મહીસાગર જિલ્લાના વિસ્તારમાં જુના ટુ વ્હીલર, થ્રી વ્હીલર,ફોર વ્હીલર,ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ નીચે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અ.નં. | વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ | ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઇલ નંબર | ખરીદનારનું આઇ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત | જુનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ. | એન્જીન/ચેચીસ નંબર, મોડલ નંબર રજીસ્ટેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

૧. જુનુ ફોર વ્હીલર, થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

૨. વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઇલેકશન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઇ પણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઇપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણ કર્તાએ મેળવવાનો રહેશે.

૩. બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઇલ નંબર લખવો.

૪. વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડેલ નંબર, રજીસ્ટેશન નંબર/ચેચીસ નંબર લખવો.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી/કર્મચારી જ કાર્યવાહી કરી શકાશે.

આ જાહેરનામું તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૨૫/૧૦/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

----------------

**વંચાણે લીધા :-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી મહીસાગર,લુણાવાડાના પત્ર ક્રમાંક: એલ.આઇ.બી.જાહેરનામા/૧૭૪૦/૨૦૨૫, તા.૨૫/૦૮/૨૦૨૫.

(૨) અત્રેના જાહેરનામાં પત્ર નં.એમએજી/શસ્ત્ર/ભાષણ/પ્રતિબંધ/જાહેરનામું/વશી/૮૮૧/૨૦૨૫, તા.૨૭/૦૬/૨૦૨૫.

**જાહેરનામું :-**

**-:: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળનું. ::-**

નં.એમએજી/શસ્ત્ર/ભાષણ/પ્રતિબંધ/જાહેરનામું/વશી/૧૨૬૪/૨૦૨૫.–અત્રેના મહિસાગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે પોલીસ અધિક્ષકશ્રી, મહીસાગર-લુણાવાડાએ તેઓના આમુખ-૧ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

જે દરખાસ્ત જોતા અત્રેના જિલ્લામાં ઉપરોક્ત કલમ હેઠળ જાહેરનામું બહાર પાડવુ જરૂરી જણાઇ આવતાં, સબબ, હું સી.વી.લટા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/ એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સતાની રૂઇએ ફરમાવું છુ કે, નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૨૫/૧૦/૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી કોઇએ.

(૧) શસ્ત્ર, દંડા, તલવાર,ભાલા,ધોકા,છરી,લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઇજા પહોંચાડી શકે તેવુ કોઇપણ સાધન લઈ જવું નહી.

(૨) કોઇપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહી.

(૩) પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજા વસ્તુઓ અથવા વસ્તુ ફેકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહી.

(૪) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી બાળવા નહી.

(૫) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી. અશ્લિલ ગીતો ગાવા નહી અને ટોળામાં ફરકવું નહી.

(૬) જે છટાદાર ભાષણ આપવાની, ચાળા પાળવાની, અથવા નકલ કરવાની તથા ચીત્ર, નીશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય, અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**-:પ રિ શિ ષ્ટ :-**

" મહીસાગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર "

**આ જાહેરનામું નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.**

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિત્તે હથીયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથીયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશક્તિને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી થી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત્ર અપાતુ હોય તેવા બડવાઓને દંડ રાખેલ હોય તેને

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગરતો તેઓશ્રીએ નિયુક્ત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યક્તિને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

(૮) ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

(૯) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી ધરાવનારાઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ જાહેરનામાંના કોઇપણ ખંડનું ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

**સી. વી. લટા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા.

----------------

## જાહેરનામું

**-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું-**

નં.ડીસીબી/એમએજી/સ્પધાત્મક પરીક્ષા/જાહેરનામું/વશી.૭૩૮૨ થી ૭૪૨૧/૨૦૨૫.-ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા આગામી તા.૦૭/૦૯/૨૦૨૫ના રોજ લેવાનારા નાયબ સેકશન અધિકારી વર્ગ-૩ અને નાયબ મામલતદાર વર્ગ-૩ (જા.ક.૧૨૭/૨૦૨૪-૨૫) અને (જા.ક.૦૮/૨૦૨૫-૨૬)ની પરીક્ષા લેવાનાર હોઈ, સદર પરીક્ષા ઉમેદવારો સાનુકૂળ વાતાવરણમાં અને શાંતિથી આપી શકે તે માટે પરીક્ષા સ્થળોની આસપાસ જરૂરીયાત મુજબ પ્રતિબંધાત્મક હુકમો કરવા અને અમંલ કુરાવવા તેમજ પરીક્ષા સ્થળોની આસપાસ ઝેરોક્ષ/નકલો/ફેક્સ સબંધિત દુકાનો બંધ_કરાવવા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા નાયબ કો-ઓર્ડીનેટર (પરીક્ષા) અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નવસારીની કચેરીના પત્ર જા.નં.પ્રા.૨/૨૦૨૫/૧૦૪૭૧-૭૩ તા.૦૨/૦૯/૨૦૨૫ થી જણાવેલ છે.

આથી નવસારી જિલ્લામાં નિયત કરેલ તમામ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સંચાલન સરળ અને સુચારૂ થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તેમજ જાહેર પરીક્ષાની વ્યવસ્થા જળવાઈ રહે તે હેતસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દોની ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા તથા હથિયાર કે મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ લઈ જવા પર કે પરીક્ષા સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટર અંદર ઝેરોક્ષ/નકલો/ફેક્સ સબંધિત દુકાનો તા.૦૭/૦૯/૨૦૨૫ (રવિવાર) ના રોજ સવારે ૦૯:૦૦ થી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને યોગ્ય જણાય છે.

વાસ્તે હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નિર્દિષ્ટ કરેલ નવસારી જિલ્લાનાં નિયત કરેલ પરીક્ષા કેન્દ્રોની અને બીલ્ડીંગની હદથી ૧૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા, કોઈ પણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહીત) હથિયાર, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ લઈ જવા ઉપર તેમજ લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તથા સદરહુ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર અંદર ઝેરોક્ષ / નકલો / ફેક્સ સબંધિત સેન્ટરો તા.૦૭/૦૯/૨૦૨૫ (રવિવાર)ના રોજ સવારે ૦૯:૦૦ થી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ તથા નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

- **કૃત્યો-**

(૧) અન્ય કોઈ બિનઅધિકૃત વ્યકિતઓએ પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/બીલ્ડીંગના વિસ્તારમાં દાખલ થવું નહિ.

(૨) કોઈપણ ઈસમે, કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવા પર

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ,વિક્ષેપ, ધ્યાનભંગ થાય તેવું કોઈપણ કૃત્ય કરવા / કરાવવા

(૪) પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી પ્રતિબંધિત કોઈપણ વસ્તુ, ઈલેકટ્રોનિક આઈટમ, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ, નકલો વિગેરેનું વહન કરવા કે કરાવવા માં મદદગારી કરવા પર

(૫) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવા / સભા બોલાવવા, સરઘસ કાઢવા કે ભેગા થવા પર

- **આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષકશ્રી અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

(૩) આ હુકમ લગ્નનાં વરઘોડાને કે સ્મશાનયાત્રાને તથા રેલ્વે / એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યકિતઓને તથા ઉકત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ/વિદ્યાર્થીઓને તેમજ પરીક્ષાની કામગીરી માટે રોકાયેલા અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં.

**-: શિક્ષા :-**

ઉપરોકત હુકમનો ભંગ કર્યેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ લાયક શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ. ૦૨/૦૯/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

--------------

**વંચાણે લીધુ :-**

1. નામ.સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૭૨/૧૯૯૮, તા.૧૮/૦૭/૨૦૦૫.

2. પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, 2000.

3. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં તા.૦૩/૧૨/૨૦૧૯ ના નોટિફિકેશન નં.GPCB/LGL:NGT: GENERAL: 115(2)/528796.

4. ગૃહ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૨૪નો પરિપત્ર ક્રમાંક.: HD/COU/e-file/8/2023/0331/M/P.F

5. ગૃહ વિભાગનો તા.૦૪/૦૫/૨૦૨૪નો પરિપત્ર ક્રમાંક: HD/COU/e-file/8/2023/0331/M/P.F

6. ગૃહ વિભાગનો સચિવાલય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક. HD/COU/e-file/8/2023/0331/M/P.F. તા.૧૬/૦૬/૨૦૨૫

**જાહેરનામું**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું:-**

નં.ડીસીબી/એમએજી/ધ્વનિ/જાહેરનામું/વશી ૭૩૨૩ થી ૭૩૪૦/૨૦૨૫.-વંચાણ (૧) થી (૨) ની વિગતે ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લાવવા સારું અને જાહેર જનતાના રાજીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટે જે નિર્દેશો આપ્યા છે તેમજ પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા માટે જરૂરી બની રહે છે. વિભિન્ન પાર્ટી પ્લોટ, જાહેર સંસ્થાઓ, ખાનગી માલિકોના ફાર્મ તથા અન્ય જગ્યાઓએ મોટા અવાજ કરતા યંત્રો વગાડીને જાહેર જનતાને નુકશાન થાય તેવી રીતે વર્તતા હોય છે. સરઘસો, રેલીઓ અને વરઘોડામાં માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડિસ્ક જોકી) સિસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તીવ્રતાથી મોટા કર્ણભેદી અવાજો, ઘોંઘાટમય સંગીત, ગીતો રેલાવી વિદ્યાર્થીઓના અભ્યાસમાં, દર્દીઓના આરામમાં, સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી /કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે. માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીરક જોકી) સિસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બની શકે છે. તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે.

જિલ્લામાં કોઈ પણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે માન જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડિસ્ક.જોકી) સિસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ ની જોગવાઈઓ ધ્યાને લેતા માઈક, લાઉડ સ્પીક તથા ડી.જે. (ડિસ્ક જોકી) સિસ્ટમ તેમજ તે પ્રકારના અવાજો ઉત્પન્ન કરતા યંત્રોના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

અવાજના પ્રદુષણને અટકાવવા અંગે વંચાણ (૩)થી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તાત્કાલિક અસરથી સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે તમામ સાઉન્ડ સિસ્ટમ / પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં "સાઉન્ડ લિમિટર્સ" નો ફરજિયાત ઉપયોગ કરવા સૂચના આપવામાં આવેલ છે. જેના અનુસંધાને ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા વંચાણ (૪) ના પરિપત્રથી "(૧) કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/ કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડસ્પીકર/સાઉન્ડ સિસ્ટમ વેચી/ખરીદી / સપ્લાય કે ઇન્સ્ટોલ કરી શકે નહી. હાલની સાઉન્ડ સિસ્ટમ માટે પણ સાઉન્ડ લિમિટરનું ઇન્સ્ટોલેશન/રેટ્રોફિટિંગ ફરજિયાત કરવા તથા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો તથા ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને કોઈપણ સરકારી અથવા બિન-સરકારી કાર્યમાં સાઉન્ડ લિમિટર લગાવ્યા વિના કોઈપણ ઑડિયો સિસ્ટમ અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમ ઇન્સ્ટોલ/ઉપયોગ કરવામાં ન આવે તે બાબતની ખાતરી કરવા સૂચના આપવામાં આવેલ છે. (૨) સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે, ઘણા વાહનોમાં સાઉન્ડ સિસ્ટમ ઇન્સ્ટોલ કરવામાં આવે છે, કે જેમાં સાઉન્ડ લિમિટરનો ઉપયોગ કરવામાં આવતો નથી. આવા વાહનો અને સાઉન્ડ સિસ્ટમોની જપ્તી કરવાની કાર્યવાહીને વેગવંતી બનાવવી. (3) આથી, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના વંચાણે લીધેલ તા. ૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશનનું ચુસ્તપણે પાલન કરવા, તેમજ ઉપરની કોઈપણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ વ્યક્તિ, જેવી ઉત્પાદક / વેપારી/ દુકાનદાર/વાહન-ચાલક/ કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ /લાઉડસ્પીકર/સાઉન્ડ સિસ્ટમ વેચી/ખરીદી / સપ્લાય કરે તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને જણાવવામાં આવે છે." તેવી સુચના પરિપત્રિત કરેલ છે.

આ ઉપરાંત ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા વંચાણ (૫) ના પરિપત્રથી "(૧) ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ કે જાણકારી મળતાં પીસીઆર કે પોલીસ ટીમ દ્વારા અત્યંત વિલંબથી પ્રતિભાવ આપવામાં આવે અથવા માત્ર ધ્વનિ પ્રદૂષણ બંધ કરાવવામાં આવે અને કોઈ કાયદેસરની કાર્યવાહી ન કરવામાં આવે અથવા અપૂરતી અને અયોગ્ય રીતે કાર્યવાહી કરવામાં આવે અથવા સ્થળ-તપાસ જ કરવામાં ન આવે એવા કિસ્સામાં જે તે પીસીઆરના ઇન્ચાર્જ/પોલીસ ટીમના ઈન્ચાર્જ/તપાસ કરનાર અધિકારીની સીધી જવાબદારી ગણવામાં આવશે. (૨) ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ અંગે માત્ર આયોજક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવે પણ ડીજે/ લાઉડસ્પીકરના માલિક/સંચાલક /ઓપરેટર વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવે અને ડીજે/લાઉડસ્પીકરની જપ્તી અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં ન આવે એવા કિસ્સામાં જે તે પીસીઆરના ઇન્ચાર્જ/પોલીસ ટીમના ઇન્ચાર્જ/તપાસ કરનાર અધિકારીની સીધી જવાબદારી ગણવામાં આવશે. (૩) પીસીઆર કે પોલીસ ટીમ દ્વારા ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ કે જાણકારી મળતાં ધ્વનિ પ્રદુષણના ચકાસણી કરવા સારૂ ફાળવેલ Digital Sound Level Meter Devices નો ઉપયોગ કરવાનો રહેશે. (૪) આવી કોઈ ફરિયાદ આવે કે બનાવ બને તો તેને ન અટકાવી શકવા માટે કે તે બાબતે કોઈ કાર્યવાહી ન કરવા માટે ઓપી/ચોકી ઇન્ચાર્જ અને થાણા ઇન્ચાર્જ ઉપરાંત જો આ ધ્યાનિ પ્રદૂષણના નોટીફિકેશનનું ઉલ્લંઘન નાઈટ રાઉન્ડ દરમિયાન થયેલ હોય તો નાઈટ ડ્યુટી દરમિયાનના સ્થાનિક પોલીસના નાઈટ રાઉન્ડ ઇન્ચાર્જની સીધી જવાબદારી નક્કી કરવામાં આવશે. (૫) આ પ્રકારની ઘટનાઓ નિવારવામાં નિષ્ફળતા બદલ સુપરવાઈઝરી અધિકારીઓની લાગુ પડે ત્યાં નિષ્કાળજી, બેદરકારી, શિથિલતા, નિષ્ક્રિયતા ગણી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે." તેમ જણાવી ડીજે/લાઉડસ્પીકર વગાડવા માટેની પરવાનગી આપતી વખતે આ સાથે બિડેલ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર(SOP) અનુસરવાની રહેશે તેમ જણાવી, નીચે મુજબની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર(SOP) નક્કી કરેલ છે.

(૧) કોઈપણ કાર્યક્રમ કે સભા કે સરઘસ અંગેની પરવાનગી જે-તે આયોજકે લેવાની રહેતી હોય છે. આ ઉપરાંત સદરહુ કાર્યક્રમ કે સભા કે સરઘસ અંગે આયોજક સિવાય જે-તે ડીજે/લાઉડ સ્પીકર માલિક/સંચાલક/operator દ્વારા પણ અલગથી અને સ્વતંત્ર રીતે આવી સિસ્ટમ વગાડવા માટે The Noise Pollution (Regulation & Control) Rules, 2000 મુજબ સક્ષમ સત્તાધિકારી પાસેથી અલગથી ફરજીયાત પરવાનગી મેળવવાની રહેશે.

(૨) આયોજકની પૂરતી ચકાસણી સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપતા પહેલા કરવી તથા આયોજક વતી પરવાનગી માંગનારને પરવાનગી ન આપીને ફક્ત આયોજકની ખરાઈ કરીને જ પરવાનગી આપવાની રહેશે. આ જ નિયમ ડીજે/લાઉડસ્પીકર અંગેની પરવાનગી માંગનારને પણ લાગુ પડશે.

(3) આયોજકને પરવાનગી આપતી વખતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ નિર્ધારિત કરવામાં આવેલ માપદંડો પ્રમાણે મર્યાદામાં ડીજે/લાઉડસ્પીકર વગાડશે તે અંગેની બાહેધરી લેવાની રહેશે. ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પણ અલગથી પરવાનગી લેવાની રહેશે તેમજ તેમના દ્વારા પણ ઉપરોક્ત બાંહેધરી અલગથી અને સ્વતંત્ર રીતે આપવાની રહેશે.

(૪) સાઉન્ડ સિસ્ટમ સાથે સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરેલ 01 હોય તેવા માલિક/સંચાલક/operatorને મંજૂરી આપવાની રહેશે નહીં.

(૫) સાયલન્સ ઝોનની યાદી દર વર્ષે જિલ્લા કલેક્ટરશ્રી/પોલીસ કમિશ્નરશ્રી દ્વારા જાહેર કરવામાં આવશે તથા તેની યાદી તેમના public domain પર પણ મુકવામાં આવશે તથા તેની યાદી સ્થાનિક પોલીસને પણ આપવામાં આવશે. સ્થાનિક પોલીસ દ્વારા ડીજે/લાઉડર સ્પીકરની વપરાશ કરવાની પરવાનગી આપતા પહેલા આ બાબત ધ્યાને લેવાની રહેશે તથા તે અનુસાર રૂટ/સ્થાનની પરવાનગી આપવાની રહેશે.

(૬) રાત્રીના ૧૦:૦૦ થી સવારના ૦૬:00 વાગ્યા સુધી ડીજે/લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહી.

(૭) જે-તે આયોજક તથા જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પરવાનગી મેળવતી વખતે પરવાનગી આપનાર સત્તાધિકારીને અલગ-અલગ રીતે બાંહેધરી આપવી પડશે કે "અવાજનુ સ્તર પ્રવર્તમાન ધ્વનિ પ્રદૂષણ નિયમો, ૨૦૦૦ માં નિર્ધારિત ધોરણો મુજબ જાળવવામાં આવશે અને જો અવાજનું સ્તર નિર્ધારિત ધોરણો કરતાં વધી જશે તો તેઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા થનાર નિયમાનુસારની તમામ કાયદેસરની કાર્યવાહી માટે જવાબદાર રહેશે."

ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા તમામ લાયસન્સિંગ સત્તાવાળાઓ તથા પોલીસ સત્તાવાળાઓને આથી જણાવવામાં આવે છે.

વધુમાં, હાલ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા વંચાણ (૬) થી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ નું. અસરકારક અમલીકરણ થાય તેમજ ધ્વનિ પ્રદૂષણનું અસરકારક નિયંત્રણ થાય તે હેતુથી પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવેલ છે.

6. સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે વંચાણે લીધા કમાંક (૪) અને (૫) થી દર્શાવેલ ગૃહ વિભાગના તા.૨૧/૦૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રોનું ચુસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.

7. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા ડી.જે. ટ્રક ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરે તો તેમના વિરુદ્ધ તાત્કાલિક નિયમાનુસાર પગલાં લેવાના રહેશે.

8. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા કોઈપણ નવા ડી.જે. ટ્રકને અન્ય સૂચનાઓ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી પરવાનગી આપવાની રહેશે નહિ.

9. હાલમાં ઉપયોગમાં લેવાઈ રહેલા ડી.જે. ટ્રક માટે સંબંધિત સત્તાવાળાની પરવાનગી લેવામાં આવેલ છે કે કેમ તે અંગેની સંબંધિત સત્તાવાળાએ પૂરતી ચકાસણી કરવાની રહેશે તેમજ પરવાનગી વિના ડી.જે. ટ્રક ઉપયોગમાં લેવાતા હોવાની બાબત ધ્યાનમાં આવે તે કિસ્સામાં તાત્કાલિક આવા ડી.જે. ટ્રક જપ્ત કરવાના રહેશે.

10. ગૃહ વિભાગના તા:૨૧/૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રો તેમજ આ પરિપત્રનું ચુસ્તપણે અમલીકરણ કરવામાં જો સંબંધિત સત્તાવાળા નિષ્ફળ રહેશે તો નિષ્કાળજી, શિથિલતા, નિષ્ક્રિયતા ગણી તેની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

સબબ ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને જણાવવા નવસારી જિલ્લમાં ધ્વનિ પ્રદૂષણ અંગે જાહેરનામું બહાર પાડવુ ઉચિત જણાય છે.

**હુકમ**

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઇએ સમગ્ર નવસારી જિલ્લાના હદ વિસ્તારમાં તા.૦૨/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૧૦/૨૦૨૫ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત કૃત્ય ::**

(૧) ડી.જે. / સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમ / માઈક સિસ્ટમનો રાત્રિના 10:00 કલાક થી સવારના ૦૬:00 કલાક સુધીના સમય દરમ્યાન ઉપયોગ કરવા ઉપર. (સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન જ આવી પરવાનગી રાતના ૧૦:૦૦ કલાક ની જગ્યાએ ૧૨:૦૦ કલાક સુધી મળી શકશે.)

(૨) ડી.જે./ માઈક સિસ્ટમ ભાડે આપનાર, માલિક, ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર દ્વારા સમગ્ર નવસારી જિલ્લાના હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે ડી.જે./માઈક સિસ્ટમ ભાડે આપવા ઉપર.

(૩) હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને "શાંત વિસ્તાર" તરીકે ગણવામાં આવે છે જેથી "શાંત વિસ્તાર" ની આજુબાજુમાં ડી.જે./ માઈક સિસ્ટમ કે તે પ્રકારના અવાજો ઉત્પન્ન કરતા યંત્રોનો ઉપયોગ કરવા ઉપર.

(૪) એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો, ગીતોનો ડી.જે./માઈક સિસ્ટમ માં ઉપયોગ કરવા ઉપર.

(૫) ટ્રાફિકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો / કાયદાઓનો અમલ થાય તે માટે જાહેર માર્ગમાં રોકાઈને નાચગાન, ગરબા વિગેરે કરવા ઉપર.

(૬) તમામ સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં "સાઉન્ડ લિમિટર્સ' વગરના વાજિંત્રો/યંત્રો/ સાધનોના ઉપયોગ કરવા ઉપર.

(૭) ("સાઉન્ડ લિમિટર્સ') વગરના વાજિંત્રો/ યંત્રો/ સાધનોના વેચાણ/ખરીદી / સપ્લાય કે ઇન્સ્ટોલ કરવા ઉપર.

(૮) ("સાઉન્ડ લિમિટર્સ") ઈન્સ્ટોલ કર્યા વગર સાઉન્ડ સિસ્ટમનો વાહનોમાં ઉપયોગ કરવા ઉપર.

(૯) ડી.જે./ માઈક સિસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઇઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે. / માઈક સિસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તે રીતે જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

**:: ડી.જે./માઈક સિસ્ટમ વગાડવા માટેનાં પ્રતિબંધ માંથી છૂટછાટ માટેની શરતો ::**

1. ડી.જે./ માઈક સિસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ ભાગીદારે / અરજદારે પરવાનગી મેળવવાની અરજી સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને ૭-દિવસ પહેલા કરી પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે

2. વરઘોડા/ રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

3. નવસારી જિલ્લાના સમગ્ર હદ વિસ્તારના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં ડી.જે. / માઈક સિસ્ટમનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહીં.

4.

પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

5. પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીશ્રીને અરજી કરવાની રહેશે. પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

6. માઈક સિસ્ટમ વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના 09:00 કલાક થી રાત્રિના ૧૦:૦૦ સલાક સુધી જ થશે.

7. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે ડી.જે. / માઈક સિસ્ટમ રાત્રિના ૧૦:૦૦ કલાક થી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ, આ સમય માટે ડી.જે./ માઈક સિસ્ટમના ઉપયોગ માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

**નોંધ**: ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ૧૦:૦૦ કલાક ના જગ્યાએ ૧૨:૦૦ કલાક વાગ્યા સુધી મળી શકશે.

8. કોઈપણ વિસ્તારમાં હવામાનમાં ઘોંઘાટ, અવાજનું પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦ થી ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

**નોંધ**:-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સિસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

9. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સિસ્ટમ / વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે તે સંકુલની હદ બહાર જાય નહીં.

10. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સિસ્ટમ/ વાજીંત્ર સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવું નહીં તથા ચલાવવું નહીં.

11. ડી.જે. / માઈક સિસ્ટમની પરવાનગી ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન કરે તો તેને અટકાવવા માટે અધિકૃત કોઈ પણ અધિકારીશ્રી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનગી ધરાવનારને ડી.જે. / માઈક સિસ્ટમ વાપરવા માટે મનાઈ કરવાનો હુકમ કરી શકશે

12. ફરજ પરનાં અધિકારીશ્રી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગેની શરતોનો કોઈ ભંગ કરે તો વાહન તથા ડી.જે. / માઈક સિસ્ટમ અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

13. સાઉન્ડ લિમિટર લગાવ્યા વિનાના કોઈપણ ડી.જે./ માઈક સિસ્ટમ/ લાઉડ સ્પિકર /પબ્લિક એડ્રેસ સિસ્ટમ/ સાઉન્ડ સિસ્ટમ વિગેરેનો જાહેરમાં ઉપયોગ કરી શકાશે નહી.

સદરહું જાહેરનામાની જાહેરાત/પ્રચાર/પ્રસાર/અમલવારી માટે પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ સહેલાઈથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડીને તેમજ લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને કેબલ ટીવી ઉપરથી કરવા / કરાવવાની રહેશે.

**:: શિક્ષા ::**

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર/કરાવનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તથા નવસારી જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૦૧/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

--------------

**વંચાણે લીધુ :-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર ક્રમાંક: નં.એલ.આઇ.બી./શ્રમિક કામ પો.વે./જાહેરનામું/૩૦૬૯/૨૦૨૫ તા.૦૪/૦૯/૨૦૨૫.

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું.**

નં.ડીસીબી/એમએજી-૨/જાહેરનામુ/શ્ર. કામ પો.વે./વશી.૭૬૮૦ થી ૭૭૧૯/૨૦૨૫.- આમુખ(૧)થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારી ધ્વારા રજુ થયેલ દરખાસ્ત પરત્વે નવસારી જીલ્લામાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોની વિગતો જોતા ઘણા ખિસ્સાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં, કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઇલ ઉધોગોમાં, ફેકટરીઓમાં તથા પ્રાઇવેટ સેકટરમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી, કારીગરો, મજુરો વિગેરે માલિકોનો વિશ્વાસ કેળવી, તેઓ માલિકોની પ્રવૃતિ પર વોચ રાખી પોતે તથા તેના સાગિરતો ગુનાહિત કૃત્યો રચી ભાગી જતા હોય છે તેમજ ઘણા કિસ્સાઓમાં આવા પરપ્રાંતિયો તેમના વતનમાં કે અન્ય કોઇ શહેર/જીલ્લાઓમાં ગંભીર ગુનાઓ આચરી નવસારી જીલ્લામાં આશરો લેતા હોય છે. તેઓના માલિક/ઠેકેદારો વિગેરેની પુરતી માહિતી ન હોવાના કારણે પોલીસ તેઓ સુધી પહોંચી શકતી નથી અને આવા ઈસમો નકસલી આતંકવાદી વિગરે જેવી રાષ્ટ્રદ્રોહી પ્રવૃતિ સાથે સેંકળાયેલ હોય અથવા સંકળાવાના હોય તેવી સંભાવના નકારી શકાય નહી જેના લીધે જીલ્લાની સલામતી અને શાંતી જોખમાય તે યોગ્ય અને ઇચ્છનીય નથી.

જેથી નવસારી જીલ્લામાં મકાનો/બંગલાઓ, કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષ ટાઇલ્સ ઉધોગ, હિરા ઉધોગ, ઓફિસો, દુકાનો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પર પ્રાંતિય કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરો, ખાનગી એકમો, ઈંટના ભઠ્ઠા તથા અન્ય ઉધોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઇવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરોની માહિતી/હકીકત સીટીઝન અંગેની તમામ નોંધણી પોર્ટલ વેબસાઇટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફસ્ટ એન્ડ્રોઈડ એપ્લીકેશન મારફતે ફરજીયાત નોંધણી કરાવવા તથા પોતાની પાસે રાખવા તથા કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરની નાગરિકતા ફરજિયાત ચેક કરવા તથા સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા અંગેનું તથા ઉકત મુદ્દાની સાથે સામે નીચે દર્શાવેલ કોલમ મુજબની માહિતી પણ પોતાની સાથે રાખવા અંગે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

| અ.નં. | વિગત |
|---|---|
| ૧ | મકાન/બંગલા, કારખાનેદાર, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઈલ્સ ઉધોગ, હીરા ઉધોગ તથા અન્ય ઉધોગ સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/દલાલ/મેનેજમેન્ટ/સ્ટાફનું નામ તથા સરનામું અને ટેલીફોન નંબર. |
| ૨ | કામે રાખેલ નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઇયા ઓનું પુરૂ નામ ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામુ, સ્થાનિક પો.સ્ટે.નું નામ, ટેલી ફોન નંબર |
| ૩ | કામે રાખેલ નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઇયા ઓનું મુળ વતનનું પુરૂ સરનામુ, સ્થાનિક પો.સ્ટે.નું નામ, ટેલી ફોન નંબર. |
| ૪ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઇયા ઓને રાખ્યાની તારીખ |
| ૫ | કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે તેનું નામ/સરનામુ/ટેલી ફોન નંબર |
| ૬ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયા નાઓના બે થી ત્રણ સગા સબંધિના નામ સરનામા, (સ્થાનિક તેમજ વતનના) |
| ૭ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓનો ફોટો |
| ૮ | નાગરિકતાના પુરાવા (આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણીકાર્ડ તથા અન્ય વિગેરે) |
| ૯ | નોકરો/મજુરો/કારીગરો જો વિદેશી નાગરિક હોય તો ફોરેનર્સ બ્રાંચ (એલ.આઈ.બી.) માં જાણ કરવી. |

વાસ્તે હું, યોગરાજસિંહ બી. ઝાલા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩-(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, નવસારી જીલ્લામાં મકાનો/બંગલાઓ, કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષ ટાઇલ્સ ઉધોગ, હિરા ઉધોગ, ઓફિસો, દુકાનો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પર પ્રાંતિય કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરો, ખાનગી એકમો, ઈંટના ભઠ્ઠા તથા અન્ય ઉધોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ધરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઇયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરોની માહિતી/હકીકત તમામ નોંધણી સીટીઝન પોર્ટલ અંગેની વેબસાઇટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફસ્ટ એન્ડ્રોઇડ એપ્લીકેશન મારફતે ફરજીયાત નોંધણી કરાવવા તથા પોતાની પાસે રાખવા તથા કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરની નાગરિકતા ફરજિયાત ચેક કરવા તથા સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા અંગેનું તથા ઉકત મુદ્દાની સાથે સામે નીચે દર્શાવેલ કોલમ મુજબની માહિતી પણ પોતાની સાથે રાખવા ફરમાવું છું.

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા.૧૦/૦૯/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૮/૧૧/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

**::વિસ્તાર::**

સમગ્ર નવસારી જિલ્લો

**શિક્ષા**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

----------------

**વંચાણે લીધુ :-**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી રા.ધો.વિ. ભરૂચના પત્ર નં.રા.ધો.વિ./પીબી/૯૪૭/૨૦૨૫, તા.૧૫/૦૭/૨૦૨૫.

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી નવસારીના પત્ર નં.એમએજી/જાહેરનામું/વશી.૨૫૦૫/૨૦૨૫, તા.૧૬/૦૭/૨૦૨૫.

(૩) પોલીસ અધિક્ષકશ્રી નવસારીના પત્ર નં.એલઆઈબી/જાહેરનામું/અભિપ્રાય/૨૩૦૪/૨૫, તા.૧૭/૭/૨૫.

(૪) અત્રેના જાહેરનામા ક્રમાંક: નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના/વશી.૬૧૮૨-૬૨૨૧/૨૦૨૫, તા.૧૭/૦૭/૨૦૨૫.

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી રા.ધો.વિ. ભરૂચના પત્ર નં.રા.ધો.વિ./પીબી/૧૩૦૬/૨૦૨૫, તા.૦૮/૦૯/૨૦૨૫.

(૬) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩.

## જાહેરનામું

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે.**

નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના/વશી. ૭૮૧૧ થી ૭૮૫૦/૨૦૨૫.–આમુખ(૧)થી કાર્યપાલક ઈજનેરશ્રી નવસારી જિલ્લામાં આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ.મી. ૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) જે વર્ષ ૧૯૭૮માં બનાવવામાં આવેલ હતો. હાલમાં આ બ્રિજ બન્યાને ૪૭ વર્ષ પૂર્ણ થયેલ હોય અને તાજેતરમાં વડોદરા જિલ્લામાં ગંભીરા બ્રિજ પર થયેલ હોનારતને ધ્યાને લેતા સદર બ્રિજનું ઈન્સ્પેકશન કરતા ડિઝાઈન સર્કલ, ગાંધીનગરના અધિકારીશ્રીની હાજરીમાં કરવામાં આવેલ. સદર બ્રિજનું ઈન્સ્પેકશન કરતા ડિઝાઈન સર્કલ, ગાંધીનગર દ્વારા સદર બ્રીજ "પૂવર" કન્ડીશનમાં માલૂમ જણાતા સદર બ્રીજ ભારે વાહનોની અવર જવર માટે બંધ કરવો હિતવાહ છે તેમ જણાવેલ. જેથી સલામતીના ભાગ રૂપે સદર બ્રીજ ભારે વાહનો, એસ.ટી. બસ તેમજ અન્ય તમામ હેવી મોટર વહીકલની અવરજવર પર પ્રતિબંધ મૂકી ફકત લાઈટ મોટર વ્હીકલ અને લાઈટ ઈમરજન્સી વ્હીકલ જેવા હળવા વજના વાહનોની અવર-જવર ચાલુ રાખી તેમજ ઉપરોક્ત રોડ સેક્શન બંધ થવાથી વાહનોની અવર-જવર માટે નીચે મુજબ ડાયવર્ઝન રૂટ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

(૧) સુરત તથા સચિન (SH-6)થી નવસારી તરફ આવતા ભારે વાહનો

- મરોલી-વેસ્મા રોડ (SH-195) થી નેશનલ હાઈવે-૪૮ થી નવસારી તરફ પસાર થઈ શકશે.
- કસ્બાપર-આમરી-ધોળાપીપળા રોડ (ODR) થી નેશનલ હાઈવે-૪૮ થી નવસારી તરફ પસાર થઈ શકશે.

(૨) નવસારીથી સુરત તથા સચિન (SH-6) તરફ જતાં ભારે વાહનો

- નવસારીથી થી નેશનલ હાઈવે-૪૮ થી મરોલી-વેસ્મા રોડ (SH-195) થી સુરત તથા સચિન તરફ પસાર થઈ શકશે.
- નવસારીથી થી નેશનલ હાઈવે-૪૮ થી કસ્બાપર-આમરી-ધોળાપીપળા રોડ (ODR)થી સુરત તથા સચિન તરફ પસાર થઈ શકશે.

ઉકત દરખાસ્ત અન્વયે આમુખ(૨)થી સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી નવસારી તેમજ આમુખ(૩)થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી દ્વારા ઉપરોક્ત જાહેરનામું બહાર પાડવા અન્વયે હકારાત્મક અભિપ્રાય આપેલ જેના અનુસંધાને અત્રેથી ઉક્ત આમુખ(૪)થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. હાલ કા.ઈ.શ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ ભરૂચ દ્વારા આમુખ(૫)થી સદરહું જાહેરનામાની મુદત વધારી આપવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ, રાષ્ટ્રીય ધોરી માર્ગ-૬૪ (કાસ્બાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ.મી. ૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂ છું.

### વૈકલ્પિક માર્ગ

| અ.નં. | ભારે વાહનો માટે પ્રતિબંધીત રૂટ | ડાયવર્ઝન રૂટ |
|---|---|---|
| ૧. | સુરત તથા સચિન (SH-6)થી નવસારી તરફ આવતા ભારે વાહનો (પુર્ણા નદી બ્રિજ ઉત્તર છેડે થી વિરાવળ ગામ તરફના દક્ષિણ છેડા સુધીનો માર્ગ) | ● સુરત-સચીન તરફથી આવતા ભારે વાહનો કસ્બાપાર ત્રણ રસ્તા-આમરી-ધોળાપીપળા-ને.હા. નં-૪૮-ગ્રીડ થઈ નવસારી શહેરમાં પ્રવેશ કરી શકશે.<br>● સુરત-સચીન તરફથી આવતા ભારે વાહનો મરોલી-વેસ્મા રોડ-ને.હા. નં-૪૮-ગ્રીડ થઈ શહેરમાં પ્રવેશ કરી શકશે. |
| ૨. | નવસારીથી સુરત તથા સચિન (SH-6) તરફ જતાં ભારે વાહનો (પુર્ણા નદી બ્રિજ વિરાવળ ગામ તરફના દક્ષિણ છેડા થી પુર્ણા નદીના ઉત્તર છેડા સુધીનો માર્ગ) | ● સુરત-સચીન તરફ જવા માટે વિવેકાનંદ સર્કલ થી ગ્રીડ-ને.હા.૪૮ વેસ્મા થી મરોલી રોડનો ઉપયોગ કરી સુરત તરફ જઈ શકશે.<br>● સુરત-સચીન તરફ જવા માટે વિવેકાનંદ સર્કલ થી ગ્રીડ-ને.હા.૪૮ ધોળાપીપળા થી આમરી-કસ્બાપાર ત્રણ રસ્તા થઈ સુરત તરફ જઈ શકશે. |

### શિક્ષા

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ હસ્તકના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

**અમલવારીનો સમય**

આ હુકમ તા.૧૬/૦૯/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૪/૧૧/૨૦૨૫ના ક.૦૦/૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, નવસારી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન સ્ટેટ, નવસારી તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, નવસારીએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉકત મુજબના સુચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા. ૧૫/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

----------------

**વંચાણે લીધુ :-**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.xમ.) વિભાગ નવસારીના પત્ર ક્રમાંક:જા.નં પંપેવિ/બાંધકામ/વશી/૩૪૯૦/૨૦૨૫ તા.૨૭/૦૫/૨૦૨૫.

(૨) પોલીસ અધિક્ષકશ્રી નવસારીના પત્ર નં.એલઆઈબી/જાહેરનામું/અભિપ્રાય/૧૬૬૮/૨૦૨૫, તા.૧૨/૦૬/૨૦૨૫.

(૩) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, વાંસદાના કચેરીના પત્ર નં. ઈ-સરકાર Letter No: POVNSD/0025/07/2025 તા.૧૧/૦૭/૨૦૨૫.

(૪) અત્રેના જાહેરનામા ક્રમાંક: નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના/વશી.૬૦૬૨-૬૦૯૧/૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫.

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.xમ.) વિભાગ નવસારીના પત્ર ક્રમાંક:જા.નં/બાંધકામ/પીબી/૬૦૪૮/૨૦૨૫ તા.૦૪/૦૯/૨૦૨૫.

(૬) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩.

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.**

નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના/વશી. ૭૮૫૧ થી ૭૮૯૦/૨૦૨૫.–આમુખ(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.xમ.) વિભાગ નવસારીએ વાંસદા તાલુકાના પેટા વિભાગીય કચેરી વાંસદા હસ્તકના ખાંભલા બિલમોડા રોડ ૧/૬૦ થી ૧/૮૦ ઉપર કાવેરી નદિ પર આવેલ હયાત ડુબાઉ ચેકડેમ કોઝ-વેની જગ્યાએ હાઈ લેવલ મેજર બ્રિજ બનાવવાનું કામ બજેટ ઉચ્ચક જોગવાય યોજના હેઠળ કરારનામા નં-બી-૧/૧૭ સને ૨૦૨૪-૨૫ થી મંજુર થયેલ છે. સદર કામ નીસમય મર્યાદા તા.૦૧/૧૦/૨૦૨૪ થી શરૂ કરી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીની છે. તેમજ કાવેરી નદી પરનો હયાત ચેકડેમ કોઝ-વે નબળો છે. જેથી ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદના કારણે વખતો વખત ડૂબી જવાની શક્યતા હોય, ચોમાસા દરમિયાન કોઈ આકસ્મિક બનાવ ના બને તે હેતુથી ચોમાસા દરમ્યાન ભારે વાહનો માટે ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામથી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપરથી જતા ભારે વાહનોને ખાંભલા થી ઉગા (જી.ડાંગ) થી વાનરચોંડ (જી.ડાંગ) થી ડોક્પાતાળ (જી. ડાંગ) થી જામલાપાડા (જી.ડાંગ) થી બારખાંધ્યા (જી.ડાંગ) થી હડકાઈચોંઢ (મહારાષ્ટ્ર રાજ્ય) SH-22 રોડ (મહારાષ્ટ્ર રાજ્ય) થઈ બિલમોડા ગામે આશરે કુલ ૧૫.૫૦ કિમી જેટલું અંતર કાપી જવા વૈકલ્પિક માર્ગ ઉપર રસ્તાને ડાયવર્ઝન આપવા જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ. જે અન્વયે આમુખ(૨)થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી દ્વારા ડાયવર્ઝન જણાવેલ વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ અને આમુખ(૩) થી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, વાંસદા દ્વારા ઉપરોકત જાહેરનામું બહાર પાડવા અત્રે હકારાત્મક અભિપ્રાય મોકલી આપેલ જેના અનુસંધાને અત્રેથી ઉકત આમુખ (૪) થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. હાલ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.xમ.) વિભાગ નવસારી દ્વારા આમુખ(૫)થી સદરહું જાહેરનામાની મુદ્દત વધારી આપવા માટે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ થી મને મળેલ સત્તાની રૂએ, ભારે વાહનો માટે ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામથી ખાંભલા ગામ તરફ ચેક ડેમ કોઝ -વે ઉપરથી જતા ભારે વાહનો માટે નવસારી જિલ્લાની હદમાં સમાવેશ તથા વિસ્તાર સુધી તા.૧૫/૦૯/૨૦૨૫ થી ૧૩/૧૧/૨૦૨૫ સુધી બંધ કરી વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે તેમજ પ્રતિબંધના સમયગાળા દરમ્યાન નીચે જણાવેલ વૈકલ્પિક માર્ગ ઉપર વાહનોની અવર જવર ડાયવર્ટ કરવા હુકમ ફરમાવુ છું.

**વૈકલ્પિક માર્ગની વિગત**

| ક્રમ | રૂટ | વૈકલ્પિક રૂટ |
|---|---|---|
| ૧. | ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામથી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપર | વાહનોને ખાંભલાથી ઉગા (જી.ડાંગ) થી વાનરચોંડ (જી.ડાંગ) થી ડોક્પાતાળ (જી.ડાંગ) થી જામલાપાડા (જી.ડાંગ) થી બારખાંધ્યા (જી.ડાંગ) થી હડકાઈચોંઢ (મહારાષ્ટ્ર રાજ્ય) થી SH-22 રોડ (મહારાષ્ટ્ર રાજ્ય) થઈ બિલમોડા જતા માર્ગો પૈકી નવસારી જિલ્લાની હદ વિસ્તારમાં આવતાં માર્ગના અંતર સુધી. |

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૫/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

----------------

**વંચાણે લીધું**

૧. પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં. એલ.આઈ.બી/CCTV કેમેરા/જા. નામું/૩૧૫૧/૨૦૨૫. તા.૧૨/૦૯/૨૦૨૫.

## જાહેરનામું

**-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું :-**

નં.ડીસીબી/એમએજી/CCTV/જા.ના./વશી. ૭૯૪૪ થી ૭૯૮૩/૨૦૨૫.–આમુખ-૧થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની દરખાસ્તને ધ્યાને લેતાં, રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિઓ ઉપર સતત વોચ રાખવા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો તથા ગુજરાતમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો ધ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણી બધ્ધબોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલ્કત હાની કરવામાં આવેલ આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજય બહારથી આવે છે. ગેરકાયદેસર પ્રવૃત્તિને કારણે નાગરીકોના જીવ જોખમાય છે. મિલ્કતને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. મંદિરોમાંથી આભુષણોની ચોરી, વાહન ચોરીઓ, એન્ટીક મુર્તિઓની ચોરી, ધાડ, લુંટના ગુનાનાં કારણે નાગરીકો અસલામતી અનુભવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવામાં મુશ્કેલ બને છે. જેથી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: જી.૧/કા.વ્ય/ટે.૨/જાહેરનામુ/૮૩૯/૨૦૧૨ ના પત્રના પત્રથી મળેલ સુચના અન્વયે.

હું, યોગરાજસિંહ બી.ઝાલા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી જિલ્લો નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) નવસારી જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા માટે જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફીકેશન થઈ શકે ગુનો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને એટલુ જ નહી ગુનેગારોની વિરુધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય જેથી જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપરના ફીલીંગ સ્ટેશનો ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રેકોડીંગ થઈ શકે તે રીતે ગોઠવવા પેટ્રોલપંપ ઉપર આવતી જતી વ્યકિતોઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) નવસારી જિલ્લામાં આવેલ તમામ હોટલના ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલી વ્યકિતઓનું રેકોડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) નવસારી જિલ્લામાં આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતાં જતા દરેક વાહનોનાં નંબર આઈડેન્ટીફીકેશન થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) નવસારી જિલ્લામાં આવેલ તમામ એ.ટી.એમ. સેન્ટરો ઉપર સી.સી.ટી.વી. કેમેરા અને ખાનગી સિકયુરીટી ગાર્ડ (૨૪ કલાક માટે) રાખવાં જેથી વ્યકિત ઓનું આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોડીંગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોડીંગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૫) નવસારી જિલ્લામાં આવેલ તમામ મોલ, પાર્ટી પ્લોટ, સિનેમા ગૃહો, બેન્કો, કલબો, અન્ય વ્યવસાયિક પ્રતિષ્ઠાન /બહુમાળી ઈમારતો વિગેરે જગ્યાઓમાં અંદર બહારના વિસ્તારો પણ આવરી લે તે રીતે નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા સી.સી. ટી.વી. કેમેરાનું રેકોડીંગ ૩૦-દિવસ સુધી સંગ્રહ કરવાનું અને તે જોવાની જવાબદારી સંચાલક/માલિકની રહેશે.

(૬) સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશનનાં રાખવા કેમેરા પુરતી સંખ્યામાં રાખવાં જેથી વ્યકિત કે વાહન આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોડીંગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોડીંગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૭) ચીલઝડપ, ચોરી, ધાડ, લુંટ, બોમ્બ બ્લાસ્ટ કરવાના પ્રયત્નો તથા સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડ-ભાડવાળા તેમજ લોકોની અવર-જવરવાળા વિસ્તારથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલકતને નુકશાન ન થાય તે માટે જરૂરી તકેદારી રાખવા સારુ નવસારી જિલ્લામાં આવેલ મોટા ધાર્મિક સ્થળો કે જયાં કાયદો અને વ્યવસ્થા જોખમાવાની શક્યતા હોય, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર જવેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, સુપર માર્કેટ/શોપીંગમોલ, શોપીંગ સેન્ટરો, કોર્મશીયલ સેન્ટરો, હોટલો, ગેસ્ટ હાઉસો, થિયેટરો, લોજીંગ બોડીંગો, ધર્મશાળાઓ, અતિથીગૃહો,વિશ્રામગૃહોમાં બહુમાળી બિલ્ડીંગોમાં તથા મોટા ધાર્મિક સ્થળોમાં અંદરના ભાગે સી.સી.ટી.વી. કેમેરા મુકવા.

**: સમયગાળો :-**

આ હુકમ તા. ૧૭-૦૯-૨૦૨૫ થી તા.૧૫-૧૧-૨૦૨૫ સુધી સમગ્ર નવસારી જિલ્લામાં અમલમાં રહેશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

----------------

**વંચાણે લીધું**

૧. પોલીસ અધિક્ષકશ્રી નવસારીના પત્ર નં.એલ.આઈ.બી/ભાડુઆત/જાહેરનામું/૩૧૫૨/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું:-**

નં.ડીસીબી/એમએજી/ભાડુઆત/વશી.૭૯૮૪ થી ૮૦૨૩/૨૦૨૫.-આમુખ-૧થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની દરખાસ્તને ધ્યાને લેતાં, બહારના રાજયોમાંથી તથા ગુજરાતના અન્ય વિસ્તારમાંથી અગર દેશ બહારથી આવતાં ત્રાસવાદી/અસામાજીક તત્વો કોઈના મકાન, ધંધાના એકમો, ઓફિસો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતાં હોય છે. જેથી ભાડેથી મકાન, ધંધાના એકમો, ઓફિસો વિગેરેના સંચાલકો/માલિકો ઉપર નિયંત્રણો મુકવા સારૂ તેઓના ભાડુઆતોનાં મુળ રહેઠાણ/ હાલના રહેઠાણ અને અત્રે શું કામ ધંધાથી આવેલ છે અને કોની ભલામણથી ભાડુઆત આવેલ છે તે અંગેની ભાડૂઆતોની માહિતી / આઈ.ડી.પ્રુફ / ભાડા કરાર તથા હાલના ફોટોગ્રાફસ સહિતની માહિતી ઉપરાંત તેમનો ગુનાહિત ઈતિહાસ મેળવી સંબધિત પોલીસ સ્ટેશનમાં આપવા અંગેનું જાહેરનામું ઉકત સંદર્ભિત પત્રથી પ્રસિધ્ધ કરવામાં આવેલ જે જાહેરનામાંની મુદ્દત તા.૧૬/૦૯/૨૦૨૫ ના રોજ પૂર્ણ થનાર હોય, સદરહું જાહેરનામું પુનઃ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

જિલ્લામાં ભુતકાળમાં તથા તાજેતરમાં લુંટ, ધાડ,ખુન તથા અપહરણ જેવા બનાવો બનેલ, આવા ગુનાઓની વિગતોમાં એવુ જોવા મળેલ કે કારખાનામાં, મકાન બાંધકામમાં તથા ફેકટરીઓમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરો, તથા ગુજરાતના અન્ય વિસ્તારના લોકો ઉપરોકત ગંભીર પ્રકારના ગુન્હાપોતે તથા તેના સાગરીતો દ્વારા આચર્યા બાદ ગુજરાતમાં અથવા અન્ય રાજયોમાં, પોતાના વતનમાં ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓ વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણાં કિસ્સામાં પરપ્રાંતીઓ, ગુજરાતના અન્ય વિસ્તારના લોકો તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી અત્રેના જિલ્લામાં આશરો લેતા હોય છે તેવી હકીકત જણાઈ આવેલ છે. આવા ઈસમો, જિલ્લાની સલામતી અને શાંતિ જોખમાય તેવા કૃત્ય કરતાં હોય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સરકારશ્રીના ગૃહવિભાગના પત્ર નં.વિ. ૧-કઅવ-૧૦૨૦૦૮-૧૪૪૫૭, તા.૫/૧૨/૨૦૦૮ ના પત્રથી મળેલ સુચના અન્વયે હું યોગરાજસિંહ બી.ઝાલા, જી.એ.એસ. અધિકજિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

૧. સમગ્ર નવસારી જિલ્લામાં આવેલ તમામ કારખાનેદારો, વાણિજય એકમો, ઉત્પાદન એકમો, જુદાજુદા પ્રકારની સેવાઓ મેળવતા તમામ પ્રકારના એકમો કે શૈક્ષણિક એકમો કે બાકી રહેતા તમામ પ્રકારના એકમો કે જેઓ બહારના માણસોની સેવાઓ એક યા બીજી રીતે કાયમી કે કામચલાઉ ધોરણે પ્રાપ્ત કરી પોતાની કામગીરીનું સંચાલન કરે છે. તેમને આ જાહેરનામુ લાગુ પડશે. મકાન બાંધકામ બિલ્ડર્સ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો / મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે. તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો તથા મકાન માલિકોએ તેમના રાખેલ ભાડુઆતની માહિતી વિગેરેની હકીકત તૈયાર કરી સબંધિત જે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે તા.૧૯/૧૦/૨૦૨૫ સુધીમાં આપવાની રહેશે.

૨. સમગ્ર નવસારી જિલ્લામાં આવેલ તમામ કારખાનેદારો,વાણિજય એકમો,જુદા જુદા પ્રકારની સેવાઓ મેળવતા તમામ પ્રકારના એકમો કે રહેણાંક એકમો કે શૈક્ષણિક એકમો કે બાકી રહેતા તમામ પ્રકારના એકમો કે જેઓ બહારના માણસોની સેવાઓ એક યા બીજી રીતે કાયમી કે કામચલાઉ ધોરણે પ્રાપ્ત કરી પોતાની કામગીરીનું સંચાલન કરે છે, મકાન બાંધકામ બિલ્ડર્સ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સબંધીત વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે દિન-૦૫માં આપવાની રહેશે.

ઉક્ત મુદ્દા. નં.૧ અને ૨ ની માહિતી નીચે દર્શાવેલ પરિશિષ્ટ-૧ અને ૨ મુજબની હકીકત તથા અન્ય જરૂરી બાયોડેટાની સીડી/માહિતીનું રજીસ્ટર તૈયાર કરી દિન-૦૫ માં જે તે વિસ્તારના પોલીસ સ્ટેશને આપવાનું રહેશે.

**પરિશિષ્ટ-૧**

| અ.નં. | માલીકનું નામ સરનામું, ટેલીફોન, મોબાઈલ નંબર તથા ધંધાની વિગત | કર્મચારીઓ, કારીગરો, મજુરનું પુરૂ નામ ઓળખચિન્હ તથા, સરનામું, ટેલીફોન નંબર તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ -સરનામા | કર્મચારી, કારીગર, મજુરને નોકરીએ રાખ્યાની તારીખ | કર્મચારી, કારીગર, મજુરને કોના રેફરન્સ, પરિચયથી ભલામણ થી નોકરીએ રાખેલ છે. તેનું નામ- સરનામું ટેલીફોન નંબર | નોકરનો ફોટો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

**પરિશિષ્ટ-૨**

| અ.નં. | મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમના ભાડે આપેલ તેની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ | મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમના માલિક તથા સત્તા વ્યક્તિનું સરનામું ધરાવતા નામ, ટેલીફોન નંબર | મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ | મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમ જે વ્યક્તિને ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, સરનામું તથા બે સબંધીઓના નામ, સરનામાની વિગત | મકાન/દુકાન/ ઓફિસ ઔધોગિક માલિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

**-: જાહેરનામાનો સમયગાળો:-**

આ હુકમ તા. ૧૭-૦૯-૨૦૨૫ થી તા.૧૫-૧૧-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

જે કોઈ સંસ્થા, એસોસીએશન અથવા એજન્સી આ પ્રકારના કર્મચારી/કારીગરો/મજુરોની માહિતી એકત્ર કરવા માંગતા હોય તેમને સબંધીત એકમો તથા કામ કરતા કર્મચારીઓએ પુરતો સાથ સહકાર આપવો. તેમજ પુરેપુરી માહિતી આપવી.જે કોઈ આવી માહિતી આપવા ઈન્કાર કરે, અથવા અધુરી માહિતી આપે, કે માહિતી આપવામાં વિલંબ કરે તો પણ આ જાહેરનામા અંતર્ગત ભંગ થયેલો ગણાશે. તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે નવસારી જિલ્લા વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે બી.એન.એસ.કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**-:: અપવાદ ::-**

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, ચૂંટાયેલી સંસ્થાઓને ઉપર મુજબનો હુકમ લાગુ પડશે નહિં.

આજ તારીખ ૧૬/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી હુકમ બહાર પાડ્યો.

**યોગરાજસિંહ બી. ઝાલા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

-------------

**જાહેરનામું**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::**

નં.એમએજી/ડાયવર્ઝન/વશી/૬૬૨૮ થી ૬૬૬૦/૨૫.-ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI), પરિયોજના કાર્યાન્વયન યુનિટ, સુરત તા.૧૩/૦૮/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરત દ્વારા તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ ભરૂચ થી સુરત સુધીના એન.એચ.-૪૮ પર આવેલ તાપી બ્રિજના એક્ષ્પાન્શન જોઈન્ટની સમારકામની કામગીરી કરવા તા.૧૦/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૦૮/૨૦૨૫ સુધી રોડ ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ. જે તાપી બ્રિજના એક્ષ્પાન્શન જોઈન્ટની સમારકામની કામગીરી પુર્ણ થઈ ગયેલ છે પરંતુ અન્ય થોડાક કામો વરસાદી મોસમના કારણે બાકી હોય જે તા.૨૦/૦૮/૨૦૨૫ સુધી પુર્ણ થઈ શકે તેમ છે. જેથી ઉપરોકત જાહેરનામાની મુદત તા.૨૦/૦૮/૨૦૨૫ સુધી લંબાવી આપવા વિનંતી છે.

સબબ તા.૧૩/૦૮/૨૦૨૫ થી તા.૨૦/૦૮/૨૦૨૫ દરમિયાન ટ્રાફિક નિયમન અંગેની કોઈ સમસ્યાઓ ઉપસ્થિત ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ટ્રાફિક નિયમન અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૩/૦૮/૨૦૨૫ થી તા.૨૦/૦૮/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરું છું.

| ક્રમ | વાહનનો પ્રકાર | ડાયવર્ઝનની વિગત | ડાયવર્ઝન આપેલ રૂટ |
|---|---|---|---|
| ૧ | ભારે વાહનો માટે | ભરૂચ થી સુરત સુધીના એન.એચ.-૪૮ પર આવેલ તાપી બ્રિજની ડાબી સાઇડ તરફથી આવતા વાહનો માટે | વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે, પેકેજ-૬ તરફ (એક્સપ્રેસ-વે પર ટુ-વ્હિલર વાહનોને મંજુરી નથી તેથી હાલમાં કાર્યરત રૂટનો જ ઉપયોગ ચાલુ રહેશે.) |

ભરૂચ થી સુરત સુધીના એન.એચ.-૪૮ પર આવેલ તાપી બ્રિજની જમણી સાઇડ તરફથી જતા વાહનો હાલમાં કાર્યરત રૂટનો જ ઉપયોગ ચાલુ રહેશે.

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI), પરિયોજના કાર્યાન્વયન યુનિટ, સુરતનાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઇ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૩/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કા કરી આપવામાં આવેલ છે.

---------------

## જાહેરનામું

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું::**

નં.એમએજી/સીક્યુરીટી ગાર્ડ/જાહેરનામું/વશી.૬૯૫૩ થી ૬૯૮૬/૨૦૨૫.–સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના કર્મચારીઓ કે તેના ગાર્ડ પોતાના લાયસન્સવાળા હથિયારો લઈને જાહેર જગ્યામાં ફરે છે અને તેઓ પોતાના હથિયારોનો ઉપયોગ જમીનના વિવાદોમાં, લોનના હપ્તા ઉઘરાવવામાં કરતા હોય છે. આ કામે તેઓ હથિયારો બીજા રાજયમાંથી ઓલ ઈન્ડિયા લાયસન્સ મેળવી તેનો સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઉપયોગ કરે છે. જેને લઈને ઘણા-ખરા બનાવોમાં બિનજરૂરી કારણ વગર આડેધડ ફાયરીંગ કરવાના કે જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ તેની ફરજ બજાવતા ત્યારે તેની ફરજ દરમ્યાન સંબંધિત કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ કે મિલકત સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓ આચરવાના બનાવ બનવા પામેલ છે. તો કેટલાક કિસ્સામાં આવા પરપ્રાંતિય હથિયાર ધારક ઈસમ બનાવટી લાયસન્સથી પણ હથિયાર મેળવી સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ. તેના પર નિયંત્રણ હોવું જરૂરી છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં સિક્યુરીટી કંપની ચલાવતા માલિકો/સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આવા પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તેમજ લાયસન્સ જે-તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેક્ટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં આવેલ તમામ રાષ્ટ્રીયકૃત/ખાનગી/સહકારી બેન્કોએ પોતાની બેન્કોમાં તેમજ એ.ટી.એમ. મશીન ઉપર ફરજ બજાવતા ખાનગી સિક્યુરીટી એજન્સીના હથિયારી/બિનહથિયારી ગાર્ડનો બાયોડેટા સહિતની માહિતી ફરજીયાત પણે નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. તેમજ હથિયારી ગાર્ડ હોય તો હથિયાર તથા લાઇસન્સની વિગતો નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. બેન્કમાં ફરજ બજાવત ગાર્ડની માહિતી રજુ કરવાની જવાબદારી બેન્ક મેનેજર/સંચાલકની રહેશે.

ઉપરોક્ત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ ગાર્ડ વાઇઝ અલગ-અલગ ભરવાની રહેશે.

| અ.નં. | વિગત | |
|---|---|---|
| ૧. | સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ/માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર | |
| ૨. | પરપ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી/બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો. સ્ટે.નું નામ, હાલનું સરનામું, ટેલીફોન નંબર | |
| ૩. | સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર | |
| ૪. | નોકરીએ રાખ્યાની તારીખ | |
| ૫. | કોના રેફરન્સ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂનામ, સરનામું | |
| ૬. | હથિયારી તથા ગનમેનના લાયસન્સની વિગત તથા ગનની વિગત | |
| ૭. | લાયસન્સની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ | |
| ૮. | સિક્યુરીટી ગાર્ડનો ફોટો | |

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૨૩/૦૬/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૨૨/૧૦/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૨/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

---------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું.**

નં.એમએજી/ગેસ્ટહાઉસ/જાહેરનામું/વશી.૬૯૮૭ થી ૭૦૨૦/૨૦૨૫.–હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભૂતકાળમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક પ્રવૃત્તિ કરતા તત્વો લોકો સાથે ભળી ગીચ વસ્તીવાળા વિસ્તારમાં આવેલ હોટલ, લોજ, ગેસ્ટ હાઉસ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતીનો ભંગ થાય, માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર કે લોકોની ખાનગી સંપતિને નુકશાન થાય તે પ્રકારની પ્રવૃતિ કરવાની કોશીષ કરતા હોય છે. તેમજ સુરત ગ્રામ્ય જીલ્લામાંથી અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પણ પસાર થાય છે. જેથી આવા હોટલ/ગેસ્ટ હાઉસમાં ત્રાસવાદી સંગઠનના માણસો રોકાઇ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપવાની સંભાવના રહેલી છે. આ સંજોગોમાં આવા તત્વો બાબતે સંપુર્ણ માહિતી મેળવી શકાય તેમજ તેમના ઉપર અંકુશ લાવી શકાય તે સારૂ હોટલ, ગેસ્ટ હાઉસના માલિકો/સંચાલકોનો સહકાર બહુ જ અગત્યનો છે. આ અંગે ગેસ્ટહાઉસ/હોટલના માલિકોએ નિયમોનું પાલન કરવા તેમજ હોટલ/ગેસ્ટ હાઉસના માલિકોએ ગ્રાહકની રજીસ્ટરમાં એન્ટ્રીની સાથે દરેક હોટલ પોતાના રીસેપ્શન ઉપર ઇન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવુ જેમાં PATHIK (Programe for Analysis of Traveller & Hotel innformatik) સોફ્ટવેરમાં એન્ટ્રી કરવાની રહેશે.

બહારના રાજયોમાંથી કે પરદેશથી આવતા આવા ગુનાહિત માનસ ધરાવતા તત્વો કે ઈસમો કોઈના મકાન ભાડે રાખીને અથવા હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટહાઉસ વિગેરેમાં મુસાફર તરીકે રોકાય જે-તે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને પોતાની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપી સરકારી, ખાનગી માલ-મિલ્કતનો તેમજ લોકોની જાનહાની થાય તેવું કૃત્ય કરતા લોકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટહાઉસ ભાડેથી આપતા માલિકો/સંચાલકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં આ પ્રકારની મિલ્કત ધરાવતા માલિકોએ, સંચાલકોએ મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટહાઉસમાં કોઈ પણ વિદેશીઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય આવી કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ કે

ગેસ્ટહાઉસ તેના સંચાલકો/માલિકો દ્વારા ભાડે આપી શકશે નહિ.

૧. હોટલ, લોજ, ગેસ્ટહાઉસ, બોર્ડીંગમાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહીતની વિગતો લેવી.

૨. વિદેશી નાગરીકના પાસપોર્ટ, વીઝા અને ભારતમાંના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

૩. વિદેશી નાગરીકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ ના નિયત નમુના મુજબના ફોર્મમાં નજીકના પોલીસ સ્ટેશનમાં તથા એસ.ઓ.જી. શાખા કોસમાડી પાટીયા ખાતે ૨૪ કલાકમાં રિપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

૪. અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ, ગેસ્ટહાઉસ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

૫. વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નકકર પુરાવા મેળવવા.

૬. સુરત જીલ્લામાં કઈ જગ્યાએ, કયા કામ માટે, કોને-કોને મળવાના છે? કેટલો સમય રોકાવવાના છે ? તેની તેમજ વિદેશી નાગરિકોનો મોબાઈલ નંબર સહિતની સંપુર્ણ વિગત મેળવી રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

૭. કોઈપણ મુસાફરની હીલચાલ શંકાસ્પદ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

૮. હોટલ, લોજ, ગેસ્ટહાઉસ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી.ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

૯. હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટહાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે. તેમજ દરેક મુસાફરો પાસેથી ફોટો આઈ.ડી. પ્રુફ (ઓળખપત્ર) વેરીફાઈ કરી તેની નકલ મેળવી રાખવાની રહેશે.

૧૦. હોટલ/ગેસ્ટ હાઉસના માલિકોએ ગ્રાહકની રજીસ્ટરમાં એન્ટ્રીની સાથે દરેક હોટલ પોતાના રીસેપ્શન ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવુ જેમાં PATHIK (Programe for Analysis of Traveller & Hotel innformatik) સોફ્ટવેરમાં કરવાની રહેશે.

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૨૩/૦૮/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૨૨/૧૦/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૨/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

---

**જાહેરનામું**

**:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું ::**

નં.એમએજી/ભંગારીયા/જાહેરનામું/વશી.૭૦૨૧ થી ૭૦૫૪/૨૦૨૫.–હાલના પ્રવર્તમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ બનાવો તેમજ ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ ધ્યાને લેતા જણાય છે કે, સુરત ગ્રામ્ય જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય, જેમાં રોજગારી અર્થે પરપ્રાંતીય માણસો આવીને રહે છે અને સુરત ગ્રામ્ય જિલ્લાના પો.સ્ટે. વિસ્તારોમાં ધાડ, લુંટ, ઘરફોડ, ચોરી જેવા મિલકત સબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. આ ભંગારના ધંધો વાળા ઇસમો ભંગારનો માલસામાન કોઈપણ વ્યકિત પાસેથી ખરીદતા હોય છે. જેના કારણે ભંગાર ઉઘરાવવાની ફેરી કરતા ઇસમો નાની મોટી ચોરીઓ કરી ભંગાર વેચાણ કરે છે. આવા પ્રકારની ચોરીનો માલ ભંગારનો ધંધો કરનાર ઇસમો રાખતા હોય પરંતુ લોકો કાયદેસરની પ્રક્રીયામાં પડવાના લીધે આવી નાની ચોરીઓની ફરીયાદો પણ કરતા હોતા નથી. ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો પૈકી મોટાભાગના ઇસમો પરપ્રાંતીયો હોય છે અને આવા ઇસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. સુરત ગ્રામ્ય જિલ્લામાં ચોરી, ધાડ, લુંટ, મિલકત સબંધી ગુનાઓ નોંધાય છે અને જેમાં ખાસ કરીને ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઇસમો મિલકત સબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ સુરત ગ્રામ્ય વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઇસમો ઉપર નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલા ઇસમો દ્વારા ભંગાર વેચવામાં કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સૂચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

1. ભંગારનો ધંધો કરતા ઇસમો જે જગ્યાએ ધંધો કરે છે. તે જગ્યા જો પોતાની માલીકીની હોય તો માલીકી પણાના દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડાકરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

2. ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઇસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ લાવીને રાખવુ તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાનું પણ પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાનું રહેશે.

3. ભંગારના ધંધોમાં જેટલા માણસો કામે રાખેલ હોય તેઓના મુળ વતનના તેમજ જ્યાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવી રાખવાના રહેશે.

4. ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઇસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઇ.ડી. પ્રુફની નકલ આપવાની રહેશે.

5. ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઇસમોએ કોઇ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ધ્યાન ઉપર આવે ત્યારે તુરંતજ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

6. ભંગારનો ધંધો કરતા ઇસમો, ભંગારની ફેરી કરતા ઇસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઇસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે. તે વ્યકિતના આઇ.ડી. પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

7. જયારે કોઇપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૨૩/૦૮/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૨૨/૧૦/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૨૨/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

---------------------

**જાહેરનામું**

**:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું. ::**

નં.એમએજી/સીસીટીવી/જાહેરનામું/વશી.૭૦૫૫ થી ૭૦૮૮/૨૦૨૫.–હાલના પ્રર્વતમાન સંજોગો તથા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તથા અન્ય રાજયો કે દેશ બહારથી આવતા આંતકવાદી અને સમાજ વિરોધી માનસ ધરાવતા રાષ્ટ્ર વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળી કે લોકોની અવર-જવર વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગુનાહિત પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેને લઈને નાગરીકોમાં અસુરક્ષાની ભાવના પેદા થાય છે. જેથી લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને નુકશાન થવા ઉપરાંત માનવ જીંદગીની ખુવારી પણ થાય છે. લોકોની ખાનગી કે જાહેર માલ મિલ્કતને આ પ્રકારે નુકસાન ન થાય તથા માનવ જીંદગીની ખુંવારી ન થાય કે અસુરક્ષાની

ભાવના ઉભી ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે સુરત ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, ગેસ સ્ટેશનો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ટોલ પ્લાઝા, પાર્કિંગ, એ.ટી.એમ. વિગેરે જગ્યાઓએ નિયંત્રણો મુકવાનું જાહેર સલામતી અને સુરક્ષાના પરિપ્રેક્ષમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં આવેલ તમામ બેંકિંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ઝવેરાત વેચનાર દુકાનો, મલ્ટીપ્લેક્ષ, થિયેટર-સિનેમા, શોપીંગ-કોમર્શીયલ-મોલ સેન્ટરો, પેટ્રોલ પંપ, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, પાર્કિંગ, ટોલ પ્લાઝા, એ.ટી.એમ. વિગેરે એકમો/સ્થળોના માલિકો/ ઉપભોકતાઓ/વહીવટ કર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશવાના તથા બહાર નિકળવાના દ્વાર ઉપર, રિસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા સહીત જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય તેવી અન્ય તમામ જગ્યાઓમાં લોકોની હીલચાલને આવરી લે તેવી રીતે અને તેટલી સંખ્યામાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવતાવાળા, વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહન નંબર વાચી શકાય તેવા) ગોઠવવાના રહેશે તથા સીસીટીવી (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વિથ રેકોર્ડીંગ સિસ્ટમ વાળા તથા સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા નકકી કરેલ ગુણવત્તા વાળા જેવા કે, Image-Colour, Image-Sensor 1.3" Minimum. Support-TCP IP and Remote Monitoring, Resolution-600 TVI. Min. Compression- H.264 MJPEG. System Data Storege- 30 Days min. with Back Light Compensation and Night Vision Capability" ના રાખવા તથા કેમેરા પુરતી સંખ્યામાં અને સીસીટીવી કેમેરાના ફુટેજ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોકતાઓ/વહીવટ કર્તાઓની રહેશે. સીસીટીવી કેમેરાની આ પ્રકારની વ્યવસ્થા ઉપરોકત તમામ કાર્યરત એકમોએ આ જાહેરનામાંની પ્રસિધ્ધની તારીખથી દિન-૭ માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ પોતાની કામગીરી શરૂ કરવાની રહેશે.

-: સીસી ટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા :-

➢ તમામ સંબંધિત એકમોએ,

૧. કોઈપણ જગ્યાની અંદરના તમામ ભાગનું સંપુર્ણ કવરેજ સતત અને સ્પષ્ટ રીતે થાય તે રીતે ગોઠવવા.

૨. પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચેહરા સ્પષ્ટ જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

૩. બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી. ઝેડ કેમેરો ગોઠવવા.

૪. પાર્કીંગની જગ્યાએ સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

૫. રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાંથી પ્રવેશ/નિકાસ હોય ત્યા તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

૬. ટોલટેક્ષ ઉપર વાહનનો પ્રકાર, વાહનનો નંબર વાંચી શકાય અને તેમાં બેઠેલા વ્યકિતઓના ચહેરા જોઇ શકાય તે રીતેના નાઇટવિઝનના કેમેરા ગોઠવવા.

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૨૩/૦૮/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૨૨/૧૦/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૨/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

---

**જાહેરનામું**

**સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું.**

નં.એમએજી/ભાડાની મિલ્કત જાહેરનામું/વશી.૭૦૮૯ થી ૭૧૨૨/૨૫-હાલના પ્રવર્તમાન સંજોગોમાં તથા ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને ભૂતકાળમાં સુરત શહેરમાં મળી આવેલ બોમ્બ તથા અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાના ગભીર બનાવોથી જણાય છે કે, આવુ કૃત્ય કરનાર ત્રાસવાદી અસામાજીક તત્વો ગીચ વસ્તીવાળા વિસ્તારો, ઔદ્યોગિક વિસ્તારો, માર્કેટો (કોમર્શીયલ કોમ્પલેક્ષ) માં ગુપ્ત આશરો મેળવી આંતકવાદી પ્રવૃત્તિ કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. જેથી જાહેર સંપત્તિ તેમજ લોકોની ખાનગી સંપત્તિને નુકશાન થાય માનવ જીંદગીની ખુવારી થાય તેવા ગુન્હાહિત કૃત્યો કરી જાહેર જનતાની સલામતી અને શાંતિમાં જોખમ ઉભું કરે છે.

દેશના અન્ય રાજયમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો પોતાનો હેતુ પાર પાડવા કોઈના મકાન, ધંધાના એકમો, દુકાનો, ઓફિસ ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તાર વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી આપવામાં આવતા રહેણાંક મકાન, ધંધાના એકમો, ઔદ્યોગિક એકમો, દુકાન, ઓફિસ વગેરેના માલિકો ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, ભારતીય નાગરિક સુરક્ષા સહીતા-૨૦૧૩ (3NSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં કોઈ રહેણાંક મકાન/દુકાન/ઓફિસ કે ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/ દુકાન/ ઓફિસ ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યકિત, જયારે મકાન/ દુકાન/ ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપે કે આપેલ છે. તેવા મકાન/ દુકાન ઓફિસ/ ઔદ્યોગિક એકમોના માલીકો/ સંચાલકોએ માહિતી તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં કોઈ મકાન/ દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકો અગર તો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમોના માલિકો કે સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યકિત જયારે મકાન/દુકાન/ઓફિસ/ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન/દુકાન/ ઓફિસ/ ઔદ્યોગિક એકમો ભાડે આપી શકાશે નહીં હવે પછી ભાડે આપવાના હોય તેવા મકાન/દુકાન/ઓફિસ/ ઓદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી તૈયાર કરી મકાન દુકાન/ઓફિસ અને ઔદ્યોગિક એકમોના માલિકો/સંચાલકોએ જે તે વિસ્તારના સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

| અ નં. | માલિકનું નામ, સરનામુ, ધંધાની વિગત, ટેલીફોન/ મોબાઈલ નંબર | કર્મચારી/ કારીગર/ મજુરનું પુરૂ નામ, ઓળખ, ચિન્હો, હાલનું પુરૂ સરનામુ, ટેલીફોન નંબર | કર્મચારી/ કારીગર/ મજુરની નાગરિકતા ની વિગત | અન્ય દેશની નાગરીકતા ધરાવતા કર્મચારી/ કારીગર/ મજુરની વિઝાની વિગત | કામે રાખેલ નોકરના મૂળ વતનનું સરનામુ, ટેલીફોન નંબર | કર્મચારી/ કારીગર/ મજુરને નોકરીએ રાખ્યાની તારીખ | કર્મચારી/ કારીગર/ મજુર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલીકનું પુરૂ નામ, સરનામુ | કર્મચારી/ કારીગર/ મજુરને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામુ | કર્મચારી/ કારીગર/ મજુરના બે થી ત્રણ સગા સંબંધિઓના પુરા નામ, સરનામા વતન સહિતના | કર્મચારી/ કારીગર/ મજુરનો ફોટો | હથિયાર ધરવતા હોય તો તેની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૨૩/૦૮/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૨૨/૧૦/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૨/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

**વિજય રબારી**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
સુરત

---------------

**વંચાણે લીધુ :-**

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૦/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફલાય ઝોન/૫૭૭૮ /૨૦૨૫.

**:- જાહેરનામું :-**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNNS) ની કલમ-૧૬૩ અન્વયે.**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ.આર.૧૫૯/૨૦૨૫.–આમુખ-(૧)ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૦/૦૮/૨૦૨૫ના પત્રથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા.૨૬/૦૮/૨૦૨૫ના રોજ ૦૯/૫૦ વાગે સચિવાલય, ગાંધીનગર હેલીપેડથી હેલીકોપ્ટર મારફતે નીકળી કલાક ૧૦/૨૦ વાગે હાંસલપુર હેલીપેડ ખાતે પધારનાર છે. તેમજ હાંસલપુર પો.સ્ટેની હદની સુઝુકી કંપની ખાતે ઈલેક્ટ્રીક વાહન બેટરી નિકાસ અને હાઈબ્રીડ બેટરી ઈલેક્ટ્રોડના ઉત્પાદનના ઉદ્‌ઘાટનના કાર્યક્રમમાં પધારનાર છે. તેમજ કલાક ૧૨/૧૫ વાગે કાર્યક્રમ પૂરો કરી હાંસલપુર હેલીપેડ થી હેલીકોપ્ટર મારફતે અમદાવાદ એરપોર્ટ જવા રવાના થનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૨૬/૦૮/૨૦૨૫ના રોજ સવારના કલાક ૦૭:૦૦ થી કલાક ૨૦:૦૦ સુધી હાંસલપુર પો.સ્ટેની હદના ઉપરોકત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને “NO DRONE FLYING ONE” તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરૂરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNNS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને “NO DRONE FLYING ZONE” જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઈ ફરમાવું છું.

**-: અપવાદ :-**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપુ છું.

**-: વિસ્તાર :-**

હાંસલપુર પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર.

**-: સમયગાળો :-**

આ જાહેરનામું તા.૨૬/૦૮/૨૦૨૫ના સવારના ૦૭:૦૦ કલાકથી ૨૦:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**-: શિક્ષા:-**

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૨/૦૮/૨૦૨૫ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

---------------------

**વંચાણે લીધુ :-**

પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય) ની કચેરીના પોલીસ ઈન્સપેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./કર્મચારી નોંધણી/જાહેરનામું/૧૭૫૮/૨૦૨૫, તા.૨૦/૦૮/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/કર્મચારી નોંધણી/એસ.આર:-૧૬૦/૨૦૨૫.–આમુખ-(૧)ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૦/૦૮/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ઔદ્યોગિક કારખાના અને તેમાં કાર્યરત કંપનીઓના કર્મચારીઓની સુરક્ષા વ્યવસ્થાની દૃષ્ટિએ તથા ગુનાહિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખવા માટે, અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, બાંધકામ કાર્યો તથા અન્ય કારખાનાઓમાં કામ કરતા કર્મચારીઓ જેઓને રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અનુસરવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે દેશ/રાજયની આંતરિક સુરક્ષા માટે અનિચ્છનિય હોય તેવા ઈસમોને લાવનાર કોન્ટ્રાકટરો/મુકાદમો/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેક્ટરી/કારખાના ઉપર ચોકકસ પ્રકારનાં નિયંત્રણો મૂકી શકાય તેમજ તે ક્ષેત્રે જોડાયેલા સુપરવાઈઝરો તથા કોન્ટ્રાક્ટરો તેમજ કંપનીઓ દ્વારા નીચે મુજબની માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં ફરહિયાત નોંધણી કરાવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ થી મને મળેલ અધિકારની રૂઈએ તા.૨૨/૦૮/૨૦૨૫ થી તા.૨૦/૧૦/૨૦૨૫ સુધી કુલ દિન ૬૦ના સમયગાળા માટે અથવા કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામના નામ, સરનામાં/સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામું ટેલીફોન/મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચિત સગા, સબંધીઓના નામ, સરનામા અને ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

(૩) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયરાન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઇપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ ગ્રામ્યને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાક્ટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાક્ટરોથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

**સમયગાળો**

આ જાહેરનામું તા.૨૯/૦૮/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦/૦૦ થી તા.૨૭/૧૦/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અવ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રીના સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ તા. ૨૮/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

**બી.આર.સાગર**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અમદાવાદ.

----------------

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૧૮૪૦/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરનાઓના પત્ર ક્રમાંક:LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯ /૨૦૨૫ થી જિલ્લાના શહેરી તેમજ અંતરીયાળ વિસ્તારોમાં આવેલ હોટલ/ગેસ્ટહાઉસમાં ત્રાસવાદી સંગઠનોના કે અન્ય ક્રિમીનલ માણસો રોકાય અને ત્રાસવાદી કે ક્રિમીનલ પ્રવૃત્તિને અંજામ આપવાની સંભાવનાઓ રહેલી છે. આ સંજોગોમાં આવા તત્ત્વો બાબતે સંપુર્ણ માહિતી મેળવી શકાય તેમજ તેના ઉપર અંકુશ લાવી શકાય તે અંગે હોટલ/ગેસ્ટહાઉસના માલિકો/સંચાલકોએ નિયમોનું પાલન કરવા તેમજ હોટલ/ગેસ્ટહાઉસ રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું કોમ્પ્યુટર, સ્કેનર રાખવા તેમજ અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ Pathik (programme for Analysis of Traveller and Hotel Informatics) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું તા.૧૯/૦૯/૨૦૨૫ થી ૧૭/૧૧/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની દરખાસ્ત અન્વયે ત્રાસવાદી/ અસામાજિક તત્વો હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખી જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુનાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા તમામ હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળાના માલિકો પણ તંત્રને મદદરૂપ બની શકે તેવા શુભ આશયથી જિલ્લામાં આવેલ તમામ હોટલો, ગેસ્ટહાઉસો કે ધર્મશાળાના માલિકો દ્વારા રૂમો ભાડે આપતા પહેલા રૂમ ભાડે રાખનાર પાસેથી તેઓની ઓળખાણના પુરાવા જેવા કે ઓળખકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, પાનકાર્ડ વિગેરેની નકલ મેળવીને જ રૂમ ભાડેથી આપે અને તે માટેનું અલાયદું રજિસ્ટર નિભાવે તે અત્યંત આવશ્યક છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હુકમ નં. એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

**કૃત્યો**

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં આવેલ હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળાના માલિકો દ્વારા તેમાં રહેવા આવતા નાગરિકોને રૂમો ભાડેથી આપે ત્યારે રૂમમાં રહેતા દરેક નાગરીકોની પ્રવેશ અંગે રાખવામાં આવતા ઈલાયદા રજિસ્ટરોમાં નોંધ કરી તે દરેક વયના નાગરીકોના ઓળખના પુરાવા જેવા કે, ઓળખકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, પાન કાર્ડ વિગેરેની નકલ મેળવીને જ રૂમ ભાડેથી આપવામાં આવે તેમજ તે અંગેની જાણ ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૨. દરેક હોટલ/ગેસ્ટહાઉસના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું કોમ્પ્યુટર, સ્કેનર રાખવામાં આવે.

૩. અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ Pathik (Program for analysis of traveller & hotel informatics) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી તેમાં રોજરોજની વિગતો અપલોડ કરી અદ્યતન રાખવામાં આવે.

**સમયગાળો**

આ હુકમ તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા.૧૭/૧૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

----------------

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૧૮૪૧/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક: LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫ થી આગામી દિવસોમાં ધાર્મિક તેમજ રાષ્ટ્રીય તહેવારો આવનાર હોઇ, આવા તહેવારોના સમયગાળા દરમિયાન અસામાજિક તત્વો જિલ્લા વિસ્તારમાં અન્ય શહેર, રાજ્ય કે દેશમાંથી આવી કોઇના મકાન ભાડે રાખી રહેતા હોય છે. જેનાથી ગુનાહિત પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા.૧૭/૧૧/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં. એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

છોટાઉદેપુર જિલ્લા વિસ્તારમાં કોઇ વ્યક્તિ કે સંચાલકો મકાન/ઔધોગિક એકમો/ઓફિસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજ વિગેરે ભાડે આપે ત્યારે તથા ઘરઘાટી/ મજુરો રાખે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત, ભાડૂઆત, અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નં. | મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગતઃ- કયા વિસ્તારમાં, કેટલા ચો. મી. બાંધકામ? | મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ | મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસિક ભાડુ કેટલું? | જે વ્યક્તિઓને મકાન ભાડે આપેલ છે તથા ઘરઘાટી તરીકે રાખેલ હોય તો તેમના પાકા નામ, સરનામા, મોબાઇલ નંબર, ફોટા, પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાઇસન્સ, પાનકાર્ડ તથા આધાર કાર્ડ પુરાવા રૂપે સાથે રાખવા | મકાન માલિકે ભાડૂઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, મોબાઈલ નંબર, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાઇસન્સ તથા પાનકાર્ડ, આધાર કાર્ડ પુરાવા રૂપે સાથે રાખવા |
|---|---|---|---|---|---|

**અમલવારીનો વિસ્તાર**

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**અમલવારીનો સમય**

સદરહું જાહેરનામું તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા.૧૭/૧૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત)

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઇસમ વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોકકસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉકત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

----------------

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૧૮૪૨/૨૦૨૫—પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં વિભિન્ન પ્રકારના મિલ્કત સંબંધી ગુનાઓ જેવા કે વાહનચોરી, ઘરફોડ ચોરી, જેવા ગુનાઓ બનતા હોય છે. જેથી જાહેર સ્થળોમાં લગાવવામાં આવેલ સી.સી.ટી.વી કેમેરા ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તથા ઇન્વેસ્ટીગેશનમાં ઉપયોગી અને મહત્વની કડીરૂપ બને છે.

જેથી અત્રેના છોટાઉદેપુર જિલ્લામાં જ્વેલર્સની દુકાનો તથા તમામ પ્રકારની દુકાનો, તમામ સરકારી તથા ખાનગી બેંકો, એ.ટી.એમ., ખાનગી હોસ્પિટલો, આંગડીયા પેઢી, શોપીંગ કોમ્પલેક્ષ, કોમર્શીયલ સેન્ટર આ જગ્યાઓના પાર્કિંગ/ભોંયરુ તથા ૧૦ થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતા રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/લોજીંગ બોડીંગ/ધર્મશાળા/અતિથિ ગૃહ/વિશ્રામગૃહ/પેટ્રોલપંપ/બહુમાળી બિલ્ડીંગ/પાવર હાઉસ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતા વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તથા ગાડીઓનાં નંબર પણ સ્પષ્ટ રીતે દેખાય તેવા સી.સી.ટી.વી. કેમેરા લગાવવા સારૂ તથા સી.સી.ટી.વી. નું રેકોર્ડિંગની જાળવણી દિન-૩૦ સુધી સંગ્રહ કરી શકાય તથા હોટલ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ વિગેરે જગ્યાઓએ મુસાફરોની જરૂરી આઈ.ડી./એડ્રેસ/મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશનના નંબરોની રજીસ્ટરમાં નોંધ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું તા.૨૪/૦૯/૨૦૨૫ થી તા.૨૨/૧૧/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં. એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબની જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી કેમેરા ગોઠવવા આથી હુકમ કરૂ છું.

(૧) જવેલર્સની દુકાનો તથા તમામ પ્રકારની દુકાનો, સરકારી તથા ખાનગી બેંકો, એટીએમ, ખાનગી હોસ્પિટલો, આંગડીયાપેઢી, શોપીંગ કોમ્પ્લેક્ષ/ થિયેટર્સ/કોમર્શીયલ સેન્ટર ઉપર સિક્યુરીટીને ધ્યાને લઇ પ્રવેશ દ્વાર પર ઉપર સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાઓના પાર્કીંગ/ભોંયરૂં/તમામ માળ ઉપર સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરવી. જેમાં Image-color, image sensor 1/3 minimum, support-TCP/IP and remote monitoring, Resolution-600 TVL Min, Compression-H.264/MJPEG, System data storage-30 days min, With back light compensation and night vision capability વાળા સી.સી.ટી.વી કેમેરા ગોઠવવા.

(૨) ૧૦ થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતા રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/લોજીંગ બોર્ડીંગ/ધર્મશાળા/અતિથી ગૃહ/વિશ્રામ ગૃહ/પેટ્રોલ પંપ/બહુમાળી બિલ્ડીંગ/ પાવર હાઉસ વિગેરે ઉપર સી.સી.ટી.વી કેમેરા લગાડવા, તથા ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતા વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તથા ગાડીઓના નંબર પણ સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરવી. સી.સી.ટી.વી કેમેરાના રેકોર્ડીંગની જાળવણી દિન-૩૦ સુધી સંગ્રહ કરવી.

(૩) હોટલ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ વિગેરે જગ્યાઓએ મુસાફરોની જરૂરી આઇ.ડી/ એડ્રેસ/ મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશન નંબરોની રજીસ્ટરમાં નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

**અમલવારીનો વિસ્તાર**

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**અમલવારીનો સમય**

સદરહુ જાહેરનામું તા.૨૪/૦૯/૨૦૨૫ થી તા.૨૨/૧૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત)

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

----------------

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૧૮૪૩/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક: LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫ થી છોટાઉદેપુર જિલ્લામાં હાલના સંજોગો તેમજ ભૂતકાળમાં બનેલ બનાવોને ધ્યાને લેતાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જિલ્લામાં બનતા ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, પાળીયા, ધારીયા, તલવાર તથા રામપુરી ચપ્પાના ઉપયોગ આવા હથિયારોથી બનેલ છે. ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતા નકારી શકાય તેમ નથી આવા ગંભીર પ્રકારના બનતા બનાવોના કારણે જાહેરશાંતિ અને સલામતિ જોખમાય નહી તે હેતુસર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું તા.૧૯/૦૯/૨૦૨૫ થી ૧૭/૧૧/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું, શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**કૃત્યો**

શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર (અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણી વાળુ પાનું હોય) જેવા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વ બચાવ સિવાય સાથે રાખીને ફરવાની મનાઈ.

**વિસ્તાર**

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

**અમલવારીનો સમયગાળો**

આ હુકમ તા.૧૯/૦૯/૨૦૨૫ થી ૧૭/૧૧/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**અપવાદ**

આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવુ કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહિ.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

----------------

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૧૮૪૪/૨૦૨૫–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક: LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫ થી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના કાર્યક્ષેત્ર વિસ્તાર જેવા કે જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદનમાં આવેલ તમામ સરકારી કચેરીઓ, તાબાની પ્રાંત કચેરીઓ, તાલુકામી મામલદાર કચેરીઓ નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે. અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિ ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિ/ઈસમો પ્રવૃત્તિ કરી રહેલ હોવાથી આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા બાબતે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું તા.૧૯/૦૯/૨૦૨૫ થી ૧૭/૧૧/૨૦૨૫ જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪થી મને મળેલ સત્તાની રૂએ આથી નીચે પ્રમાણે હુકમ કરૂ છું.

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદનમાં આવેલ સરકારી કચેરીઓ, તાબાની પ્રાંત કચેરીઓ, તાલુકાની મામલતદાર કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**અમલવારીનો વિસ્તાર**

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**અમલવારીનો સમય**

સદરહુ હુકમ તા.૧૯/૦૯/૨૦૨૫ થી ૧૭/૧૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત)

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

----------------

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૧૮૪૫/૨૦૨૫–પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫ થી જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવાસદન/નગરપાલિકાએ પોતાના કામ અર્થાત નાગરીકોને કોઇ અગવડ ન પડે તે માટે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું તા.૨૧/૦૯/૨૦૨૫ થી ૧૯/૧૧/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં. એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી નીચે પ્રમાણે હુકમ કરૂ છું.

જિલ્લા સેવા સદન છોટાઉદેપુર તથા જિલ્લાના છોટાઉદેપુર, બોડેલી, નસવાડી, જેતપુરપાવી, ક્વાંટ તથા સંખેડા તાલુકા સેવા સદન, છોટાઉદેપુર નગરપાલિકાની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવાસદન/નગરપાલિકા ખાતેના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય, અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થઈને કોઈ મંડળી બનાવી ધરણા, આવેદનપત્ર આપવા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા, સંગઠીત થઈ રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવું છું.

**અમલવારીનો સમય**

સદરહુ હુકમ તા.૨૧/૦૯/૨૦૨૫ થી ૧૯/૧૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત)

**અમલવારીનો વિસ્તાર**

છોટાઉદેપુર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**અપવાદ**

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતુ નથી.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવનાર

તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

---------------

**વાંચ્યા:-**

(૧) પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૧૮૪૬/૨૦૨૫.–વંચાણે-૧ થી રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બે બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેર પાર્ટોનો ઉપયોગ આ તત્વો ધ્વારા કરાતો હોય છે અને આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના પરપ્રાંતીય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ ભંગારનો સામાન ખરીદવા-વેચવા અંગે જો એક જાહેરનામું જાહેર જનતા હિત માટે બહાર બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો ધ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય. જેથી કોઈપણ જુનો ભંગારનો સામાન વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિઓએ રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા વેચાણ/ખરીદ કરેલ ભંગારના સામાનની વિગતો રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં. એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં કોઈપણ જુનો ભંગારનો સામાન વેચનાર વ્યકતિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના નમુનામાં રજીસ્ટર નિભાવવા તથા વેચાણ/ખરીદ કરેલ ભંગારના સામાનની વિગતો રાખવા ફરમાવું છું.

| અ.નં. | ભંગાર લાવનારનું આઈડી પ્રુફની વિગત | ભંગાર કોની પાસેથી લાવ્યા તેનું નામ, સરનામું મોબાઈલ નંબર | ભંગાર કઈ તારીખે લાવ્યા | કેવા-કેવા પ્રકારનો ભંગાર લાવવામાં આવેલ તેની વિગત | ભંગાર કોને વેચવામાં આવ્યો તેનું નામ, સરનામું મોબાઈલ નંબર | ભંગાર કઈ તારીખે વેચવામાં આવ્યો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |

**વિસ્તાર**

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

**અમલવારીનો સમયગાળો**

આ હુકમ તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,

૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજરોજ તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

----------------

**વાંચ્યા:-**

(૧) પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.

## જાહેરનામું

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૧૮૪૭/૨૦૨૫.–વંચાણે-૧ થી રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈન્પુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બે બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની યોગ્ય ચકાસણી ના અભાવે તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે. અને તે સીમકાર્ડો આધારે રાજ્ય તેમજ જિલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી અપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહીતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુટ-ધાડ, ચીલઝડપ, વિગેરે ગુનાઓને અંજામ આપતા હોય તે બાદમાં ગુન્હામાં વપરાયેલ મોબાઈલ અન્વયે વેચી દેતા હોય જે ભૂતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન તથા સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઇલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોંચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતોને ધ્યાને રાખી જિલ્લાના મોબાઈલ/સીમકાર્ડ ડિસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઇલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચવા સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં. એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં આવેલ તમામ મોબાઈલ/સીમકાર્ડ ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર વ્યકિતનુ માન્ય ઓળખાપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દર્તાવેજોનો ચુકવવા તેમજ સીમકાર્ડ તથા મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીનું નીચે મુજબના નમુનામાં રજીસ્ટર નિભાવવા તથા વેચાણ-ખરીદ કરેલ ભંગારના સામાનની વિગતો રાખવા ફરમાવું છુ.

**મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/ કંપની નામ | IMEI No. | મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ અને સરનામાની વિગત | આઈ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

**નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ.નં. | મોબાઈલ ફોનની વિગત/ કંપની | IMEI No. | મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાંની વિગત | આઈ.ડી. પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

**નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર**

| અ.નં. | સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ | સીમકાર્ડ નંબર | સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાની વિગત | આઈ.ડી. પ્રુફની વિગત | સીમ કાર્ડ ખરીદનારની સહિ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

**વિસ્તાર**

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

**અમલવારીનો સમયગાળો**

આ હુકમ તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજરોજ તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

----------------

**વાંચ્યા:-**

(૧) પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.**

નં.એમએજી/વશી/૧૮૪૮/૨૦૨૫.–વંચાણ-૧ થી રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેર પાર્ટોનો ઉપયોગ આ તત્વો ધ્વારા કરાતો હોય છે અને આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના પરપ્રાંતીય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ નીચે જણાવેલ શરતો ને આધિન રહી જુના સ્કુટર તેમજ સાયકલો ખરીદવા-વેચવા અંગે જો એક જાહેરનામું જાહેર જનતાના હિત માટે બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો ધ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય. જેથી કોઈપણ જુની કાર સાયકલ અને સ્કુટર વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા વેચાણ/ખરીદ કરેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ પણ રાખવાની રહેશે. તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં. એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં કોઈપણ જુની કાર સાયકલ અને સ્કુટર વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા વેચાણ/ખરીદ કરેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ પણ રાખવા ફરમાવું છું.

| અ.નં. | વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ. | ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર. | ખરીદનારનું આઇ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત. | જુનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ. | એન્જીન/ચેચીસ નંબર/ મોડલ નંબર/રજીસ્ટેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

**વિસ્તાર**

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

**અમલવારીનો સમયગાળો**

આ હુકમ તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

**સજા**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજરોજ તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

**શૈલેષ ગોકલાણી, GAS,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

----------------

**જાહેરનામું**

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::**

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૪૩૪૭ થી ૪૩૭૬/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં. એલઆઈબી/ફટાકડા-ડ્રોન ઉ.પ્રતિ. જાહે./૧૮૨૬/૨૦૨૫, તા.૧૪/૦૮/૨૦૨૫ મુજબ હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા તથા ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, વિ. કે. જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત સમય ::**

આ હુકમ તા.૨૨/૦૮/૨૦૨૫ના ક.૦૦.૦૦ થી તા.૦૫/૦૯/૨૦૨૫ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

:: **વિસ્તાર**::

સમગ્ર ડાંગ જિલ્લો

:: **શિક્ષા** ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત મુજબનુ કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આજ તા. ૨૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

---

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.**

ક્રમાંક:ફજદ/જા.ના./CCTV/વશી-૪૩૭૭ થી ૪૪૦૮/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના જા.નં. SOG/CCTV/જાહેરનામું/૮૪૦/૨૦૨૫ તા.૦૪/૦૮/૨૦૨૫ના પત્રની વિગતે ભૂતકાળમાં ડાંગ જિલ્લામાં સોના, ચાંદીની દુકાનમાં લુંટના ગુન્હો બનેલ તેમજ મોબાઇલ શો રૂમ માંથી મોબાઈલ ચોરીના રાત્રીનાં ગુન્હા બનેલ હતા, તાજેતરમાં રહેણાંક મકાનો માંથી રાત્રીના સમયે ચોરીના બનાવો બનવા પામેલ છે. વર્તમાનપત્રો અને ટી.વી. ન્યુઝમાં આવા સમાચારો રોજ-બરોજ જોવામાં આવે છે. બેંકો, એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદીનાં શો-રૂમો, જવેલર્સની દુકાનો, સહકારી બેંકો, સારી હોટલો, સાયબર કાફે, કાપડની દુકાનો, ઇમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતી, માર્કેટીંગ યાર્ડ, પેટ્રોલ પંપો, ઈલેકટ્રીક બીલોનાં કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જયાં મોટી રકમની અથવા કિંમતી ચીજ-વસ્તુની લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુન્હેગારો નાંણાની લેવડ દેવડ અને હેરા-ફેરી વખતે થોડા આગળ-પાછળ કે બાજુમાં રહી ગતીવિધી ની દેખ રેખ અને વોચ કરી મોકો મળતાં આવા આર્થિક ગુન્હાઓનો અંજામ આપતાં હોય અને ઘણાં કિસાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજ-વસ્તુ મેળવી લેવા માટે ગુન્હેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતાં અને જાનથી મારી નાંખતા પણ અચકાતા નહીં હોય, આવા ગુન્હાઓ બનતાં અટકે અને બનેલાં ગુન્હાઓ સહેલાયથી શોધી શકાય અને આમ નાગરીક નાં જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જળવાય રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાનયુગની જરૂરીયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લાં એક મહિનાનું બેક-એપ મળી રહે તેવા કેમેરા મુકવાથી ઘણી જ સરળતા રહે તેમ છે, આવા સ્થળનાં માલીકોને નાઈટવિઝન સી.સી.ટી.વી. કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચના કરવામાં આવેલ છે. છતાંપણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ નથી અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ નથી, જેથી સમગ્ર ડાંગ જિલ્લામાં બેંકો, સહકારી બેંકો,/સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદીના શો-રૂમો, જવેલર્સ, ઇમારતી લાકડાનાં મોટા વેપારીઓ, કાપડની દુકાનો, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતી, સાયબર કાફે, ઈલેકટ્રીક બીલનાં કલેકશન સેન્ટર, કુરીયર સર્વિસ વિ.સ્થળો કે જ્યાં રોજ રોજ મોટી રકમની નાણાંકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજ-વસ્તુઓની લે-વેચ થાય છે, તેવા તમામ સ્થળોએ તેમનાં માલીકોને વ્યુહાત્મક સ્થળો એ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, વિ. કે. જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રુએ આથી હુકમ કરું છું કે,

સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં આવેલ નીચે મુજબની તમામ જગ્યાએ સી.સી.ટી.વી.(નાઇટ વિઝન સાથેના) કેમેરા ગોઠવવાના રહેશે.

(૧) તમામ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદીનાં શો-રૂમો, મોટી દુકાનો જવેલર્સની દુકાનો.

(૨) ઈમારતી લાકડાનાં મોટા વેપારીઓ, કાપડની દુકાનો, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતી, સાયબર કાફે, ઈલેકટ્રીક બીલનાં કલેકશન સેન્ટરો. વિ.સ્થળો કે જયાં રોજે રોજ મોટી રકમની નાણાંકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજ-વસ્તુઓની લે-વેચ થાય છે, તેવા તમામ સ્થળો.

સી.સી.ટી.વી કેમેરા હાઈડેફીનેશન/નાઇટવિઝન ધરાવતાં સીસીટીવી કેમેરા માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવી રીતે ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વીના રેકોર્ડીંગ ડેટા ઓછામાં ઓછાં ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/વહીવટકર્તાઓની રહેશે.

**-:અમલવારીનો સમય:-**

આ હુકમ તા.૨૧/૦૮/૨૦૨૫ના ક.૦૦.૦૦ થી તા.૧૮/૧૦/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

**-:વિસ્તાર:-**

સમગ્ર ડાંગ જિલ્લો

**-:શિક્ષા:-**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

------------------

**જાહેરનામું**

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::**

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૪૧૭૪ થી ૪૨૦૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં. એલઆઈબી/ફટાકડા-ડ્રોન ઉ.પ્રતિ. જાહે./૧૭૦૭ /૨૦૨૫, તા.૦૨/૦૮/૨૦૨૫ મુજબ હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા તથા ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, વિ. કે. જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત સમય ::**

આ હુકમ તા. ૦૭/૦૮/૨૦૨૫ થી તા. ૨૧/૦૮/૨૦૨૫ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**:: વિસ્તાર::**

સમગ્ર ડાંગ જિલ્લો

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત મુજબનુ કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આજ તા. ૦૭/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકા હેઠળ હુકમ કર્યો.

**વિ.કે.જોષી**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

----------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.19 17:18:24 IST